# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| (૧) | દક્ષિણ ચાઈના સાગર પર ચીનનો ઐતિહાસિક અધિકાર નથી | ૪ |
| (૨) | ગુજરાત | ૫ |
| (૩) | એવોર્ડ - સન્માન | ૯ |
| (૪) | ભારત | ૧૦ |
| (૫) | બંધારણ - કાયદો | ૧૫ |
| (૬) | વિશ્વ | ૧૬ |
| (૭) | વન લાઈનર | ૧૮ |
| (૮) | ભારત - વિશ્વ | ૧૯ |
| (૯) | વિજ્ઞાન અને ટેકનોલોજી | ૨૦ |
| (૧૦) | અર્થશાસ્ત્ર | ૨૪ |
| (૧૧) | સ્પોર્ટ્સ | ૨૭ |
| (૧૨) | નિમણૂક / રાજીનામું | ૩૧ |
| (૧૩) | નિધન | ૩૫ |


ASTHA Academy Mo.: 8980961441

ટાઈપીંગ અને સેટીંગ : સંતોષ રાવ (મો. : ૯૬૮૭૧ ૩૦૫૦૫)

# દક્ષિણ ચાઈના સાગર પર ચીનનો ઐતિહાસિક અધિકાર નથી

સાઉથ ચાઈના સાગરમાં ચીનની જોહુકમીને આંતર રાષ્ટ્રીય ટ્રિબ્યુનલે જોરદાર આંચકો આપ્યો હતો. જેમાં પી.સી.એ. (પર્મેનન્ટ કોર્ટ ઓફ ઓર્બિટ્રેશન) એ ઠેરવ્યું છે કે, સાઉથ ચાઈના સી પર ચીનનો ઐતિહાસિક અધિકાર નથી. આ ચુકાદા બાદ વિશ્વનો નકશો હંમેશા માટે બદલાઈ જશે. ચુકાદો પોતાની વિરુદ્ધમાં જશે તેમ જણાયું ત્યારથી જ ચીને આક્રમક વલણ અપનાવ્યું છે.

આ દ્વીપ સમૂહો ફિલિપાઈન્સથી ૧૬૦ કિ.મી. દૂર જ્યારે ચીનથી ૮૦૦ કિ.મી. દૂર આવેલા છે. આ વિસ્તારમાં તેલના ભંડાર પર ફિલિપાઈન્સ તથા જે રાષ્ટ્રો સાથે વિવાદ છે તેને ચીન વન-ટુ-વન ઉકેલવા માંગતું હતુ. દસ વર્ષ સુધી ચીન અને ફિલિપાઈન્સ વચ્ચે વાટાઘાટો ચાલી હતી. પરંતુ કોઈ ઉકેલ ન આવતાં ફિલિપાઈન્સે પી.સી.એ.ના દરવાજા ખખડાવ્યા હતા. છેલ્લા કેટલાંક વર્ષોથી ધનવાન બનેલા ચીનમાં દુર્લભ વસ્તુઓની માંગને પગલે ચીની માછીમારોએ અહીંની રીફને નુકસાન પહોંચાડવાનું શરૂ કર્યું હતું. જેના કારણે ફિલિપાઈન્સના માછીમારોની આજીવિકા પર પણ જોખમ ઉભું થયું હતું.

### શું છે સાઉથ ચાઈના સી ?

૩૫ લાખ વર્ગ કિ.મી. દરિયાઈ વિસ્તાર, ૯૦ ટકા વિસ્તારમાંથી પર ચીનનો દાવો છે. ૨૫૦ જેટલા નાના અને નિર્જન ટાપુઓનો સમૂહ છે. ઉત્તરે ચીન અને પૂર્વમાં ફિલિપિન્સ અને મલેશિયા, પશ્ચિમમાં ફિલિપિન્સ વિયેટ નામ, કમ્બોડિયા અને તાઈવાન, દક્ષિણમાં ઈન્ડોનેશિયા આવેલા છે.

### દ. ચીન સાગર વિવાદ અંગે વિશેષ

આ પેસિફિક મહાસાગરનો એક ભાગ છે. ૩૫ લાખ ચોરસ કિ.મી.માં ફેલાયેલો છે. ચીનના દક્ષિણથી તાઈવાન દ્વીપ સુધી અને મલેશિયાની ઉત્તર પશ્ચિમથી બ્રુનેઇ સુધી, ઈન્ડોનેશિયાની ઉત્તરે, મલેશિયા અને સિંગાપોરની ઉત્તર - પૂર્વમાં અને વિયેતનામની પૂર્વ સુધી છે.

સાઉથ ચાઈના સી પર ચીનનું ઐતિહાસિક પ્રભુત્વ નથી. ઐતિહાસિક પ્રભુત્વને પ્રસ્થાપિત કરવા ચીન પુરાવા નથી આપી શક્યું. સ્કોલ દ્વીપસમૂહોમાં માછીમારના ફિલિપાઈન્સના અધિકાર પર ચીને તરાપ મારી છે. ચીનના નકશામાં 'નાઈન ડેશ લાઈન' એ સંયુક્ત રાષ્ટ્ર સંઘની સંધિથી વિપરીત છે.

વિશ્વના એક તૃતીયાંશ વ્યાપારિક જહાજ અહીંથી પસાર થાય છે. ભારતનો ૫૫ ટકા દરિયાઈ વેપાર અહીંથી થાય છે. વૈશ્વિક વેપાર માટે મહત્ત્વપૂર્ણ જહાજ માર્ગ એસસીએસથી પસાર થાય છે. આ રસ્તા પર અંદાજે ૭૦૦૦ અબજ ડોલરનો વેપાર નિર્ભર છે.

ચીન વિવાદાસ્પદ દ્વીપ પર ફાઈટર બેઝ બનાવી રહ્યું છે. અહીં તેણે કૃત્રિમ દ્વીપ પણ બનાવ્યો છે. અહીં અમેરિકા અનેક વખત યુદ્ધ જહાજ પણ મોકલી ચૂક્યું છે.

ફિલિપાઈન્સ : ફિલિપાઈન્સે તેના કિનારાના ૧૪૦ માઈલના ક્ષેત્ર પર ચીનના કબજાને ફગાવી દેવાની માંગ કરી હતી. ૧૯૪૦ના દાયકાના એક ચીની નકશા મુજબ તે ક્ષેત્રને પોતાનો ભાગ ગણાવે છે.

### વિવાદનું કારણ : ૨૫૦ અબજ બેરલ ક્રૂડ અને ૯૦૦ ટ્રિલિયન ક્યુબિક ફીટ કુદરતી ગેસનો ભંડાર

(૧) આ ક્ષેત્રમાં અનેક નાના-મોટા દ્વીપ છે, જેના પર અધિકાર અંગે આ વિસ્તારના દેશો વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે.

(૨) સ્પ્રાતલી અને પારાસેલ દ્વીપ અંગે ચીન અને અન્ય ૫ દેશો વચ્ચે તણાવ છે.

(૩) પારાસેલ પર ૧૯૭૪ સુધી ચીન અને વિયેતનામનો કબજો હતો. પરંતુ ૧૯૭૪માં ત્યાં ચીનનું પ્રભુત્વ વધી ગયું.

(૪) ૧૯૭૦માં વિયેતનામે ગેસ ભંડાર શોધી કાઢ્યા હતા, ત્યારથી ચીનની નજર બગડી છે.

(૫) ચીન, મલેશિયા, વિયેતનામ, ફિલિપાઈન્સ અને બ્રુનેઈ વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે.

### ચુકાદાનો આધાર યુ.એન.કન્વેન્શન લો

આંતરરાષ્ટ્રીય કોર્ટે પોતાના ચુકાદામાં 'યુએન કન્વેન્શન ઓન લૉ ઓફ ધ સી'ને આધાર બનાવ્યો હતો. ૧૯૮૨માં બનેલા 'યુએન કન્વેન્શન ઓન લૉ ઓફ ધ સી'માં જણાવ્યા અનુસાર કોઈ દેશ પોતાનું પ્રાદેશિક સાર્વભૌમત્વ યથાવત્ રાખીને દરિયાઈ સરહદની અંદર ગતિવિધિ કરી શકે છે.

### ભારત અહીં તેલ અને ગેસ શોધે છે

વિયેતનામ સરકારે ભારતીય ઓઈલ કંપની ઓનએનજીસી સાથે એક કરાર કર્યો છે. તે અનુસાર ઓનએનજીસી વિયેતનામના નાના ટાપુઓ ઉપર તેલ અને ગેસના ભંડારો શોધશે.

# ગુજરાત

- **સરકારે વૃક્ષોનો પણ 'પ્રોગ્રેસ રિપોર્ટ' આપવો પડશે**

રાજ્ય સરકાર દ્વારા બાળકોના પ્રગતિ અહેવાલ રાખવામાં આવે છે, આવી રીતે વૃક્ષોના રોપાનો પણ પ્રગતિ અહેવાલ રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે. વન દિવસ પછી રાજ્યભરની સરકારી કચેરીઓમાં ઉછેરવામાં આવનારા રોપાઓનો દર વર્ષે કચેરીના વડાએ અહેવાલ આપવાનો રહેશે તેવો વનમંત્રી મંગુભાઈ પટેલે આદેશ કર્યો છે. આ પ્રકારનો આદેશ કરવા પાછળનું કારણ દર્શાવતા વનમંત્રીએ કહ્યું હતુ કે વૃક્ષો રોપવામાં આવે છે, પણ તેનો ઉછેર થતો નથી. આથી સતત ત્રણ વર્ષ સુધી વૃક્ષ ઉછેરનું નિરીક્ષણ કરવામાં આવશે.

- **પ્રિ - સ્કૂલ ૩ વર્ષથી નાનાં બાળકોને પ્રવેશ આપે તો ૫ લાખ સુધીનો દંડ**

રાજ્યની શાળાઓમાં ૩ વર્ષ કરતા પણ નાના બાળકોને કિન્ડર ગાર્ટન અને પ્રિ-સ્કૂલના નામે પ્રવેશ આપવામાં આવે છે જેનાથી રાજ્ય સરકારના અને આરટીઈના કાયદાનો પણ ભંગ થવાની જાહેર હિતની અરજી કરાતાં રાજ્ય સરકારે કાયદામાં સુધારા કરી બિન માન્યતા પ્રાપ્ત શાળાઓને પણ પાંચ લાખ સુધીના દંડની જોગવાઈ કરી છે.

રાજ્યમાં પ્રિ-પ્રાયમરી, કે. જી. અને જુનિયર કે.જી. જેવા ઓઠા હેઠળ ૩ વર્ષથી નાના બાળકોને પ્રવેશ અપાય છે. મનોવૈજ્ઞાનિક રીતે પણ તે ગેરકાયદેસર છે. બાળકોના બંધારણીય અધિકારોનું પણ તેના કારણે હનન થાય છે.

આ પિટિશનમાં રાજ્ય સરકારે અગાઉ જવાબ રજૂ કરી ૩ વર્ષથી નીચેના બાળકોને પ્રવેશ આપતી શાળાઓને પ્રથમ વખતની ભૂલ બદલ રૂ. ૧ લાખ અને બીજી વખતની ભૂલ બદલ રૂ. ૫ લાખના દંડની જોગવાઈ કરવામાં આવી હતી તેમજ ત્રીજી વખતના દંડ બદલ શાળાનું રજીસ્ટ્રેશન રદ્દ કરવાની જોગવાઈ કરવાની હાઈકોર્ટને જાણ કરી હતી. જોકે અરજદાર દ્વારા રજૂઆત કરાઈ હતી. મોટાભાગની આવી શાળાઓ સરકાર પાસે રજીસ્ટ્રેશન ધરાવતી નથી તેમજ આ શાળાઓ માટે રજીસ્ટ્રેશનની જરૂરીયાત પણ નહીં હોવાથી તેમની સામે ક્યાં પગલા લેવામાં આવે.

આ રજૂઆતો બાદ રાજ્ય સરકારે કાયદાના નિયમોમાં કેટલાક સુધારા કરી રજીસ્ટ્રેશન ધરાવતી શાળાઓને પ્રથમ વખતની ભુલ બદલ રૂ. ૧ લાખનો દંડ તેમજ બીજી વખત ભુલ થાય તો તેનું રજીસ્ટ્રેશન રદ્દ કરવાની જોગવાઈ દાખલ કરવામાં આવી છે. તે રીતે જો રજીસ્ટ્રેશન ન ધરાવતી શાળા પણ આવી ભૂલ કરતાં પકડાય તો પ્રથમ વખતની ભુલ બદલ તેને રૂ. ૧ લાખનો દંડ અને બીજી વખતની ભુલ બદલ રૂ. ૫ લાખના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

- **મુસાફરોને સુવિધા પૂરી પાડવાના મુદ્દે અમદાવાદ એરપોર્ટ ચોથા ક્રમે**

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સરવે દરમિયાન સુવિધાઓમાં અમદાવાદમાં સૌથી વધુ કથળેલી સુવિધા ફ્લાઈટોની કનેક્ટીવીટીમાં જોવા મળી હતી અને તેથી જ આ સુવિધાને સૌથી ઓછા ૪.૩૪ અંક અપાયા હતા. ગુજરાતના એક પણ ડોમેસ્ટિક એરપોર્ટને ટોપ ટેનમાં સ્થાન મળ્યું નથી.

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ખાનગી કંપનીઓ દ્વારા સંચાલિત એરપોર્ટ સિવાય દેશના તમામ ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક એરપોર્ટ પર પેસેન્જરોને મળતી સુવિધાઓ અંગે સર્વે કરવામાં આવે છે. જેમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ પર દર ૩ મહિને જ્યારે ડોમેસ્ટિક એરપોર્ટ પર દર ૬ મહિને સર્વે કરવામાં આવે છે. જેમાં પેસેન્જરોને મળતી અલગ અલગ પ્રકારની ૩૩ સુવિધાઓથી પેસેન્જરો કેટલાક સંતુષ્ટ છે તે અંગે તેમના મંતવ્ય જાણી મહત્તમ ૫માંથી જે તે સુવિધાને માર્કસ આપવામાં આવે છે.

**સર્વેમાં ઇન્ટરનેશનલ એરપોર્ટનું સ્થાન**

| એરપોર્ટ | રેન્ક (૫માંથી) |
|---|---|
| ત્રિવેન્દ્રમ | ૪.૮૭ |
| કોલકાતા | ૪.૮ |
| ગોવા | ૪.૭૯ |
| અમદાવાદ | ૪.૭૪ |

**ગુજરાતના ડોમેસ્ટિક એરપોર્ટની સ્થિતિ**

| એરપોર્ટ | રાજ્યમાં | દેશમાં |
|---|---|---|
| વડોદરા | ૧ | ૧૮ |
| પોરબંદર | ૨ | ૨૪ |
| સુરત | ૩ | ૨૬ |
| ભુજ | ૪ | ૨૮ |
| જામનગર | ૫ | ૩૧ |

- **અંકલેશ્વરમાં છ એરક્રાફ્ટ એક સાથે રિપેર થાય તેવું સેન્ટર તૈયાર કરાશે**

નાના અને મોટા કદના એકસાથે છ એરક્રાફ્ટનું મેઈન્ટેનન્સ થઈ શકે તેવું વૈશ્વિક કક્ષાનું એમઆરઓ (મેઈન્ટેનન્સ,

રિપેરિંગ અને ઓવરહોલિંગ) સેન્ટર અંકલેશ્વરમાં સ્થપાશે. રાજ્ય સરકાર પીપીપી ધોરણે આ સગવડ વિકસાવશે.

- **દેશમાં પ્રથમ ટેક્સટાઈલ માર્કેટોને જોડવા માટે સ્કાય વોકવે બનાવાશે**

સુરતમાં ટેક્ષટાઈલ માર્કેટમાં રોજ બે લાખ કરતાં વધુ લોકોની અવર જવર રહેતી હોય છે. તેને કારણે રસ્તા પર વાહનોની સાથે સાથે લોકોની પણ અવરજવર વધુ હોવાના લીધે ટ્રાફિકની સમસ્યા વકરતી હોય છે. તેના નિરાકરણ માટે ટેક્ષટાઈલ માર્કેટને ઉપરના ભાગે જોડવા માટે સ્કાય વોકવે બનાવવામાં આવશે.

- **વડોદરામાં તુવેર - મગની નવી જાત વિકસાવાઈ**

દેશમાં કઠોળનું ઉત્પાદન વધે તે માટે પ્રયાસો કરાઈ રહ્યા છે અને ૨૦૧૬નું વર્ષ આંતરરાષ્ટ્રીય કઠોળ વર્ષ તરીકે ઉજવાઈ રહ્યું છે, ત્યારે વડોદરાના મોડેલ ફાર્મમાં કઠોળ સંશોધન માટે વિસ્તૃત કાર્ય શરૂ કરાયું છે. વડોદરાના મોડેલ ફાર્મમાં તુવેર અને મગની નવી જાત વિકસાવાઈ હોવાનું આણંદ કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. એન. સી. પટેલે જણાવ્યું હતું. દેશમાં પ્રત્યેક વર્ષે ૧૨ થી ૧૩ મિલિયન ટન કઠોળ આયાત કરવું પડે છે.

- **આંગણવાડી કેન્દ્રમાંથી જ સંચાલિકાની હાજરી પૂરી શકાશે**

આંગણવાડી યોજનામાં અમદાવાદ કોર્પોરેશન હસ્તકની આંગણવાડીઓમાં ચાલતી લોલમલોલ બંધ કરવા અને પકડવા કોર્પોરેશને હવે મોબાઈલ, ટેબ એપ્લિકેશનનો સહારો લીધો છે. 'બાળ સુચિ' નામે શરૂ કરવામાં આવેલી એપમાં આંગણવાડી સંચાલિકા વર્કરે ફરજિયાત તેમની હાજરી એપમાં પૂરવાની રહેશે. આંગણવાડી કેન્દ્ર ખાતેથી જ હાજરી પૂરી શકાય તેવી રીતે એપ બનાવાઈ છે. જો સંચાલિકા કેન્દ્રમાં ન હોય અને બહારના કોઈ સ્થળેથી હાજરી પૂરી તો એપ જ જાતે 'તમારું હાલનું લોકેશન આંગણવાડી કેન્દ્રની બહાર છે' તેવું બતાવી દેશે.

- **ડીસાના યુવાને માઉન્ટ કિલિમાન્જારો સર કર્યું**

ડીસાના તરવરિયા યુવાન વિનોદ જોષીએ તાજેતરમાં આફ્રિકાનું ૧૯૩૪૧ ફૂટની ઊંચાઈ ધરાવતું સર્વોચ્ચ શિખર માઉન્ટ કિલિમાન્જારો સર કરીને ત્યાં તિરંગો લહેરાવ્યો છે. ટ્રેકિંગ શોખને જીવનમંત્ર બનાવી દેનારા આ યુવાને અત્યાર સુધીમાં ૨૩૫ ટ્રેકિંગ કાર્યક્રમો યોજ્યા છે.

- **તાપી વિશ્વની એકમાત્ર નદી જેનો જન્મદિવસ ઊજવાય છે**

દેશની પૌરાણિક નદીઓમાં જેનો સર્વપ્રથમ ઉલ્લેખ થાય છે તે તાપી નદીના જન્મદિવસની ઉજવણી કરવામાં આવશે. સુરતીઓ અને વૈષ્ણવ સંપ્રદાય દ્વારા દર વર્ષે તાપી જયંતીના દિવસે પૂજન અને ઈત્યાદિ કાર્યક્રમો થાય છે. સમગ્ર વિશ્વમાં તાપી જ એક એવી નદી છે જેના જન્મદિવસની ઉજવણી કરવામાં આવે છે. તાપી નદીના અનેકવિધ રોચક કિસ્સા તાપી મહાપુરાણમાં ઉલ્લેખ કરાયા છે. ભગવાન સૂર્યનારાયણની પુત્રી તરીકે તાપી પ્રચલિત છે. તાપીના જન્મદિવસે સહસ્ત્ર નક્ષત્રનો યોગ છે, જેથી બપોરે ૧૨ વાગ્યા બાદ તાપીના પૂજનનું મહત્ત્વ છે. તાપી સુરતની જીવાદોરી સમાન છે અને તાપીનાં કાંઠે વિવિધ ધાર્મિક સ્થળોની ભરમાર છે. કહેવાય છે કે, તાપીનો ઉદ્‌ભવ ગંગા અને બીજી નદીઓ કરતાં પણ જૂનો છે અને એકમાત્ર નદી એવી છે જેના પર આખેઆખો ગ્રંથ રચવામાં આવ્યો છે જેમાં તાપી નદી અંગે ઘણી જ રસપ્રદ માહિતી અને કિસ્સાઓ છે. તાપી નદીના સૂર્યક્ષેત્ર અને ભાનુક્ષેત્ર તરીકે પણ ઉલ્લેખ કરાયો છે. ભગવદ્ ગીતામાં પણ તાપીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત એક રોચક કથા પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણ અને બલદેવજીને ગૌ હત્યાનું લાંછન લાગ્યું હતું ત્યારે તેમણે તાપીના નીરમાં તેનું પ્રાયશ્ચિત કરી પૂજન કર્યુ હતુ.

સૂર્યપુત્રી તાપી નદીના કિનારે ૫ હજાર વર્ષ પહેલાના દ્વાપર યુગનું ત્રણ પાનના વડનું ઝાડ લોકોમાં આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર બન્યું છે. આજ સ્થળ પર માત્ર દોઢ ફુટનું આ ત્રણ પાનનું વડ ઉગવું એ તાપી નદીનું મહાત્મ્ય દર્શાવે છે. આ ત્રણ પાનના વડ સાથે ધાર્મિક માન્યતા જોડાયેલી છે. મહાભારતના યુદ્ધમાં જ્યારે કર્ણનો વધ થયો ત્યારે તેની અંતિમ વિધિ અશ્વિની કુમાર ખાતે કરવામાં આવી હતી. તેની યાદગીરીના પ્રતિકરૂપે આ ત્રણ પાનનો વડ ભગવાન શ્રી ક્રિષ્ણની ઈચ્છાથી ઉગ્યું હતુ. આ વડને ચોથું પાન આવે એટલે એક પાન ખરી જાય છે.

- **સયાજીરાવનો લક્ષ્મી વિલાસ પેલેસ વૈભવી હોટલ બનશે**

ગુજરાતના સૌથી મોટા લક્ષ્મી વિલાસ પેલેસમાં હોટલ શરૂ કરવા માટે ચાર મોટી હોટેલ ચેઈન્સને પ્રપોઝલ મોકલાઈ છે.

મહારાજ સમરજીતસિંહ ગાયકવાડ દ્વારા લક્ષ્મીવિલાસ પેલેસમાં હોટેલ્સ શરૂ કરવા માટે પાછલા ઘણા સમયથી આયોજન કરવામાં આવી રહ્યું છે, જેના ભાગરૂપે પેલેસ તરફથી હોટેલ્સને પ્રપોઝલ મોકલવામાં આવી છે. મહારાજા સમરજીતસિંહના જણાવ્યાનુસાર અમે તાજ ગ્રુપ, ઓબેરોય હોટેલ્સ, રેડિસન હોટેલ્સ અને આઈટીસી હોટેલ્સને લક્ષ્મી વિલાસ પેલેસમાં હોટલ શરૂ કરવા પ્રપોઝલ મોકલ્યા છે.

- **સુરત ઓપન ડેફિશિયેશન ફ્રી જાહેર**

દેશમાં પહેલી વાર સુરત શહેરને જાહેરમાં થતી શૌચક્રિયા મુક્ત શહેર (ઓપન ડેફીશિયેશન ફ્રી સુરત) તરીકે જાહેરાત

Astha Academy Mo.: 9898...

કરાયું છે. હવે સુરત શહેરની અંદર ખુલ્લામાં કોઈપણ વ્યક્તિ શૌચક્રિયા માટે જઈ શકશે નહીં અને જશે તો દંડ ભરવો પડશે. સુરતમાં મુંદ્રા બેંક યોજના શરૂ કરવા મ્યુ. કમિશનરને સૂચન પણ કર્યા.

- **દેશભરની ક્રિકેટ પિચ બનાવવામાં વપરાય છે નવસારીની માટી**

ક્રિકેટની દુનિયામાં પિચ (વિકેટ) મહત્ત્વનું પાસું છે. પિચના આધારે જ ક્રિકેટરો પોતાની આગવી અદામાં રમત રમે છે અને પીચને પારખી જનારા ક્રિકેટરો વિશ્વ વિક્રમ કરવામાં મોખરે રહે છે. તે પિચ નવસારી (અજરાઈ-પાથરી)ની માટીથી બનાવાયેલી છે. દેશમાં જાણીતા મુંબઈના વાનખેડે, દિલ્હીના ફિરોઝશા કોટલાથી લઈ ઘણાં મોટાં મેદાનો પર બનાવાયેલી પિચ (વિકેટ)માં તેનો ઉપયોગ થયો છે. ગણદેવી તાલુકાના અજરાઈ - પાથરી ગામના એક વિસ્તારમાં આવી પિચ લાયક માટી આવેલી છે. જેને રેડ સોઈલ અથવા લાલ માટી તરીકે ઓળખવામાં આવે છે. આ માટી પિચ બનાવવા માટે અતિ ઉત્તમ માનવામાં આવે છે. તેનાથી પિચ મજબુત બને છે. તેની ગુણવત્તાના આધારે જ દેશભરના ક્રિકેટ ગ્રાઉન્ડ પર પિચ પર આ માટીનો ઉપયોગ કરાયો છે. હાલ લાલ માટીનો વિસ્તાર ખાનગી માલિકી હસ્તગત છે.

- **સિંહ, વાઘ, દીપડાના ૪ નવા સફારી પાર્ક બનશે**

ગુજરાતમાંથી સિંહ મધ્યપ્રદેશ ખસેડવાની બાબતે હજુ કોઈ ચોક્કસ નિર્ણય આવ્યો નથી ત્યારે ગુજરાત સરકારના વન વિભાગે રાજ્યના ચાર સ્થળો પર સફારી પાર્ક બનાવવાનું આયોજન હાથ ધર્યું છે. વન વિભાગે દરખાસ્ત તૈયાર કરી છે, આ દરખાસ્ત તૈયાર કરવા પાછળનો હેતુ પણ એવો હોઈ શકે કે જે સિંહ ગુજરાતમાં છે તે સિંહ ગુજરાતમાં જ રહે અને મધ્યપ્રદેશને આપવાની સ્થિતિ જ ઉભી ન થાય. હાલ વન વિભાગે સ્થળ નક્કી કરી દીધા છે, પણ હજુ કેન્દ્રિય વન વિભાગની મંજૂરી આવે પછી સફારી પાર્ક તૈયાર કરવા માટેનો આરંભ થશે.

ગુજરાતમાંથી મધ્યપ્રદેશમાં સિંહ ખસેડવાનો વિવાદ ચાલે છે, આ વિવાદ હાલમાં કોઈ નવું સ્વરૂપ લઈ રહ્યો નથી, પણ હજુ આંબરડી સફારી પાર્કને મંજૂરી મળી નથી ત્યાં રાજ્ય સરકારે લાયન સફારી પાર્ક સહિત ચાર સફારી પાર્ક તૈયાર કરવાની ગતિવિધિ હાથ ધરી રહી છે. આવી ગતિવિધિ પાછળ એવું ચોક્કસપણે મનાય છે કે ગુજરાતમાં જ સિંહ માટે એટલી વ્યવસ્થા ઉભી કરવામાં આવે, જેથી તેને મધ્યપ્રદેશ ખસેડવાની નોબત જ ન આવે. રાજ્યના વન વિભાગે જૂનાગઢ ખાતેની ભવનાથ તળેટી વિસ્તારના પાછળના ૨૦ કિ.મી. જેટલા વિસ્તારમાં લાયન સફારી પાર્ક બનાવવાનું આયોજન કર્યું છે, આવી જ રીતે ધારીમાં પણ વધુ એક સફારી પાર્ક બનાવવામાં આવશે. આ ઉપરાંત રાજપીપળામાં ટાઈગર સફારી પાર્ક તૈયાર કરવાનું આયોજન કર્યું છે. જ્યારે નર્મદા જિલ્લામાં પણ સફારી પાર્ક બનાવવાનું આયોજન કર્યું છે. જોકે રાજ્ય સરકારે સમગ્ર પ્રક્રિયા હાથ ધરી દીધી છે અને સ્થળ પણ નક્કી કરી નાંખ્યા છે. કેન્દ્રિય વન વિભાગની મંજુરી આવે પછી બાંધકામ સહિતની કાર્યવાહી હાથ ધરાશે.

- **પ્રથમ નવલકથાનો પંદર ભાષાઓમાં અનુવાદ કરાયો**

અનુરાધા રોયની ત્રીજી નવલકથા 'સ્લીપિંગ ઓન જુપિટર'ને દક્ષિણ એશિયા સાહિત્યનું ડીએસી પુરસ્કાર મળ્યો છે. તેમની કૃતિ મેન બુકર પ્રાઈઝ માટે પણ પસંદગી પામી હતી. હૈદરાબાદમાં ઉછરેલ અનુરાધાએ કોલકાતા અને કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો છે. તેમની પ્રથમ નવલકથા 'એન એટલસ ઓફ પોસિબલ લોન્ગિંગ'નો દુનિયાની ૧૫ ભાષાઓમાં અનુવાદ કરાયો છે. બીજીને અનેક એવૉર્ડ મળ્યા, ત્રીજી લોકપ્રિય થઈ છે અને તેનાથી આશા પણ છે.

- **ઇગ્નુની ચાર ડીટીએચ ચેનલ ૯ ભાષામાં લોન્ચ થશે**

ઈગ્નુની ૪ ડીટીએચ ચેનલ લોન્ચ થશે. નવ ભાષાઓમાં કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવશે. આ માટે માનવ સંસાધન વિકાસ મંત્રાલય સાથે કરાર કરવામાં આવ્યો છે. તેની શરૂઆત ૧૫ ઓગસ્ટથી થવાની સંભાવના છે. ઈગ્નુએ જ્ઞાનકોષના નામથી અગાઉ પોર્ટલ લોન્ચ કર્યું હતું.

- **લંડન ગ્લોબલ સમિટમાં ચીખલીની ખ્યાતિ મહેંકી**

દેશમાં સૌ પ્રથમ આદર્શ ગામ તરીકે માત્ર ૧૫૦ દિવસના ટૂંકાગાળામાં વિકસિત થયેલા નવસારીના ચીખલી ગામની કાયાપલટ જોઈ લંડન ખાતે યોજાયેલા ગ્લોબલ સમિટમાં લંડનના સાંસદ સહિત સૌ કોઈ પ્રભાવિત થયા હતા.

આ સંદર્ભે યોજાયેલી પત્રકાર પરિષદમાં નવસારીના સાંસદ સી. આર. પાટીલે જણાવ્યું હતું કે દેશના પી.એમ. નરેન્દ્ર મોદીએ ૧૫ ઑગસ્ટ ૨૦૧૪ના દિને લાલકિલ્લા પરથી તમામ સાંસદ સભ્યોને તેમના મતવિસ્તારના એક ગામ દત્તક લઈ તેનો આદર્શ ગામ તરીકે વિકાસ કરવાનું આહ્વાન કરાયું હતું. ૧૮ જુલાઈના રોજ ઈન્ડિયા સ્માર્ટ ગ્રીડ ફોરમ દ્વારા લંડનમાં ૪ દિવસીય સમિટના કરાયેલા આયોજનમાં દત્તક લીધેલા ચીખલી ગામને ટૂંકા ગાળામાં કેવી રીતે આદર્શ ગામ બનાવ્યું તેનું પ્રેઝન્ટેશન કરાયું હતું.

- **ગુજરાતમાં ટુ વ્હીલર્સ પાછળ બેઠેલા મહિલા - બાળકો માટે પણ હેલમેટ ફરજિયાત**

ગુજરાતમાં હવે બધા જ ટુ વ્હીલર્સની પાછળ બેસનાર મહિલા

અને બાળકો માટે પણ હેલમેટ ફરજિયાત કરી દેવાયું છે. પહેલાં ૫૦ સીસીથી ઓછી ક્ષમતાવાળા ટુ-વ્હિલર ચાલક અને પાછળની સીટ પર મહિલા કે ૧૨ વર્ષથી નીચેના બાળકો માટે હેલમેટથી મુક્તિ હતી.

- **હવે ઓગસ્ટથી ૩ દિવસમાં જનમ-મરણના સર્ટી મળશે**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હેલ્થ વિભાગ દ્વારા ઓગસ્ટ મહિનાથી શહેરમાં જન્મ અને મૃત્યુ પામતા નાગરિકો અંગેના પ્રમાણપત્ર ત્રણ દિવસમાં અપાશે. રાજ્યના શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ દ્વારા જાહેર કરાયેલા જાહેરનામા મુજબ ઓગસ્ટના બીજા સપ્તાહથી આ યોજનાનો અમલ થશે અને ફક્ત ત્રણ દિવસમાં જન્મ - મરણનું સર્ટીફિકેટ મળી જશે. શહેરની સરકારી તેમજ ખાનગી હોસ્પિટલ સાથે સંકલન કરવામાં આવશે.

- **રાજ્યમાં ૧.૩૮ કરોડ એલ.ઈ.ડી. બલ્બનું વિતરણ થયું**

દેશભરમાં ઊર્જાની બચતના ઉદ્દેશ્યથી ઘરેલું વીજ-ગ્રાહકોને સસ્તા દરે એલઈડી બલ્બ આપવાની 'ઉજાલા' યોજના અન્વયે ગુજરાતમાં ૬૫ દિવસમાં જ ૧,૩૮,૫૪,૧૦૮ એલઈડી બલ્બ ખરીદવામાં આવ્યા છે. યોજનાના આરંભના પ્રથમ મહિને બલ્બ વિતરણમાં ગુજરાત દેશમાં ટોચના ક્રમે હતું. પરંતુ અત્યારે તે આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્ર પછી ત્રીજા ક્રમે છે. દેશભરમાં અત્યાર સુધીમાં ૧૩,૮૭,૦૮,૦૫૧ એલઈડી બલ્બનું વિતરણ થયું છે.

ગુજરાતમાં ઉન્નત જ્યોતિ બાય એફોર્ડેબલ એલઈડી ફોર ઓલ-ઉજાલા યોજનાનો મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે ૨૫મી મેના દિવસે આરંભ કરાવ્યો હતો. પહેલા મહિને જ એક કરોડથી વધુ બલ્બનું વિતરણ નોંધાવી ગુજરાત દેશમાં મોખરાના સ્થાને આવ્યું હતું.

- **દેશમાં પ્રથમ : સુરતમાં ટ્રાફિક સેવાનું આઉટ સોર્સિંગ**

ટ્રાફિક નિયંત્રણ કરવાની પોલીસની એક સેવાનું દેશમાં પહેલીવાર સુરતમાં આઉટસોર્સિંગ થવા જઈ રહ્યું છે. ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન માટે ઈશ્યુ કરાતા ઇ-ચલણ હવે પોલીસ દ્વારા નહીં પણ કોઈ ખાનગી કંપની દ્વારા કરાશે. એટલે કે, હવે ટ્રાફિકનું ઉઘરાણું ખાનગી કંપનીના માણસો કરશે.

- **ગરીબોને મફત વીજળી**

મુખ્યમંત્રી ગૃહ આવાસ યોજનામાં એફોર્ડેબલ હાઉસિંગ યોજના હેઠળના આવાસોમાં એક પોઈન્ટનું મફત વીજ જોડાણ આપવાની રાજ્ય સરકારે જાહેરાત કરી છે.

- **દેશમાં સૌથી વધુ ૨૮ ટકા ઔદ્યોગિક અકસ્માત ગુજરાતમાં થાય છે**

ગુજરાતમાં આવેલા ઉદ્યોગોમાં સલામતીના અભાવે હજારો કામદારો અકસ્માતનો ભોગ બને છે. ગરીબ કામદારોને રોજગારી માટે જીવના જોખમે ફેક્ટરીઓમાં કામ કરે છે. ગુજરાતમાં છેલ્લા સાત વર્ષમાં વિવિધ ફેક્ટરીઓમાં ૧૮૧૨૦ અકસ્માત નોંધાયા છે. ૨૦૧૪માં ૨૪૦ અકસ્માતમાં કામદારો ઘાતક રીતે ઘવાયા હતા. જ્યારે ૨૫૯ અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા. માત્ર અમદાવાદની જ વાત કરીએ તો વિવિધ ફેક્ટરીઓમાં ૨૮ જેટલા જીવલેણ અકસ્માત નોંધાયા છે. લેબર અને એમ્પ્લોયમેન્ટ વિભાગે વિવિધ રાજ્યમાં આવેલા ઉદ્યોગોમાં થયેલા અકસ્માતની સંખ્યા રજૂ કરી હતી. જેમાં સૌથી વધારે અકસ્માત ગુજરાતમાં નોંધાયા છે.

- **૨૮ હજારથી વધુ પુસ્તકો ધરાવતી એન્ડ્રુઝ લાઈબ્રેરી ૧૬૬ વર્ષની**

ઐતિહાસિક એવી એન્ડ્રુઝ લાઈબ્રેરી છેલ્લા ૧૦ વર્ષથી વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણના પુસ્તકોનો ધોધ વરસાવી રહી છે. તા. ૧ જુલાઈએ ૧૬૬ વર્ષ પુરા કરનારી એન્ડ્રુઝ લાઈબ્રેરીમાં ૨૮૦૦૦ અન્ય પુસ્તકો સાથે ઉચ્ચ શિક્ષણ માટેના ૬૦૦૦ પુસ્તકો છે. માત્ર ૫૦ રૂપિયાની વાર્ષિક ફીમાં પુસ્તકો ગરીબ - મધ્યમવર્ગના વિદ્યાર્થીઓ ઘરે લઈને વાંચી શકે છે.

૧ જુલાઈ ૧૮૫૦માં તત્કાલીન કમિશનર મી. એન્ડ્રુઝ અને શહેરના તે સમયના નગરશેઠ તથા દાતા રાયબહાદુર નગીનચંદ ઝવેરીના સહયોગથી ચોક બજારમાં એન્ડ્રુઝ લાઈબ્રેરીની સ્થાપના કરી હતી. પહેલાં કલેક્ટર એન્ડ્રુઝનું નામ લાઈબ્રેરી સાથે જોડાયું હતું. ત્યારબાદ લાઈબ્રેરી સાથે નગીનચંદ ઝવેરીનું નામ જોડવામાં આવ્યું હતું.

આ લાઈબ્રેરીમાં દાન કરતાં વધુ હોર્ડિંગની આવક પર નભે છે. ચોક બજાર વિસ્તાર સુરતના હાર્દસમો વિસ્તાર ગણવામાં આવે છે. જેના કારણે જાહેરાત માટે પ્રાઈમ લોકેશન ગણવામાં આવે છે.

- **ગ્રામીણ ક્ષેત્રે આરોગ્ય સુવિધામાં ગુજરાત ૧૨ રાજ્ય કરતાં પછાત**

ગૃહ મંત્રાલયના વસતી ગણતરી પ્રભાવ દ્વારા કરવામાં આવેલા સેમ્પલ રજિસ્ટ્રેશન સર્વેક્ષણ - એસ.આર.એસ.ના રિપોર્ટમાં ગ્રામિણ વિસ્તારોમાં આરોગ્યની સેવાઓ આપવામાં ગુજરાત સરકારનું પરફોર્મન્સ દેશના ૨૦ રાજ્યો કરતા પછાત હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. એટલું જ નહીં, ઈન્ફ્રાસ્ટ્રકચર પાછળ કરોડોના ખર્ચા પછી પણ બે કિલોમીટરના રેડિયર્સમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધા આપવામાં પણ ગુજરાત

છેક ૧૪માં સ્થળે અટકાયું છે.

એસ.આર.એસ.ના સર્વેક્ષણમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - પીએચસીની સુવિધાઓ આપવામાં ગુજરાત બિહાર કરતા પણ પાછળ હોવાનું જાહેર થયું છે. ગ્રામિણ ક્ષેત્રોમાં સરકારી આરોગ્ય સેવાઓ આપવામાં ગુજરાતનો ક્રમ અનેક અભાવો ધરાવતા આસામ, જમ્મુ-કાશ્મિર જેવા ૧૨ રાજ્યો પછી ૧૩મો હોવાનું કહેવાયું છે. ગુજરાતમાં તમામ કર્મચારીઓ સહિતના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું પ્રમાણ ૪૧.૧ ટકા છે જે ભારતની રાષ્ટ્રીય સરેરાશ કરતા ૬.૭ ટકા ઓછું છે. માત્ર પીએચસી જ નહીં, સામુદાયિક આરોગ્ય કેન્દ્ર - સી.એચ.સી.ની બાબતમાં પણ ૧૩.૪ ટકાની રાષ્ટ્રીય સરેરાશ સામે ગુજરાતમાં માત્ર ૮.૭ ટકા જ સુવિધાઓ છે.

- **મંજુર સ્ટાફના ૨૦ ટકા સુધી કરાર આધારિત નિમણૂક માટેની જાહેરાત**

નિવૃત્ત સરકારી અધિકારીઓને અને કર્મચારીઓને કરાર આધારિત ફરી નોકરીએ રાખવા માટે રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય લીધો છે. ગયા વર્ષે ૧૬ હજાર કર્મીઓ નિવૃત્ત થયા હતા અને ચાલુ વર્ષે ૨૦ હજાર કર્મચારીઓ નિવૃત્ત થશે. ઉપરાંત વર્ગ ૧, ૨ અને ૩ના અનુભવી કર્મચારીઓની કર્મી વર્તાઈ રહી છે. તેથી જ્ઞાન અને વહીવટી સૂઝનો લાભ લેવા સરકારે આ નિર્ણય લીધો છે. ૭ જુલાઈએ જે નવા નિયમો જાહેર થયા છે તેમાં ૫૮ વર્ષે નિવૃત્ત થયેલા કર્મચારીઓને ૬૨ વર્ષની વય સુધી પુનઃ નિયુક્તિ આપી શકાશે. અલબત્ત જે તે સંવર્ગની મંજૂર થયેલી જગ્યા ઉપર ૨૦ ટકાથી વધુ જગ્યા પર વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક આપી શકાશે નહીં. નિવૃત્તિ સમયના પે બેન્ડ, ગ્રેડ પેના ૬૦ ટકા માસિક એકત્રિત વેતન તેમજ પેન્શન ઉપર ટી.આઈ. મળવાપાત્ર થશે. પરંતુ બોર્ડ કોર્પોરેશનમાં કરાર આધારીત નિમણૂક આપી શકાશે નહીં. ઉપરાંત અન્ય કોઈ નાણાંકીય લાભો ન આપવા માટે પણ જણાવાયું છે.

## એવોર્ડ / સન્માન

- **રઘુવીર ચૌધરીને રાષ્ટ્રપતિના હસ્તે જ્ઞાનપીઠ એવોર્ડ અર્પણ**

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના હસ્તે ગુજરાતના વિખ્યાત લેખક રઘુવીર ચૌધરીને ૫૧મા જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.

- **પ્રથમ અંતરિક્ષ વિજ્ઞાનીને વિશ્વસ્તરીય એવોર્ડ**

ડૉ. પી. વી. રાધાદેવી વરિષ્ઠ અંતરિક્ષ વિજ્ઞાની છે. ગત દિવસોમાં તેમને ચેકગણ રાજ્યના પ્રાગમાં એડુઅર્ડ ડોલજલ એવૉર્ડ મળ્યો. તેઓ દુનિયાનાં પ્રથમ મહિલા છે, જેમને આ એવૉર્ડ મળ્યો છે.

- **ટી.એમ.કૃષ્ણા અને બેજવાડા વિલ્સનને મેગ્સેસે એવોર્ડ**

સમાજસેવક બેજવાડા વિલ્સન અને શાસ્ત્રીય સંગીતકાર ટી. એમ. કૃષ્ણાની વર્ષ ૨૦૧૬ના રમન મેગ્સેસે એવૉર્ડ માટે પસંદગી કરાઈ છે. કર્ણાટકમાં જન્મેલા બેજવાડા વિલ્સન માથે મેલું ઉપાડવાની કુપ્રથાને નાબૂદ કરવા ૩૨ વર્ષથી અભિયાન ચલાવે છે.

- **સ્માર્ટ લર્નિંગ માટે સ્કૂલ બોર્ડને ડિજિટલાઈઝિંગ ઇન્ડિયા એવોર્ડ**

અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડને સ્માર્ટ લર્નિંગ કાર્યક્રમ અંતર્ગત સીસકો અને સી.એન.બી.સી. ટી.વી. દ્વારા સ્માર્ટ કેમ્પસીસ ઈન ધી એજ્યુકેશન સેક્ટરમાં શિક્ષણ ક્ષેત્રે ટેકનોલોજીના શ્રેષ્ઠ ઉપભોક્તા તરીકે પસંદ કરીને એવૉર્ડથી નવાજવામાં આવ્યું છે.

ડિજિટાઇઝિંગ ઇન્ડિયા એવૉર્ડ માટે સમગ્ર દેશમાંથી અલગ અલગ દશ વિભાગો જેવા કે એજ્યુકેશન, બેંકિંગ, સ્માર્ટ સિટી વિગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં મ્યુનિ. શાળાઓમાં ગત જુલાઈ ૨૦૧૫થી શરૂ કરવામાં આવેલા ધોરણ-૬થી ૮ના ૨૯૦ શાળાના ૫૬૦૦૦ કરતા વધારે બાળકોના ગણિત - વિજ્ઞાનના સ્માર્ટ લર્નિંગ પ્રોજેક્ટને પસંદ કરીને આ એવૉર્ડની નવોજેશ કરવામાં આવી છે. એવૉર્ડ નવી દિલ્હી ખાતે સમારોહમાં એનાયત કરવામાં આવ્યો હતો. સ્માર્ટ લર્નિંગ સમગ્ર ભારતમાં પ્રારંભ કરનાર મ્યુનિ. સ્કૂલ બોર્ડ પ્રથમ છે.

ASTHA ACADEMY Mo.: 8980606441

# ભારત

- **જનરલ ટિકિટ ૫ મિનિટ, રિઝર્વેશન ૧૫ મિનિટમાં મળશે**

રેલવે ૧૫ ઓગસ્ટથી મિશન ૫ મિનિટ અને ૧૫ મિનિટ શરૂ કરી રહ્યું છે. આ અંતર્ગત રેલવેના મુસાફરોને જનરલ ટિકિટ ૫ મિનિટમાં અને રિઝર્વેશન ૧૫ મિનિટમાં મળી જશે. પર્સનલ બુકિંગ, માલ બુકિંગ, રિફંડ, ચૂકવણી, જમીનના વેપારી ઉપયોગ અને અન્ય બાબતો માટે પણ સમયમર્યાદા નક્કી કરવામાં આવશે.

- **દેશની પ્રથમ કોમર્શિયલ કોર્ટ છત્તીસગઢમાં શરૂ**

છત્તીસગઢની રાજધાની રાયપુરમાં દેશની પ્રથમ કોમર્શિયલ કોર્ટ અને વેપારી વિવાદ સમાધાન કેન્દ્રે શનિવારે કામ કરવાનું શરૂ કરી દીધું છે. રાજ્યના મુખ્યપ્રધાન ડૉ. રમણસિંહે સુપ્રિમ કોર્ટના જજ મદન બી. લોકુરની સાથે તેનો શુભારંભ કર્યો છે. આ કોમર્શિયલ કોર્ટમાં વીડિયો કોન્ફરન્સિંગ, ઇ-કોર્ટ, ઇ-લાયબ્રેરી, ઇ-ફાઇલિંગ અને ઇ-સમન્સ જેવી આધુનિક સુવિધાઓ છે.

- **સ્માર્ટ સિટીમાં નવા ૯ શહેરોનો સમાવેશ કરાયો**

વધુ નવ રાજધાનીઓના સ્માર્ટ સિટીમાં સમાવેશને મંજૂરી આપી છે. આ શહેરોમાં પટના, થિરુવનંતપુરમ્, બેંગ્લુરુ, અમરાવતિ, ઇટાનગર અને ગંગટોકનો સમાવેશ થાય છે. આ શહેરો સ્પર્ધાના આગામી તબક્કામાં ભાગ લઇ શકશે. આ અહેવાલમાં એમ પણ જણાવ્યું છે કે, મંત્રાલયે જમ્મુ અને કાશ્મીર તથા ઉત્તર પ્રદેશની સરકારોને નિયમોની અવગણના કરીને બે શહેરોને નોમિનેટ કરવા મંજૂરી આપી છે.

- **ગ્લોબલ સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમમાં ત્રીજું સ્થાન ધરાવતો દેશ ભારત**

ભારત ગ્લોબલ સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ વચ્ચે ત્રીજું સ્થાન ધરાવતો દેશ બની ગયો છે. અહીં ૪૨૦૦ આધુનિક કંપનીઓ છે, જેમાંથી ૭૨ ટકાના સ્થાપકોની ઉંમર ૩૫ વર્ષથી ઓછી છે. આ સ્ટાર્ટ અપ ક્રાંતિમાં આપણે મહિલા સ્થાપકો અને સહસ્થાપકો સાથે મહિલા ઉદ્યોગ સાહસિકોનો ઉદય પણ થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૫માં સ્ટાર્ટ અપ ઇકો સિસ્ટમમાં આશરે ૯ ટકા સ્થાપકો અને સહસ્થાપકો મહિલા ઉદ્યોગ સાહસિકો હતા.

'વ્યવસાય કરવાની સરળતા' પર વિશ્વ બેંકના રિપોર્ટ ૨૦૧૬માં દુનિયાના ૧૮૯ દેશો વચ્ચે ભારતને ૧૩૦મું સ્થાન મળ્યું હતુ, પણ 'ધિરાણ મેળવવા'ના માપદંડ પર તેનું સ્થાન ૪૨મું હતુ.

ત્રણ, 'F.I.V.E.' (ફાઇવ) અભિગમ છે, જેમાં ઉદ્યોગ સાહસિકતાના વિવિધ તબક્કા સંકળાયેલા છે - ફંડિંગ, ઇન્ક્યુબેશન, વેસ્ટિંગ અને એક્સ્પાન્સ (વિસ્તરણ).

- **સ્વિસ બેંકોમાં વિદેશીઓની જમા રકમની યાદીમાં ભારત ૭૫મા ક્રમે**

સ્વિટ્ઝર્લેન્ડની બેન્કોમાં પોતાના નાગરિકોના જમા નાણાંની યાદીમાં ભારત ગબડીને ૭૫મા ક્રમે પહોંચી ગયું છે. જ્યારે આ યાદીમાં બ્રિટન સૌથી મોખરે છે. ગયા વર્ષે ભારત ૬૧મા ક્રમે હતું. ૨૦૦૭ સુધી ભારત ટોચના ૫૦ દેશોમાં હતુ. ૨૦૦૪માં ભારતનું સ્થાન ૩૭મું હતું.

સ્વિટ્ઝર્લેન્ડની સેન્ટ્રલ બેન્ક એસએનબી (સ્વિસ નેશનલ બેંક) દ્વારા પ્રસિદ્ધ લેટેસ્ટ આંકડા મુજબ કરાયેલા સ્વિસ બેન્કોમાંના સમગ્ર વિશ્વના વિદેશી ગ્રાહકોની જમા રકમ ૨૦૧૫ના અંત સુધીમાં આશરે ૪ ટકા ઘટીને ૧.૪૨ ટ્રિલિયન સ્વિસ ફ્રેન્ક (સીએચએફ) (આશરે ૯૮ લાખ કરોડ રૂપિયા) થઈ ગઈ છે.

**કયા દેશ કયા ક્રમે**

| ક્રમ | દેશ | જમા રકમ (સ્વિસ બેંકમાં) |
|---|---|---|
| ૧. | બ્રિટન | ૩૫૦ અબજ |
| ૨. | અમેરિકા | ૧૯૬ અબજ |
| ૧૭. | રશિયા | ૧૭.૬ અબજ |
| ૨૮. | ચીન | ૭.૪ અબજ |
| ૩૭. | બ્રાઝીલ | ૪.૮ અબજ |
| ૬૦. | દક્ષિણ આફ્રિકા | ૨.૨ અબજ |
| ૬૯. | પાકિસ્તાન | ૧.૫ અબજ |
| ૭૫. | ભારત | ૧.૨ અબજ |

- **દેશના એરપોર્ટથી બનેલી સૌર ઊર્જાથી શહેરોને વીજળી મળશે**

હવે એરપોર્ટ પર બનેલી સૌર ઊર્જાથી શહેરોને વીજળી મળશે. સરકારે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયાને વિમાન મથકો પર વધારાની સૌર ઊર્જા ઉત્પાદિત કરવાના નિર્દેશ આપ્યા હતા. એરપોર્ટ પોતાની વીજળી જરૂરિયાતો પૂરી કરીને બાકી બચેલી વીજળી ગ્રીડને આપી દેશે. એરપોર્ટ ઓથોરીટીના ૧૬ એરપોર્ટ પર ૫૧ લાખ યુનિટ વીજળી ઉત્પાદન થઇ ગયું છે.

- **અવિશ્વસનીય બહાદુરીનો એવોર્ડ વિજેતા રાધિકા પહેલી મહિલા**

ઇન્ડિયન નેવીની કેપ્ટન રાધિકા મેનન આઇએમઓ એવૉર્ડ

મેળવનારી દુનિયાની પહેલી મહિલા હશે. આ એવૉર્ડ ઈન્ટરનેશનલ મેરિટાઈમ ઓર્ગેનાઈઝેશન દ્વારા દરિયામાં અવિશ્વસનીય બહાદુરીનું કામ કરવા બદલ આપવામાં આવે છે. મેનનને આ એવૉર્ડ ગત વર્ષે દરિયામાં સાત માછીમારોનો જીવ બચાવવા બદલ મળશે. આંધ્રપ્રદેશના કાકીનાડામાં દરિયામાં તોફાનમાં ફસાયેલા માછીમારોનું બચવાનું મુશ્કેલ હતુ. તેમના પરિવારે તેમને મૃત માની અંતિમ સંસ્કારની તૈયારી કરી લીધી ત્યારે મેનને ઓપરેશન હાથ ધરી માછીમારોનો જીવ બચાવ્યો હતો. પાંચ વર્ષ પહેલા રાધિકા મેનન ઈન્ડિયન નેવીને પહેલી મહિલા કેપ્ટન બની હતી.

- **માફી યોજના પૂરી થયે બેનામી મિલકતો જપ્ત થશે**

ભારતમાં બેનામી એક્ટ અમલમાં આવ્યા પછી તમામ પ્રકારની મિલકત જપ્ત થશે. કેન્દ્રના રેવન્યુ સેક્રેટરી હસમુખ અઢિયાએ જણાવ્યું કે, ૧૯૮૮થી બેનામી એક્ટ તૈયાર કરાયો છે, પરંતુ આ કાયદામાં કેટલીક વિસંગતી હોવાને કારણે તે અમલી બનાવાયો નથી. કેન્દ્ર સરકાર સંસદના ચોમાસુ સત્ર દરમિયાન બેનામી એક્ટમાં આવશ્યક સુધારા માટે ખરડો લાવશે. સંસદમાં ખરડો પસાર થયા પછી સ્થાવર, જંગમ સહિત તમામ પ્રકારની બેનામી - છૂપી મિલકત જપ્ત થશે.

- **દેશમાં પોસ્ટથી ગંગાજળ મંગાવવાની સેવા શરૂ**

પોસ્ટથી ગંગાજળ મંગાવવાની સેવા શરૂ થઈ ગઈ છે. ગંગોત્રી અને ઋષિકેશથી સંગ્રહિત ગંગાજળ હવે લોકો પોસ્ટના માધ્યમથી મંગાવી શકશે. તેની શરૂઆત કેન્દ્રીય કાયદા અને ન્યાય તથા માહિતી ટેકનોલોજી મંત્રી રવિશંકર પ્રસાદે કરી છે.

- **ટેલ્ગો ટ્રેને ૧૮૦ કિમીની ઝડપે દોડી ભારતમાં ઈતિહાસ રચ્યો**

સ્પેનિશ ટેલ્ગો ટ્રેને ૧૩ જુલાઈએ ભારતમાં ઈતિહાસ રચ્યો હતો. દેશમાં પ્રથમવાર ૧૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ટ્રેન દોડી હતી. ટેલ્ગોનું મથુરાથી પલવલ સુધી ૮૪ કિ.મી.નું ટ્રાયલ રન સફળ રહ્યું હતું. ટેલ્ગોએ અત્યાર સુધી સૌથી વધુ ગતિએ દોડનારી ગતિમાન એક્સપ્રેસને પાછળ રાખી દીધી હતી. ગતિમાનની મહત્તમ સ્પીડ ૧૬૦ કિમી પ્રતિ કલાક છે. ટ્રેનને ૮૪ કિમીનું અંતર કાપતાં ૩૭ મિનિટનો સમય લાગ્યો હતો. આ ટ્રાયલમાં ૯ કોચનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

- **ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા પર સરકારને સૂચન કરી શકાશે**

કેન્દ્ર સરકાર હવે લોકોની વાત સીધી જ સાંભળશે. આ માટે તેણે 'ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા' વેબસાઈટ લૉન્ચ કરી છે. વેબસાઈટમાં નાગરિકોને તેમની વાત કરવા માટે એક સેક્શન અપાયું છે.

- **હવે ડીઝલ, પેટ્રોલ વાહનોમાં ઇલેક્ટ્રિક કિટ લગાવવી પડશે**

હવે ડીઝલ અને પેટ્રોલ વાહનોમાં ઈલેક્ટ્રિક કિટ અથવા હાઈબ્રીડ ઈલેક્ટ્રીક સિસ્ટમ લગાવવી પડશે. કેન્દ્ર સરકારે તેના માટે નિયમો જાહેર કરી દીધા છે. ઉત્સર્જનના નિયમોનું પાલન કરનારા વાહનોમાં જ આ કિટ લગાવાશે. વાહનોનું વજન ૩૫૦૦ કિલોથી વધારે ન હોવું જોઈએ. કિટ ત્રણ વર્ષ માટે માન્ય ગણાશે.

- **પોન્ડિચેરીમાં હવે સ્વચ્છ બાળસેના ગંદકી અટકાવશે**

અહીં બાળકોની સ્વચ્છ બાળસેના ગંદકી થતાં અટકાવશે. જેવી આ સેના કોઈને કચરો કે ગંદકી કરતા જોશે તો તાત્કાલિક પીળા રંગની સિસોટી વગાડીને તેમને અટકાવશે. તેમાં બીટ કોન્સ્ટેબલ બાળકોની મદદ કરશે. પોન્ડિચેરી પ્રથમ કેન્દ્રશાસિત પ્રદેશ છે જ્યાં સ્વચ્છ બાળસેના બનાવાઈ છે.

- **કોલેજોમાં બૌદ્ધિક સંપદા અધિકાર વૈકલ્પિક વિષય**

કોલેજોમાં બૌદ્ધિક સંપદા અધિકાર વૈકલ્પિક વિષય તરીકે અપાશે. યુજીસીએ દરેક યુનિવર્સિટીને આ માટે નિર્દેશ આપ્યા છે. તેના હેઠળ સંશોધન, ડિઝાઈન, લેખ, સિમ્બોલ, ઈમેજ નામ વગેરે સામેલ રહેશે.

- **બિહારમાં ઘરમાં દારૂ મળશે તો તમામ પુખ્તો સામે કેસ થશે**

બિહારમાં લગભગ ચાર મહિનાની સંપૂર્ણ દારૂબંધીના અનુભવને જોઈને નીતિશ સરકાર દારૂબંધીના કાયદાને વધુ કડક બનાવી રહી છે. જો કોઈના ઘરમાં દારૂ મળે તો તે ઘરના તમામ પુખ્તોને તેના માટે જવાબદાર અને દોષી ગણવામાં આવશે કે જ્યાં સુધી તેઓ પોતાની જાતને નિર્દોષ સાબિત ન કરી દે. આ અંગે બિહાર દારૂબંધી અને ઉત્પાદન કાયદો ૨૦૧૬નું નવું બિલ બન્યું છે. દારૂબંધીના કાયદાના ઉલ્લંઘનને બિનજામીનપાત્ર બનાવાયું છે. આગોતરા જામીન અને પ્રોબેશનની જોગવાઈઓ રદ કરાઈ છે. કેફી દ્રવ્યો જાહેર કરવાની સત્તા રાજ્ય સરકારને છે.

(૧) દારૂ પીને મારઝૂડ કરનાર પુરુષ વિરુદ્ધ ફરિયાદ થશે તો તેને નશામુક્તિ કેન્દ્રમાં રહેવું પડશે.

(૨) દારૂ માટે નવી કંપનીને લાઈસન્સ નહીં.

(૩) જૂની ડિસ્ટેલરી તેમજ બોટલિંગ પ્લાન્ટનાં લાઈસન્સને રિન્યુ કરાવી શકાશે.

(૪) લાઈસન્સી બોટલિંગ પ્લાન્ટ બીજા રાજ્યમાં દારૂ મોકલી

શકે છે પરંતુ તેમણે રાજ્યનો હોલોગ્રામ લગાવવો પડશે.

- **ટ્રેનના મુસાફરોને ૧૦ લાખ રૂપિયાનું વીમા કવચ મળશે**

ટ્રેનમાં મુસાફરીમાં આકસ્મિક ઘટના વખતે મુસાફરોને આર્થિક મદદ મળી રહે તે માટે રેલવે તંત્રે કવાયત હાથ ધરી છે. જેના માટે તંત્ર તરફથી દુર્ઘટના બાદ મૃત્યુ પામનારા કે કાયમી અશક્ત થનારા મુસાફરના સગાંને રૂ. ૧૦ લાખ સુધીની સહાય આપવાની યોજના તૈયાર કરાઈ છે. આ યોજનાનો સપ્ટેમ્બરથી અમલ કરાય તેવી શક્યતા છે. જેના માટે રેલવે તરફથી નવી વીમા યોજના તૈયાર કરાઈ રહી છે. આ યોજના હેઠળ મુસાફરનું મૃત્યુ થાય કે કાયમી અપંગતાના કિસ્સામાં રૂ. ૧૦ લાખ, હૉસ્પિટલમાં દાખલ થવાના કિસ્સામાં રૂ. ૫ લાખ સુધીની સહાય ચુકવાશે.

- **અબ્દુલ કલામ સ્મારકનો શિલાન્યાસ**

પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામની કબર પર રાષ્ટ્રીય સ્મારકની આધારશિલા મુકાઈ છે. તમિળનાડુના કેપી કુરુમ્બુમાં આ સ્મારક બનાવાશે.

- **મેડિકલ સ્ટોર પર બ્રાન્ડેડના બદલે જેનરિક દવા મળશે**

મેડિકલ સંચાલકો હવે ડૉક્ટરે લખેલી બ્રાન્ડેડ દવાના બદલે જેનરિક દવા આપી શકશે. કેન્દ્ર સરકારે મેડિકલ સંચાલકોને આ છૂટ આપવાનું નક્કી કર્યું હોવાનું કેન્દ્રીય મંત્રી અનંતકુમારે જણાવ્યું હતું.

- **નેતાજી સુભાષચંદ્ર અંગેની વધુ ૨૫ ફાઈલો જાહેર કરાઈ**

કેન્દ્ર સરકારે શુક્રવારે નેતાજી સુભાષચંદ્ર બોઝની વધુ ૨૫ ગુપ્ત ફાઈલો જાહેર કરી હતી. અત્યાર સુધીમાં કુલ પાંચ તબક્કામાં નેતાજીની ૨૨૫ ફાઈલો જાહેર થઈ ચૂકી છે.

- **નિર્ભયા કાંડ પર ફિલ્મ 'મર્ડર માધુરી'**

વર્ષ ૨૦૧૨માં દિલ્હીમાં થયેલા નિર્ભયાકાંડ પર 'મર્ડર માધુરી' નામથી ફિલ્મ બની છે. શુક્રવારે આ ફિલ્મ રિલિઝ થઈ હતી. તેનો પહેલો શો મુંબઈ, નાગપુર, ઈન્દોર, જયપુર, હૈદરાબાદ, કોલકાતા, પટણા, દિલ્હી, લખનઉ અને અમૃતસરમાં થયો હતો. આ તમામ જગ્યાએ મહિલાઓ માટે મફત સ્ક્રિનિંગ રાખ્યું હતું. ફિલ્મના નિર્દેશક અલી મોહંમદ ઉસ્માને કહ્યું હતું કે આ એક ઘટનાને દર્શાવવા ઉપરાંત મહિલા સશક્તિકરણને સલામ કરે છે.

- **૧૩૦ દેશોના હ્યુમન કેપિટલ ઇન્ડેક્સમાં ભારતનો ક્રમ ૧૦૫મો : ફિનલેન્ડ પહેલા ક્રમે**

ચીની શહેર તિઆનજીનમાં ગ્લોબલ હ્યુમન કેપિટલ ઈન્ડેક્સ (વૈશ્વિક માનવ સંપદા અનુક્રમે) જાહેર કરવામાં આવ્યો હતો. ૧૩૦ દેશોના આ લિસ્ટમાં ભારતનો ક્રમ ૧૦૫મો છે. હ્યુમન કેપિટલ એટલે સાદા અર્થમાં માનવિય આવડતો. કોઈ પણ રાષ્ટ્ર પોતાના ટેલેન્ટેડ લોકોનો કેટલો ઉપયોગ દેશના હિતમાં કરી શકે છે, તેના આધારે હ્યુમન કેપિટલ ઈન્ડેક્સ તૈયાર થાય છે.

જે દેશ પોતાની ટેલેન્ટનો મહત્તમ ઉપયોગ કરતો હોય, એ પહેલા ક્રમે આવે અને ઓછામાં ઓછી ઉપયોગ કરતો હોય એ છેલ્લા ક્રમે. આ ટેલેન્ટથી દેશને આર્થિક લાભ કેટલો થાય છે તે પણ ઈન્ડેક્સમાં મહત્ત્વનો મુદ્દો છે. આ લિસ્ટમાં પહેલા ક્રમે યુરોપિયન દેશ ફિનલેન્ડ આવ્યો છે. વિશ્વના દેશો સરેરાશ પોતાની ટેલેન્ટનો ૬૫ ટકા ઉપયોગ કરે છે. તેની સામે ભારતમાં ટેલેન્ટનો ઉપયોગ ૫૭ ટકા જ થાય છે. એટલે કે ૪૩ ટકા ટેલેન્ટ હજુ વણ વપરાયેલી પડી રહી છે. દેશના ટેલેન્ટેડ લોકોને પૂરતી તક મળતી નથી એમ પણ કહી શકાય. લિસ્ટમાં ટોચ પર આવેલા દેશો ફિનલેન્ડ, નોર્વે અને સ્વીડન ટેલેન્ટનો ૮૫ ટકા કરતાં વધારે ઉપયોગ કરે છે. સ્વિત્ઝરલેન્ડ સ્થિત સંગઠન વર્લ્ડ ઈકોનોમિક ફોરમે આ ઈન્ડેક્સનો ૪૮ પાનોનો રિપોર્ટ જાહેર કર્યો છે. બ્રિક્સ સંગઠનના દેશોમાં ભારત સૌથી છેલ્લા ક્રમે છે. બ્રિક્સમાં રશિયા ૨૮, ચીન ૭૧, બ્રાઝિલ ૮૩ અને દક્ષિણ આફ્રિકા ૮૮મા ક્રમે છે. આ દેશો ભારતની જેમ જ પ્રગતિશીલ ગણાય છે, છતાં ટેલેન્ટના વપરાશમાં ભારતથી ક્યાંય આગળ છે. જોકે પાકિસ્તાન ભારતથી પાછળ ૧૧૮મા ક્રમે છે. અમેરિકા આ લિસ્ટમાં ૨૪મા ક્રમાંકે છે.

- **EMRCને શૈક્ષણિક પ્રોગ્રામ્સ માટે UGCએ નોડલ એજન્સી બનાવી DTH ચેનલ ફાળવી**

ભારત સરકાર દ્વારા જાહેર થનારી નવી રાષ્ટ્રીય શૈક્ષણિક નીતિ હેઠળ યુજીસી દ્વારા ઓનલાઈન એજ્યુકેશન પ્રોગ્રામ્સ દાખલ થનાર છે ત્યારે યુજીસીએ ગુજરાત યુનિ.ના ઈએમઆરસીને એજ્યુકેશનલ પ્રોગ્રામ્સ માટે દેશના તમામ ઈએમઆરસીની નોડલ એજન્સી બનાવી છે. ઉપરાંત યુજીસીના એજ્યુકેશનલ પ્રોગ્રામ્સ માટે ડીટીએચ ચેનલ ફાળવી છે.

- **દેશના ટોપ-૧૦ સૌથી સ્વચ્છ રેલવે સ્ટેશન : ગુજરાતના પાંચનો સમાવેશ**

ગુજરાતના ગાંધીધામ, જામનગર, સુરત, રાજકોટ અને અંકલેશ્વર દેશના ટોચના ૧૦ સ્વચ્છ રેલવે સ્ટેશનમાં સામેલ છે તેવું ભારતીય રેલવે દ્વારા હાથ ધરાયેલા સર્વેક્ષણમાં સામે આવ્યુ છે.

દેશના સૌથી સ્વચ્છ રેલવે સ્ટેશન

(૧) બીસ (૨) ગાંધીધામ (૩) વાસ્કો ડ ગામા (૪) જામનગર (૫) કુમ્બાકોનમ (૬) સુરત (૭) નાસિત રોડ (૮) રાજકોટ (૯) સાલેમ (૧૦) અંકલેશ્વર

- **ગોવા અને કેરળને પછાડી સતત બીજા વર્ષે તમિલનાડુ નં. ૧ પર્યટન સ્થળ**

મહારાષ્ટ્ર, ગોવા અને કેરળને પાછળ રાખી તામિલનાડુએ ઘરેલું અને વિદેશી પર્યટકોને આકર્ષવામાં સતત બીજા વર્ષે ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. પર્યટન મંત્રાલયના આંકડા અનુસાર, વર્ષ ૨૦૧૫માં તામિલનાડુમાં વિદેશથી આવેલા પર્યટકોની સંખ્યા ૪૬.૮૦ લાખ હતી. આ આંકડો ૨૦૧૪માં ૪૬.૬૦ લાખ હતો. ૨૦૧૫માં ભારતમાં કુલ ૩૩ કરોડ ૩૫ લાખ વિદેશી પર્યટકો ફરવા આવ્યા હતા. તો બીજી તરફ 'ખૂશ્બુ ગુજરાત કી' ખાસ ફેલાઈ શકી નથી. ઘરેલું પર્યટકોને આકર્ષવામાં શ્રેષ્ઠ દેખાવ કરનાર રાજ્યોની યાદીમાં ગુજરાતને ૯મું સ્થાન હાંસલ થયું છે.

- **ભારતીય કંપનીઓ પારદર્શિતામાં, જ્યારે ચીનની ભ્રષ્ટાચારમાં સૌથી આગળ**

ભ્રષ્ટાચાર પર નજર રાખનારી ગ્લોબલ એજન્સી ટ્રાન્સપેરન્સી ઈન્ટરનેશનલના સર્વેમાં આ વાતનો ખુલાસો કરવામાં આવ્યો છે. રિપોર્ટમાં બ્રાઝિલ, મેક્સિકો અને રશિયા સહિત વિકાસશીલ કુલ ૧૫ દેશોની ૧૦૦ કંપનીઓને સાંકળવામાં આવી હતી. ૨૦૧૩ના ટ્રાન્સપેરન્સી ઈન કોર્પોરેટ રિપોર્ટીંગ સર્વે બાદ ઓવરઓલ સ્કોરમાં ઘટાડો નોંધાયો છે અને ત્રીજા ભાગની કંપનીઓએ અડધાથી ઓછો સ્કોર કર્યો હતો.

**ભારતીય અને ચીન વચ્ચે તફાવત**

ટ્રાન્સપેરન્સી ઈન્ટરનેશનલે જણાવ્યું છે કે, નબળી ભ્રષ્ટાચાર વિરોધી નીતિઓ અને પ્રણાલિઓના માપદંડ અનુસાર પોતાને ખુલ્લા મનવાળી રાખવામાં નિષ્ફળતાને કારણે ચીનના પરિમામો સૌથી ખરાબ આવ્યા છે. બીજી તરફ, ફાઈનાન્સિયલ ડિસ્કલોઝરને લઈ સરકારના કડક વલણમાં ભારતીય કંપનીઓનું યાદીમાં ટોચના સ્થાને દબદબો છે. ટેલિકોમ કંપની ભારતી એરટેલે ૧૦માં ૭.૩ સ્કોર સાથે ભારતને યાદીમાં પ્રથમ સ્થાન આપ્યું છે. તે બાદ તાતા અને વિપ્રોની ૬ કંપનીઓનો નંબર આવે છે.

- **નાણાકીય રોકાણ મામલે ગુજરાત - દિલ્હી સૌથી શ્રેષ્ઠ, બિહાર - ઝારખંડ સૌથી ખરાબ**

ગુજરાત અને દિલ્હી ભારતમાં નાણાકીય રોકાણ કરવા માટે શ્રેષ્ઠ રાજ્યો છે જ્યારે બિહાર અને ઝારખંડ સૌથી ખરાબ રાજ્યો છે. આંધ્ર પ્રદેશ અને તામિલનાડુ ઉદ્યોગ કરવા માટે સૌથી ભ્રષ્ટ રાજ્યો છે. જમીન સંપાદન અને પર્યાવરણીય મંજૂરી તથા સ્વીકૃતિ માટે પશ્ચિમ બંગાળ સૌથી જટિલ રાજ્ય જાહેર કરવામાં આવ્યા છે. તાજેતરમાં નેશનલ કાઉન્સિલ ફોર એપ્લાઈડ ઈકોનોમિક રિસર્ચના આંકડા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં લેબર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રોકાણનું વાતાવરણ, રાજકીય સ્થિરતા, શાસન અને સારા ઉદ્યોગ માટેના વાતાવરણની સમજને આધારે આંકડા પર વિશ્લેષણ કરી યાદી બહાર પાડવામાં આવી હતી. આ અભ્યાસ રાજ્યોને બે તબક્કામાં વહેંચીને કરવામાં આવ્યો હતો. જેને N-SIPI 21 અને N-SIPI 30 નામ અપાયા હતા. N-SIPI 21 ઈન્ડેક્ષમાં ગુજરાત ટોચના સ્થાને રહેવા પામ્યું હતું જે બાદ દિલ્હીનો નંબર આવે છે અને ત્રીજા ક્રમે તામિલનાડુ આવે છે તેવી જ રીતે N-SIPI 30ની યાદીમાં દિલ્હી, ગુજરાત અને તામિલનાડુ અનુક્રમે આવે છે. પાંચ રાજ્યોની આ યાદીમાં બિહાર અને ઝારખંડ બંનેતબક્કે છેલ્લા સ્થાને રહેવા પામ્યા છે.

- **૬. સુદાનમાં ફસાયેલાં ભારતીયોને બચાવવા 'ઓપરેશન સંકટ મોચન'**

દક્ષિણ સુદાનમાં ગૃહ યુદ્ધને પગલે ચાલી રહેલી હિંસામાં ત્યાં વસતાં ૬૦૦ જેટલા ભારતીયો ફસાયાં છે. સુદાનની રાજધાની જુબામાં ૪૫૦ અને તેની બહાર ૧૫૦ જેટલાં ભારતીયો ફસાયેલાં છે. ભારત સરકારે આ ભારતીયોને બચાવવા અને હેમખેમ ભારત પાછાં લાવવા માટે 'ઓપરેશન સંકટમોચન' હાથ ધર્યું છે. એરફોર્સના જવાનોને આ માટે કામગીરી સોંપાઈ છે. રાજ્યકક્ષાના વિદેશપ્રધાન જનરલ વી. કે. સિંહની દેખરેખ હેઠળ આ અભિયાન હાથ ધરાયું છે તેમ વિદેશપ્રધાન સુષ્મા સ્વરાજે જણાવ્યું હતું. ભારતનાં ૨૫૦૦ સૈનિકો સંયુક્ત રાષ્ટ્રનાં શાંતિ મિશનમાં સુદાનમાં કામ કરી રહ્યાં છે.

- **મહારાષ્ટ્રમાં ઓવૈસીની** AIMIM **સહિત ૧૯૧ રાજકીય પક્ષોની માન્યતા રદ થઈ**

વારંવાર નોટિસ આપવા છતાં આવકવેરાનું રિટર્ન અને ઓડિટ કરાયેલી બેલેન્સશીટ સુપરત ન કરનારા મહારાષ્ટ્રના ૧૯૧ રાજકીય પક્ષોની નોંધણી રાજ્યના ચૂંટણી પંચે રદ કરી છે. જેમની નોંધણી રદ કરવામાં આવી છે તેવા રાજકીય પક્ષોમાં અસદુદ્દીન ઓવૈસીની ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન (એમઆઈએમ)નો પણ સમાવેશ થાય છે.

- **હેપીનેસ મિનિસ્ટ્રી બનાવવાને એમ.પી. કેબિનેટની મંજૂરી**

મધ્યપ્રદેશ કેબિનેટ દ્વારા શુક્રવારે હેપીનેસ મંત્રાલયને મંજૂરી આપવામાં આવી છે. દેશમાં પહેલી વખત કોઈપણ પ્રદેશમાં આવું મંત્રાલય બની રહ્યું છે. મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે જાતે જ મધ્ય પ્રદેશના પહેલા આનંદ મંત્રી (હેપીનેસ મિનિસ્ટર) બનશે. રાજ્યમાં પહેલી વખત એપ્રિલ ૨૦૧૬માં હેપીનેસ મંત્રાલય શરૂ કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. મધ્ય પ્રદેશ સરકારે આ માટે વેનેઝુએલા અને ભૂતાનની અલગ-અલગ ટીમને બોલાવીને આ મુદ્દે ચર્ચા - વિચારણા કરી છે.

### ક્યાંથી શરૂઆત થઈ

યુએસઈનાં એક પગલા બાદ અચાનક ચર્ચામાં આવેલો આનંદ મંત્રાલય અથવા તો લોકોને આનંદ આપવાનો વિચાર સૌથી પહેલાં ૧૯૭૨માં ભૂતાનમાં શરૂ કરવામાં આવ્યો હતો. તે સમયે ભૂતાને ગ્રાસ નેશનલ હેપીનેસ ઈન્ડેક્સ (જીએનએચ)ની શરૂઆત કરી હતી. આ પહેલી વાર હતું જ્યારે કોઈ દેશે પોતાના નાગરિકોનું હેપીનેસ લેવલ તપાસ્યું હતું. જાણીને નવાઈ લાગશે કે ભૂતાનની અર્થવ્યવસ્થાનું માપદંડ ઘરેલું ઉત્પાદન (જીડીપી) નથી હોતું પણ ત્યાં જીએનએચના આધારે અર્થતંત્ર કામ કરે છે. વિશ્વમાં ભૂતાન પહેલો દેશ છે જ્યાં આ રીતે દેશ અને ત્યાંના લોકોના વિકાસનો માપદંડ નક્કી કરવામાં આવે છે. ભૂતાનમાં પહેલી વખત હેપીનેસમંત્રીની નિમણૂક કરી હતી.

### ઘણા દેશોમાં પહેલા

૨૦૧૩માં વેનેઝુએલામાં મિનિસ્ટ્રી ઓફ હેપીનેસની શરૂઆત કરી હતી. ત્રણ વર્ષમાં અહીં લોકોનાં આનંદનું સ્તર કેટલું વધ્યું તે જાણવા મળ્યું નથી. આ એક વાસ્તવિક્તા છે કે, બે વર્ષમાં જ વેનેઝુએલા હેપીએસ્ટ દેશોની યાદીમાં ૨૦મા સ્થાનેથી સરકીને ૨૩મા સ્થાને જતો રહ્યો.

### ભારત સોમાલિયાથી પાછળ

હેપીનેસ ઈન્ડેક્સની વાત કરીએ તો ચીન અને પાકિસ્તાન તો ઠીક છે, સોમાલિયાથી ભારત પાછળ છે. ૨૦૧૬માં દુનિયાના ૧૫૭ દેશોના હેપીનેસ ઈન્ડેક્સમાં ભારત ૧૧૮મા સ્થાને આવ્યો હતો. આ પહેલાં ભારતની સ્થિતિ સારી હતી. ચીનની વાત કરીએ તો તે આ યાદીમાં ૮૩મા અને પાકિસ્તાન ૯૨મા ક્રમે છે. ચાંચિયાોથી ઘેરાયેલો સોમાલિયા આ યાદીમાં ૭૬મા ક્રમે છે.

### દુનિયાના સૌથી ખુશ દેશો

દુનિયાના ટોચના દસ સૌથી ખુશ દેશોમાં ડેન્માર્ક ૭.૫૨૬ એક સાથે ટોચનાં સ્થાને છે. આ અભ્યાસ માટે દરેક દેશમાં ૩,૦૦૦ લોકો સાથે કેટલાક સવાલ - જવાબ કરવામાં આવ્યા હતા. આ સવાલ દેશના જીડીપી, સ્વસ્થ જીવન પ્રત્યાશા, સામાજિક સપોર્ટ, સ્વતંત્રતા, ઉદારતા અને ભ્રષ્ટાચાર સાથે જોડાયેલા મુદ્દે હતા.

- **જાતીય સતામણીની ફરિયાદ કરનારી કેન્દ્રીય મહિલા કર્મચારીને ત્રણ મહિનાની રજા મળશે**

કેન્દ્ર સરકારે જણાવ્યું છે કે જાતીય સતામણીની ફરિયાદ કરી ચૂકેલી કેન્દ્ર સરકારની મહિલા કર્મચારીને તપાસ ચાલુ હશે તે દરમિયાન ત્રણ મહિનાની સવેતન રજા મળશે.

આ રજાઓ કેન્દ્ર સરકારના કર્મચારીઓને મળતી રજાઓઉપરાંતની હશે. જાતીય સતામમીના કેટલાક કેસોમાં ફરિયાદ ઊઠી હતી કે આરોપી ફરિયાદીને ધમકી આપવા કે તેના પર દબાણ લાવવા પ્રયાસ કરતા હતા.

ફરિયાદ થયા પછી તે મહિલા કર્મચારીને તપાસ બાકી હશે ત્યાં સુધી મહત્તમ ૯૦ દિવસની રજા મળશે. આ રાહે આપવામાં આવેલી રજાને તેના રજાના હિસાબમાંથી કાપવામાં નહીં આવે. કાર્યનાં સ્થળે મહિલાની જાતીય સતામણીને અંકુશમાં લેવા માટે વર્ષ ૨૦૧૩માં ઘડાયેલા કાયદા હેઠળ આ જોગવાઈ કરવામાં આવેલી છે.

કાયદામાં ત્રણ મહિનાની રજાની જોગવાઈ હતી. પરંતુ કેન્દ્ર સરકારે સેવાનિયમોમાં તેનો અમલ શરૂ નહોતો કર્યો. કેન્દ્ર સરકારે હવે કેન્દ્ર સરકાર સેવા (રજા) નિયમો, ૧૯૭૨માં પણ આ મુજબની જોગવાઈ કરી છે.

આ જોગવાઈ થતાં જાતીય સતામણીનો ભોગ બનેલી મહિલા કર્મચારીઓને ભારે રાહત મળશે. આરોપીની હાજરીમાં કાર્યસ્થળ પર સહેવા પડતાં માનસિક દબાણથી તેને મુક્તિ મળશે. જાતીય સતામણી એટલે શાબ્દિક કે બિનશાબ્દિક જાતીય વર્તણૂક, શારીરિક સ્પર્શ કરવા થયેલા પ્રયાસ કે જાતીય સુખ માટેની અનિચ્છનીય માંગણીનો પણ તેમાં સમાવેશ થાય છે.

- **૨૯ લોકો સાથે એરફોર્સનું પ્લેન બંગાળની ખાડી પરથી ગાયબ**

ભારતીય વાયુસેનાનું એરક્રાફ્ટ એએન-૩૨ ગાયબ થઈ ગયું છે.આ એરક્રાફ્ટ ચેન્નઈથી પોર્ટબ્લેર જઈ રહ્યું હતું. જેમાં એરફોર્સના ૨૯ લોકો સવાર હતાં, જેમાંથી ૬ ક્રૂ મેમ્બર છે. આ પ્લેનેશુક્રવારે સવારે ચેન્નઈથી ઉડાન ભરી હતી. તેણે ૧૧.૩૦ વાગ્યે પોર્ટબ્લેર ઊતરવાનું હતું. જોકે, ઉડાન ભર્યાની ૧૬ મિનિટ બાદ તેનો સંપર્ક કપાઈ ગયો હતો.

- **દેશનાં સૌપ્રથમ ગ્રીન ટ્રેન કોરિડોરનો રામેશ્વરમ - મનામદુરાઈ વચ્ચે આરંભ**

રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ રવિવારે જણાવ્યું હતું કે ટ્રેનમાં ૩૫,૧૦૪ બાયો ટોઈલેટ્સ પૂરાં પાડવામાં આવ્યાં છે અને વર્તમાન નાણાકીય વર્ષમાં વધુ ૩૦,૦૦૦ બાયો ટોઈલેટ્સ પૂરાં પાડવામાં આવશે. ચેન્નઈ રેલવે સ્ટેશનેથી વીડિયો કોન્ફરન્સિંગની મદદથી રામેશ્વરમઅને મના મદુરાઈ વચ્ચે દેશના સૌ પ્રથમ ગ્રીન કોરિડોરનું ઉદ્‌ઘાટન કરતાં રેલવેપ્રધાન સુરેશ પ્રભુએ આ માહિતી આપી હતી. આ કોરિડોર પર દોડનારી તમામ ટ્રેન બાયો ટોઈલેટ્સ ધરાવતી હશે. તેને કારણેટ્રેક પર મળ જોવા નહીં મળે. રેલવેપ્રધાને ચેન્નઈ રેલવે સ્ટેશને વાઈ-ફાઈ સુવિધાનું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું.

# બંધારણ -કાયદો

## ● વર્કિંગ વુમન છૂટાછેડા બાદ મેન્ટેનન્સ ના લઇ શકે : અલ્હાબાદ વડી અદાલત

અલ્હાબાદ હાઈકોર્ટે નીચલી કોર્ટના એક ચુકાદાને રદ કરતા કહ્યું હતુ કે જે મહિલાઓ નોકરી કરે છે તેઓ છૂટાછેડા બાદ પૂર્વ પતિ પાસેથી મેન્ટેનન્સ માટે નાણાં લેવા માટે અધિકૃત નથી. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં નીચલી અદાલતે છૂટાછેડાના એક કેસમાં શિવપાલ સિંહને તેમની પત્નીને દર મહિને ૫ હજાર રૂપિયા આપવાનો નિર્ણય આપ્યો હતો. તેની વિરુદ્ધ શિવપાલ સિંહે હાઈકોર્ટમાં અરજી કરી હતી. જસ્ટિસ સુધીર કુમાર સક્સેનાની બેન્ચે શિવપાલની અરજીને યોગ્ય ગણાવતા કહ્યું હતું કે તેમની પત્ની નોકરીયાત છે. તેથી ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ હેઠળ તે મેન્ટેનન્સ ના લઈ શકે.

## ● સુપ્રિમનો ઐતિહાસિક ચુકાદો : રાજ્યપાલના નિર્ણયો રદ કર્યા

ઉત્તરાખંડ પછી અરુણાચલ મામલે પણ કેન્દ્ર સરકારને ફટકા સાથે નાલેશી વહોરવાનો વારો આવ્યો છે. જ્યારે ડૂબતી કોંગ્રેસને સંજીવની મળી ગઈ છે. સુપ્રિમે ઐતિહાસિક ચુકાદામાં અરુણાચલમાં કોંગ્રેસની સરકારને બહાલ કરવાનો આદેશ આપ્યો હતો. ૫ જજની બેંચે સુનાવણીમાં કહ્યું - રાજ્ય સરકારોને ઊથલાવવા અરુણાચલ જેવો પ્રયોગ ઘાતક થઈ શકે છે, કોર્ટને અધિકાર છે કે તે ઘડિયાળના કાંટા ઊંધા ફેરવી શકે.

## ● મંત્રી - બ્યુરોક્રેટ્સ અને ૭૦ વર્ષથી વધુનાં માટે બી.સી.સી.આઈ.માં હોદ્દો નહીં - લોઢા સમિતિ

સુપ્રિમ કોર્ટે બીસીઆઈમાં ધરખમ ફેરફારો કરવા માટે નીમવામાં આવેલી જસ્ટિસ લોઢા સમિતિની મોટા ભાગની ભલામણો સ્વીકારી લીધી છે. આ ભલામણોનો અમલ કરવા માટે બીસીસીઆઈને છ મહિનાનો સમય આપવામાં આવ્યો છે. તેની દેખરેખ રાખવાની જવાબદારી જસ્ટિસ લોઢાને સોંપવામાં આવી છે. સુપ્રિમના ચુકાદા પછી બીસીસીઆઈમાં કોઈ મંત્રી, બ્યુરોક્રેટ્સ અને ૭૦ વર્ષથી વધુ વયના લોકો હોદ્દો મેળવી શકશે નહીં. ચીફ જસ્ટિસ ટી. એસ. ઠાકુર અને જસ્ટિસ ઈબ્રાહિમ કલિફુલ્લાએ આ ચુકાદો આપ્યો હતો. જાન્યુઆરી ૨૦૧૫માં સુપ્રિમ કોર્ટે જસ્ટિસ લોઢાના વડપણ હેઠળ એક સમિતિ બનાવી હતી. સમિતિને બીસીસીઆઈની ગતિવિધિઓની સમીક્ષા કરવા અને બોર્ડમાં જરૂરી સુધારા અંગેનો અહેવાલ તૈયાર કરવા માટે જણાવવામાં આવ્યું હતું.

## ● કાશ્મીરના કેસ અન્ય રાજ્યોમાં મોકલી શકાય

સુપ્રિમ કોર્ટે એક નિર્ણય લીધો છે જેમાં કહેવામાં આવ્યું છે કે જમ્મુ અને કાશ્મીરનાં ન્યાયાલયોમાં ચાલી રહેલા કેસ બીજા રાજ્યોમાં ટ્રાન્સફર થઈ શકશે. ચીફ જસ્ટિસ ટી. એસ. ઠાકુરની અધ્યક્ષતાવાળી પાંચ જજોની પેનલે આ નિર્ણય લીધો છે. અત્યાર સુધી જમ્મુ - કાશ્મીરમાં આવું નહોતું.

કોર્ટે કહ્યું છે કે, અનુચ્છેદ ૨૧ દરેકને ન્યાયનો અધિકાર આપે છે. જો કોઈ બીજા રાજ્યમાં પહોંચવા માટે અક્ષમ છે તો તે ન્યાય મેળવવામાં વંચિત રહી જાય છે. એવામાં સુપ્રિમ કોર્ટને અધિકાર છે કે અનુચ્છેદ ૧૩૬ અંતર્ગત દરેકને ન્યાય આપે. સીઆરપીસીની કલમ ૨૫ અંતર્ગત દેશના કોઈ પણ રાજ્યમાંથી બીજા રાજ્યમાં કેસ ટ્રાન્સફર થઈ શકે છે. જમ્મુ - કાશ્મીરમાં લાગુ પિનલ કોડમાં આ લાગુ પડતું નથી, જેથી કેસ ટ્રાન્સફર થતો નથી.

## ● કેન્દ્ર સરકારે કલકત્તા, મદ્રાસ અને બોમ્બે હાઈકોર્ટના નામ બદલ્યાં

કેબિનેટ કમિટી ઓન ઈકોનોમિક અફેર્સે કલકત્તા હાઈકોર્ટ, બોમ્બે હાઈકોર્ટ અને મદ્રાસ હાઈકોર્ટના નામ બદલવામાં આવ્યા છે. તેઓ હવે અનુક્રમે કોલકાતા હાઈકોર્ટ, મુંબઈ હાઈકોર્ટ અને ચેન્નઈ હાઈકોર્ટ તરીકે ઓળખાશે.

## ● ડેવલપમેન્ટ પ્લાનિંગમાં મેટ્રોપોલિટન ઓથોરિટીનો હસ્તક્ષેપ ફરજિયાત

૧૯૯૨માં ભારત સરકારે ત્રિસ્તરીય લોકતાંત્રિક વ્યવસ્થામાં સ્થાનિક વિસ્તારના વિકાસ માટે નાગરિકોને અધિકારો આપવા બંધારણમાં ૭૪મો સુધારો કર્યો હતો. તેના ૨૪ વર્ષ પછી ગુજરાત હાઈકોર્ટના આદેશને પગલે રાજ્ય સરકારને ફરજ પડતા અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં મેટ્રોપોલિટન ઓથોરિટીની રચના થઈ છે. હવે આ ઓથોરિટી જ શહેરી વિસ્તારોના ડેવલપમેન્ટ પ્લાન બનાવશે. અત્યારે આ જવાબદારી ઔડા, રૂડા, સુડા, વુડા જેવી ઓથોરિટીઓ પાસે છે.

# વિશ્વ

- **લાંચ મામલે ચીનના પૂર્વ રાષ્ટ્રપતિ જિંતાઓના સહયોગીને જન્મટીપ**

ચીનના પૂર્વ રાષ્ટ્રપતિ હૂ જિંતાઓના નજીકના સહયોગી લિંગ જી હુઆ (૫૯)ને કોર્ટે જન્મટીપની સજા ફટકારી છે. કોર્ટે તેને લાંચ લેવા, ગેરકાયદે રીતે ગુપ્ત દસ્તાવેજો લેવા અને સત્તાના દુરુપયોગ કરવાના ગુના હેઠળ દોષી ઠેરવ્યો છે. તેની વિરુદ્ધમાં તેની પત્નીએ જ સાક્ષી પૂરી હતી.

- **ટોરેન્ટ પ્રતિબંધિત થતાં ૨૪ કલાકમાં જ ક્લોન સાઈટ શરૂ**

પોલેન્ડમાં ટોરેન્ટની વેબસાઇટના ફાઉન્ડર અર્ટેમ વાઉલિનની ધરપકડથી પાઈરસી જગતમાં હડકંપ મચી ગયો છે. આ પછી અમેરિકાએ સાઈટને બંધ કરી દીધી છે. પરંતુ ૨૪ કલાકની અંદર ટોરેન્ટની ક્લોન સાઈટ સક્રિય થઇ ગઇ છે. આરોપ એવો છે કે ટોરેન્ટે અમેરિકન ફિલ્મ ઇન્ડસ્ટ્રીને ૧૦૦ કરોડ ડોલરનું નુકસાન કરાવ્યું છે.

**શું છે ટોરેન્ટ**

ટોરેન્ટને કેટના નામે પણ ઓળખવામાં આવે છે. આ દુનિયાની સૌથી વધારે ફાઈલિંગ શેરીંગ કરતી સાઈટ છે. મોટી ફિલ્મો ઓછા ડેટામાં સરળતાથી ડાઉનલોડ થઈ જાય છે. kickasstorrents.com, kay.ph, and kat.cr. જેવા કેટલાય ડોમેઇનથી આ સાઈટ કાર્યરત છે.

૨૦૦૬માં સાઈટની સ્થાપના થઈ હતી. આ સાઈટ ગેરકાયદાકીય રીતે લોકોને ફિલ્મ, મ્યુઝિક અને અન્ય ડેટા ઉપલબ્ધ કરાવે છે. આ સાઈટનો ફાઉન્ડર ૨૦૧૨થી જ એફબીઆઈના રડાર પર હતો. ઈન્ટરનેટની દુનિયામાં તેનો કોઈ ફોટો નથી. દરેક કામ યુક્રેનથી કરવામાં આવે છે અને દુનિયાભરમાં તેની ગેરકાયદાકીય ઓફિસ છે.

**અટ્રેમ વાઉલિન**

યુક્રેનના ખારકીવમાં જન્મેલ ૩૦ વર્ષના વાઉલિનને યુક્રેનિયમ, રશિયા અને અંગ્રેજી ભાષા આવડે છે. અટ્રેમ ક્રિપ્ટોનીટ નામની સોફ્ટવેર કંપની ચલાવે છે. ટોરેન્ટનું કામ અહિયાંથી જ થાય છે. તેની કંપનીમાં ૨૦ લોકો છે અને તે ટિર્મ નામથી જાણીતા છે.

- **યાહુ વેચાઈ ગઈ**

૨૨ વર્ષ જૂની અને એક જમાનામાં ઈન્ટરનેટનો પર્યાય માનવામાં આવતી યાહૂ સોમવારે વેચાઈ ગઈ છે. વેરાઈઝન કોમ્યુનિકેશન્સે તેનો કોર ઈન્ટરનેટ બિઝનેસ ૪.૮ અબજ ડોલર (રૂ. ૩૨ હજાર કરોડ)માં ખરીદી લીધો છે. સોદા અંતર્ગત યાહૂના સર્ચ, મેલ, ઈન્સ્ટન્ટ મેસેન્જિંગ અને એડવર્ટાઈઝિંગ ટેકનોલોજી વેરાઈઝનને મળશે. સોદો આગામી વર્ષે પૂરો થવાની શક્યતા છે. યાહૂનું હાલનું બજાર મૂલ્ય રૂ. ૨.૪૮ લાખ કરોડનું છે.

ચીનની ઈ-કોમર્સ કંપની અલીબાબામાં યાહૂની ભાગીદારી અને યાહૂ જાપાનનો આ સોદામાં સમાવેશ થતો નથી. આ બંને રોકાણનું હાલનું બજારમૂલ્ય ૪૧ અબજ ડોલર (રૂ. ૨.૭૫ લાખ કરોડ)નું છે.

અલીબાબામાં યાહૂની લગભગ ૧૫ ટકાની ભાગીદારી છે. યાહૂએ ૨૦૦૫માં તે માત્ર રૂ. ૬૭૦૦ કરોડમાં ખરીદી હતી. તેનું મૂલ્ય હાલમાં રૂ. ૨.૧૫ લાખ કરોડનું થઇ ગયું છે. વેરાઈઝન અમેરિકાની સૌથી મોટી વાયરલેસ કોમ્યુનિકેશન કંપની છે. તેણે ગયા વર્ષે ઓનલાઈન કંપની એઓએલ રૂ. ૨૯ હજાર કરોડમાં ખરીદી હતી.

હવે યાહૂ મેલ, ફ્લિકર અને ટેબલર સહિત તેની ૨૫ બ્રાન્ડ થઇ ગઈ છે. યાહૂની સ્થાપના ૧૯૪૪માં થઇ હતી. પરંતુ તાજેતરનાં વર્ષોમાં તેની આર્થિક સ્થિતિ ખૂબ જ કથળી ગઈ હતી. કંપનીની સ્થિતિ સુધારવા માટે મારિસા મેયરને ૨૦૧૨માં સીઈઓ બનાવવામાં આવ્યાં હતાં. પરંતુ તેમનાં આગમન બાદ યાહૂનું મૂલ્ય ૪૫ ટકા ઘટી ગયું હતું. જૂનના ત્રિમાસિક ગાળામાં તેને રૂ. ૩ હજાર કરોડની ખોટ થઇ હતી.

૧૪ વર્ષ પહેલાં યાહૂ ગૂગલને ખરીદવા માગતી હતી

(૧) ૧૯૯૪માં યાહૂની સ્થાપના થઈ. તેનું આખું નામ યટ અનધર હાયક્રિકલી ઓર્ગેનાઇઝ્ડ ઓરેકલ છે.

(૨) ૨૦૦૦માં માર્કેટકેપ રૂ. ૮.૪ લાખ કરોડે પહોંચ્યું હતું. જે તેનું અત્યાર સુધીનું સર્વોચ્ચ છે.

(૩) ૨૦૦૨માં ગૂગલને રૂ. ૨૦ હજાર કરોડમાં ખરીદવાની ઓફર કરી હતી. પરંતુ ગૂગલે ના પાડી દીધી હતી.

(૪) ૨૦૦૮માં માઈક્રોસોફ્ટે યાહૂને રૂ. ૩ લાખ કરોડમાં ખરીદવાની ઓફર કરી હતી પરંતુ યાહૂએ ના પાડી દીધી હતી.

(૫) ૨૦૧૩માં બ્લોગિંગ સાઈટ ટંબલરને રૂ. ૭ હજાર કરોડમાં ખરીદી.

(૬) ૨૦૧૫માં યાહૂને રૂ. ૨૯ હજાર કરોડની જંગી ખોટ ગઈ.

(૭) ૨૦૧૬માં વેરાઈઝન રૂ. ૩૨ હજાર કરોડમાં યાહૂ ખરીદવા તૈયાર.

Astha Academy Mo.: 89...

## ● નેધરલેન્ડ ઇન્ટરનેટ ઓફ થિંગ્સથી જોડાયેલો દુનિયાનો પહેલો દેશ બન્યો

ઈન્ટરનેટ ઓફ થિંગ્સ એટલે કે વિવિધ ઉપકરણો ઈન્ટરનેટથી જોડાયેલા હોય એવો દુનિયાનો પહેલો દેશ નેધરલેન્ડ બન્યો છે. નેધરલેન્ડની ટેલિકમ્યુનિકેશન કંપની કેપીએન દ્વારા આખા દેશમાં ઈન્ટરનેટ ઓફ થિંગ્સ માટે નેટવર્ક શરૂ કરી દેવામાં આવ્યું છે. મોબાઈલ, લેપટોપ, ટીવી, કાર, બાઈક, રસોડાના ઉપકરણો, લાઈટો, વગેરે અનેક ચીજોને હવે ઈન્ટરનેટ સાથે કનેક્ટ કરી શકાય છે. ઈન્ટરનેટ સાથે કનેક્ટ થઈ શકતા આ તમામ ઉપકરણો - ડિવાઈસનો સમૂહ ઈન્ટરનેટ ઓફ થિંગ્સ તરીકે ઓળખાય છે.

## ● ઇજિપ્તનો ગ્રેટ પિરામિડ સમચોરસ નથી

સાડા ચાર હજાર વર્ષ પહેલાં બનેલી આ કબરો તેના પરફેક્ટ બાંધકામ માટે આખા જગતમાં ખ્યાતનામ છે.

ઈજિપ્તના પિરામિડ તેના પરફેક્ટ બાંધકામ માટે જાણીતા છે. અત્યાર સુધીની માન્યતા પ્રમાણે પિરામિડ સમચોરસ છે અને તેની દરેક બાજુ એક સમાન છે. જોકે તાજેતરમાં થયેલી એક માપણીમાં પિરામિડની રચનામાં મામુલી તફાવત જણાયો છે. એન્શિયન્ટ ઈજિપ્ત રિસર્ચ સેન્ટરમાં આ અંગેનું સંશોધનપત્ર વિજ્ઞાની ગ્લેન ડેશે રજૂ કર્યું છે. એ પ્રમાણે ઈજિપ્તનો સૌથી પ્રખ્યાત ધ ગ્રેટ ગીઝા પિરામિડના બાંધકામમાં જરા ફેરફાર છે.

## ● ચીને બે ટ્રેન ૪૨૦ કિમીની ઝડપે પાસપાસેથી પસાર કરી વિક્રમ સર્જ્યો

ચીને બુલેટ ટ્રેનની ઝડપમાં અનોખો વિક્રમ સર્જ્યો હતો. બે ટ્રેનોને પાસપાસેથી કલાકના ૪૨૦ કિલોમીટરની ઝડપે પસાર કરી હતી. બે ટ્રેનો પાસપાસેથી આટલી બધી વાયુવેગી ઝડપે પસાર થઈ હોય એવો આ વિશ્વ વિક્રમ છે. એક ટ્રેક પર પાસપાસે બે ટ્રેનો આવે ત્યારે અથડાઈ ન પડે કે કોઈ અન્ય દુર્ઘટના ન સર્જાય એટલા માટે ધીમી પાડી દેવામાં આવતી હોય છે. તેની સામે ચીને ફાસ્ટેસ્ટ ટ્રેન ક્રોસિંગ કરીને હાઈસ્પીડ રેલ નેટવર્કની સિદ્ધિમાં વધુ એક છોગુ ઉમેર્યું છે.

આખા જગતની કુલ હાઈસ્પીડ ટ્રેન પૈકીની ૬૦ ટકા ચીનમાં છે. બન્ને ટ્રેનો પાસપાસેથી પસાર થઈ ત્યારે ૧.૬ મિટરનું અંતર હતુ.

## ● એન્ટાર્કટિકામાં ફસાયેલા વિજ્ઞાનીઓને બચાવવામાં રેસ્ક્યુ ટીમને સફળતા

એન્ટાર્કટિકા (દક્ષિણ ધ્રુવ) ખંડના માઈનસ ૩૦થી માઈનસ ૭૦ ડીગ્રી વચ્ચેના તાપમાને કામ કરતા વિજ્ઞાનીઓ પૈકી બે સંશોધક બિમાર પડી જતાં તેમને બચાવવા અકલ્પનિય બચાવ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ત્યાં ફસાયેલા બે દર્દીઓને સલામત રીતે અમેરિકા પહોંચાડી દેવામાં આવ્યા છે. આ કામ પૂર્ણ કરનાર ટીમને અને ખાસ તો ૬૭ ડિગ્રી તાપમાન વચ્ચે વિમાનને એન્ટાર્કટિકા પર લેન્ડ - ટેક ઓફ કરાવનારા પાઈલટ વાલેસ ડોબચકની પ્રશંસા થઈ રહી છે.

એન્ટાર્કટિકાના સંશોધન ઈતિહાસમાં આ માત્ર ત્રીજી વખત હાથ ધરાયેલું રેસ્ક્યુ મિશન છે.

## ● ચીને સાત વર્ષની મહેનત પછી વિશ્વનું સૌથી મોટું સી-પ્લેન ડિઝાઈન કર્યું

ચીને વિશ્વનું સૌથી મોટું એમ્ફિબિયસ વિમાન તૈયાર કરવાની જાહેરાત કરી છે. આ પ્રકારના પ્લેન દરિયામાંથી ઉડાણ પણ ભરી શકે છે અને દરિયામાં ઉતરાણ પણ કરી શકે છે. આ પ્રકારના વિમાનો સી-પ્લેન તરીકે પણ ઓળખાય છે. ચીનના એરોનોટિકલ એન્જિનિયરોએ સાત વર્ષની તનતોડ મહેનત પછી આ મહાકાય સી-પ્લેન તૈયાર કર્યું છે. એજી૬૦૦ નામનું આ સી-પ્લેન બોઈંગ ૭૩૭ જેટલું કદ ધરાવે છે.

## ● ચીનમાં દુનિયાનો સૌથી ઊંડો દરિયાઇ સિંકહોલ મળી આવ્યો

દરિયાના તળિયે જાતજાતની કુદરતી રચનાઓ હોય છે. તાજેતરમાં જ ચીની કબજાના સાઉથ ચાઈના સીમાંથી નવો સિંકહોલ મળી આવ્યો છે. દરિયાના પાણી નીચે કુદરતી કે કૃત્રિમ રીતે રચાયેલો ગોળાકાર કુંડને દરિયાઈ સિંકહોલ તરીકે ઓળખવામાં આવે છે. આ હોલ દુરથી જ ઓળખાઈ જાય છે. કેમ કે ઊંડો ખાડો હોવાથી દરિયાના પાણી પર જાણે રિંગ દોરી હોય એવો તેનો આકાર ઉપસી આવે છે. બહામાઝના કાંઠે આવેલો બ્લુહોલ પ્રવાસીઓમાં ખૂબ જાણીતો છે. કેટલાક સ્થળોએ નદી વચ્ચે કુવો હોય અને ત્યાં પાણી ફરી વળે ત્યારે ગોળાકાર સમુદ્રમાં મળેલો આ હોલ સપાટીથી ૯૮૭ ફુટ ઊંડો છે.

## ● વી.સી.આર.નો યુગ પૂર્ણ : જાપાની કંપની આજે છેલ્લું ઉત્પાદન કરશે

એક સમયે જગતભરમાં વિડિયો કેસેટ રેકોર્ડર (વીસીઆર)નો આગવો દબદબો હતો. એક જમાનામાં હોમ એન્ટરટેઈનમેન્ટમાં મોનોપોલી ભોગવતા વીસીઆરનો યુગ હવે સત્તાવાર રીતે આથમી ગયો છે. વિશ્વમાં વીસીઆરનું પ્રોડકશન કરતી એક માત્ર જાપાની કંપની ફુનાઈ આજે છેલ્લું પ્રોડકશન કરીને ઉત્પાદનને કાયમ માટે અટકાવી દેશે.

વર્ષે ૭૫ હજાર નંગ જ વેચાતા હતા એટલે જાપાનની વીસીઆર ઉત્પાદક એક માત્ર કંપની ફુનાઈને ટ્રાન્સપોર્ટેશન પણ મોંઘું પડતું.

ASTHA ACADEMY Mo.: 8866...

- **દક્ષિણ ચીની સાગર પર ચીનનો દાવો ચુનોની લવાદ કોર્ટે ફગાવ્યો**

દક્ષિણ ચીની સમુદ્ર વિવાદ કેસમાં સંયુક્ત રાષ્ટ્રસંઘની ઈન્ટરનેશનલ ટ્રિબ્યૂનલે આપેલા ચુકાદાએ ચીનને ભારે આંચકો આપ્યો છે. લવાદ કોર્ટે આ કેસમાં ફિલિપીન્સની તરફેણમાં ચુકાદો આપતાં ચીન સ્તબ્ધ થઇ ગયું છે. દક્ષિણ ચીન સમુદ્રના મુદ્દે ચીન અને ફિલિપીન્સ વચ્ચે લાંબા સમયથી ગંભીર વિવાદ ચાલી રહ્યો હતો. બેઈજિંગ દક્ષિણ ચીની સમુદ્ર પોતાનો સાર્વભૌમ વિસ્તાર હોવાનો દાવો કરતું આવ્યું હતું. મનીલા ચીનને આ મુદ્દે આંતરરાષ્ટ્રીય પંચ સુધી ખેંચી ગયું હતું. આરંભે તો ચીને ફિલિપીન્સ દ્વારા હેગ ખાતે નોંધાયેલા કેસમાં ભાગ લેવા ચીને ઈનકાર કરી દીધો હતો. લવાદ કોર્ટે જણાવ્યું છે કે ચીન દ્વારા થઈ રહેલા ઐતિહાસિક દાવાનો કોઈ કાયદેસરનો આધાર નથી.

**આ મુદ્દે વિરોધ**

ચીને પોતાના દરિયા કિનારાથી ૧૪૦ માઈલ સમુદ્ર વિસ્તારમાં કબજો કર્યો હોવાના આક્ષેપ કરતાં ફિલીપીન્સે પંચ સમક્ષ અનેક મુદ્દે રજૂઆત કરી હતી. તેણે ચીનના સત્તાવાર નકશામાં અંકિત નાઈન ડેશ લાઈન અંતર્ગત દક્ષિણ ચીની સમુદ્ર પર ચીન દ્વારા થઈ રહેલા સાર્વભૌમત્વના દાવાને નામંજૂર કરવા રજૂઆત કરી હતી. નકશામાં અંગ્રેજી અક્ષર 'યુ' આકારમાં અંકિત ચીનના સાર્વભૌમત્વના દાવાને પ્રદર્શિત કરે છે. આ રાહે ચીન આંતરરાષ્ટ્રીય વેપાર માટેના મહત્ત્વના સમુદ્રી માર્ગ અને કુદરતી સંપદાથી સંપન્ન દક્ષિણ ચીની સમુદ્રના ૯૦ ટકા ભાગ પર દાવો કરતું આવ્યું હતું.

---

## વન લાઈનર

- **કેરળમાં પિઝા અને બર્ગર જેવાં જંક ફૂડ પર ૧૪.૫ ટકા 'ફેટ ટેક્સ'**
- **ચાલુ નાણાકીય વર્ષે ભારતનો આર્થિક વિકાસ દર ૭.૯ ટકાનો રહેશે : ક્રિસિલ**
- **નાણાકીય વર્ષ ૨૦૧૭માં ભારતનો વૃદ્ધિદર ૭.૭ ટકા રહેશે : ફિચ**
- **લોકપાલ કાયદામાં સુધારાનું બિલ લોકસભામાં કોઈ ચર્ચા વિના પસાર**
- **૨૦૫૦ સુધીમાં ૬૦ ટકા ભારતીયો શહેરોમાં રહેતા હશે : સરકાર**
- **ધોરણ-૧૦-૧૨ બોર્ડ પરીક્ષાનાં ફોર્મ સાથે હવે આધારકાર્ડ ફરજિયાત**
- **ઉત્તરાખંડ, અરૂણાચલમાં વાદળ ફાટતાં ૪૩નાં મોત**
- **દિલ્હીના મુખ્ય સચિવની ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ**
- **વિમ્બલ્ડનમાં ખેલાડીઓ જે ટુવાલનો ઉપયોગ કરે છે તે વાપીમાં બને છે**
- **ભારત મોઝામ્બિક પાસેથી દાળ ખરીદશે, બન્ને દેશો વચ્ચે ત્રણ કરાર થયા**
- **ચીને સ્વદેશી બનાવટનું ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ વાય-૨૦ સેનામાં સામેલ કર્યું**
- **કોહલી વિદેશમાં બેવડી સદી ફટકારનાર ભારતનો સૌપ્રથમ કેપ્ટન**
- **મલેશિયાના લાપતા વિમાન એમએચ ૩૭૦અને ભારતીય એરફોર્સના વિમાનનો રૂટ એક જ હતો**
- **જર્મનીના ફૂટબોલ કેપ્ટન બાસ્તિન સ્વાઈન્સ ટાઈગરે નિવૃત્તિ જાહેર કરી**
- **આધારની નવી ટેગ લાઈન 'મેરા આધાર, મેરી પહચાન'**
- **નળ સરોવરની આજુબાજુનો વિસ્તાર ઇકો-સેન્ટિટિવ જાહેર**
- **કર્ણાટકનો છૂટાછેડા મામલે દેશમાં ચોથો નંબર**
- **જીએસટી બિલ પસાર કરનારું ગુજરાત દેશનું પાંચમું રાજ્ય**

Astha Academy Mo.: 8980061441

# ભારત – વિશ્વ

- **બ્રહ્મોસ પછી ભારત હવે વિયેતનામને 'વરૂણાસ્ત્ર' ટોર્પિડો પણ વેચશે**

ભારત સરકારે હવે વિયેતનામને સબમરિન વરુણાસ્ત્ર ટોર્પિડ વેચવાનો નિર્ણય કર્યો છે. આ પહેલાં ભારત વિયેતનામ સાથે બ્રહ્મોસ સુપરસોનિક મિસાઇલ વેચવાના કરાર કરી ચૂક્યું છે. ટોર્પિડો કોઈ પણ સબમરિનનું પ્રાથમિક શસ્ત્ર છે, જેની મદદથી સબમરિન પાણીની નીચેથી જહાજ પર પ્રહાર કરી શકે છે. વરુણાસ્ત્ર વીસ કિલોમીટર દૂર સુધી પ્રહાર કરી શકે છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યાનુસાર, બંને દેશ વચ્ચે વધારે મજબૂત લશ્કરી સંબંધ વિકસાવવાના ભાગરૂપે ભારત સરકારે વિયેતનામને ટોર્પિડો આપવાનો નિર્ણય લીધો છે.




- **અમેરિકા સાથે રૂ. ૬૭૦૦ કરોડના વધુ એક સંરક્ષણ સોદાને મોદીની મંજુરી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં અમેરિકા સાથેના વધુ એક સંરક્ષણ સોદાને મંજુરી આપવામાં આવી છે. રૂ. ૬૭૦૦ કરોડના (અંદાજે ૧૦૦ કરોડ ડોલર) સોદા હેઠળ અમેરિકા ભારતને લાંબાગાળે નજર રાખી શકે એવી સબમરીન અને યુદ્ધ વિમાનો આપશે. અમેરિકા આગામી ત્રણ વર્ષમાં ભારતને પી-૮ આઈ પ્રકારના ચાર શક્તિશાળી લડાકુ વિમાનો આપશે. આ વિમાનો દૂર સુધી દરિયામાં નજર રાખીને ૧૨૦૦ નોટિકલ માઈલ સુધી દુશ્મનો ઉપર પ્રહાર કરી શકે છે. ભારતની નૌસેના પાસે અત્યારે ૮ પી-૮આઈ પ્રકારના લડાકુ વિમાનો છે. એમાં વધુ ચારનો ઉમેરો થતાં હિંદ મહાસાગરમાં ભારતનો દબદબો વધશે.

- **ભારત ટાન્ઝાનિયાને રૂ. ૬૧૮ કરોડની લોન આપશે, બંને દેશ વચ્ચે પાંચ એમઓયુ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આફ્રિકન દેશોના પ્રવાસ દરમિયાન ટાન્ઝાનિયાને પાંચ કરાર હેઠળ ૯૨ મિલિયન ડૉલર એટલે કે આશરે રૂ. ૬૧૮ કરોડની લોન આપવાની જાહેરાત કરી છે. આ દરમિયાન વડાપ્રધાન મોદી અને ટાન્ઝાનિયાના પ્રમુખ જ્હોન પોમ્બે જોસેફ માગુફૂલીએ એક બેઠક યોજીને આ પાંચ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

વૉટર રિસોર્સ મેનેજમેન્ટ અને ભારત - ઝાંઝીબાર વોકેશનલ કોર્સ ટ્રેનિંગ સેન્ટર સ્થાપવા પણ કરાર થયા છે.

- **ભારત રશિયાની મદદથી સુપર સુખોઈ એડવાન્સ્ડ ફાઈટર પ્લેન બનાવશે**

ભારતીય વાયુસેનાના કાફલામાં ટૂંક સમયમાં સુપર સુખોઈ વિમાનને સામેલ કરવામાં આવશે. ભારત અને રશિયા સાથે મળીને ફિફ્થ જનરેશનના ફાઈટર વિમાન તૈયાર કરશે. સુખોઈનું આ નવું મોડલ અગાઉના કરતાં વધારે શક્તિશાળી હશે.

# વિજ્ઞાન અને ટેકનોલોજી

- **૫ વર્ષની સફર બાદ 'જૂનો' ગુરુની ભ્રમણ કક્ષામાં પહોંચ્યું**

અમેરિકન અવકાશ એજન્સી નાસાનું સૌરઊર્જાથી સંચાલિત યાન 'જુનો' પાંચ વર્ષની યાત્રા કરીને ગુરુ ગ્રહની કક્ષામાં પહોંચી ગયું છે. વિજ્ઞાનીઓ માટે આ ઐતિહાસિક સફળતા છે. તેમનું માનવું છે કે આ ચાર જુલાઈએ અમેરિકાને તેના સ્વતંત્રતા દિવસની ભેટ છે.

જૂનોને પાંચ ઓગસ્ટ ૨૦૧૧ના રોજ છોડવામાં આવ્યું હતું. તે લગભગ ૧.૧ અબજ ડોલર (એટલે કે ૭૪.૧૩ અબજ રૂપિયા)ના ખર્ચે તૈયાર થયું હતું. તે ૧.૮ અબજ માઈલ (૨.૭ અબજ કિલોમીટર)ના પ્રવાસ કરીને ગેસોથી ઘેરાયેલા ગુરુની કક્ષામાં પહોંચ્યું છે. ગેસથી ઘેરાયેલા ગ્રહની કક્ષામાં જવાનું હોવાથી તેને વિશેષ ટાઈટેનિક વોલ્ટમાં બનાવાયું હતું. જેથી તેની પર ગેસોની કોઈ અસર ના પડે.

● જૂનોનું કાર્ય : જૂનો હવે ગુરુની કક્ષામાં પોતાનું વિશાળ એન્ટેના ખોલશે, તેને પૃથ્વી તરફ ફેરવશે અને પૃથ્વી સાથે સંપર્ક કરશે. તેના તમામ વૈજ્ઞાનીક ઉપકરણ, સેન્સર કેમેરા સેફ લાઈન કરી દેવાયા છે. તેથી તે હાલ તસવીરો નહીં મોકલી શકે. પણ થોડા દિવસોમાં જ તે ઓનલાઈન થઈ જશે અને પૃથ્વી પર જાણકારી મોકલવી શરૂ કરી દેશે.

વૈજ્ઞાનીકોના જણાવ્યા મુજબ જૂનો ૨૦૧૮ સુધી કામ કરશે. તે બાદ ગુરુના વાતાવરણમાં હંસની જેમ ડૂબકી મારીને વિખેરાઈ જશે. તે કોઈ ખતરનાક અકસ્માતથી બચવા માટે આમ કરશે.

- **કેમ્બ્રિજ યુનિવર્સિટીના વિજ્ઞાનીઓએ ડાયાબિટીસના દર્દીઓ માટે બનાવી 'આર્ટિફિશિયલ પેન્ક્રિયાઝ' ડિવાઈઝ**

કેમ્બ્રિજ યુનિવર્સિટીના વિજ્ઞાનીઓએ એક અનોખી ડિવાઈસ બનાવી છે. તેનું નામ 'આર્ટિફિશિયલ પેન્ક્રિયાઝ' છે. આ એક ઓટોમેટિક ડિવાઈસ છે. તેને પહેરવાથી બ્લડમાં સુગરનું લેવલ આપોઆપ નિયંત્રિત રહેશે. ટાઈપ-ટુ સ્ટેજના ડાયાબિટીસના દર્દીઓએ ઈન્સ્યુલિન ઈન્જેકશન પણ નહીં લેવું પડે.

- **દેશનું પહેલું ડિજિટલ કેન્દ્ર**

કેન્દ્રની સ્ટાર્ટઅપ યોજના સાથે જોડવા માટે દેશનું પહેલું ડિજિટલ કેન્દ્ર તિરુવનંતપુરમમાં ૧૩ જુલાઈથી શરૂ થશે. આ કેન્દ્રમાં સ્ટાર્ટઅપ યોજના સાથે જોડાયેલી તમામ જરૂરી સૂચનાઓ રહેશે.

- **કાર વાંસથી બનેલા ઈથેનોલ દ્વારા ચાલશે**

ટૂંક જ સમયમાં બજારમાં બાયોફ્યુઅલ એટલે કે ઈથેનોલથી ચાલતી કાર જોવા મળશે. આસમાની નુમાલીગઢ રિફાઈનરી આ પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. તેની ટેકનોલોજી ફિનલેન્ડની કંપની કેમપોલિસ પાસે છે. આ પ્રોજેક્ટ નુમાલીગઢ રિફાઈનરી અને કેમપોલિસનું સંયુક્ત સાહસ છે. ફિનિશ ટેકનોલોજીનો અભ્યાસ કરીને રિફાઈનરીની એક ટીમ ફિનલેન્ડ જશે.

નુમાલીગઢ રિફાઈનરી એ ભારત પેટ્રોલિયમ, ઓઈલ ઈન્ડિયા અને આસામ સરકારની ભાગીદારીવાળી કંપની છે. તેમની કેમપોલિસ સાથે ૧,૦૦૦ કરોડની ભાગીદારી છે. દર વર્ષે ૪૯,૦૦૦ ટન ઈથેનોલનું પ્રોસેસિંગ થશે. નવી રિફાઈનરી બે વર્ષમાં તૈયાર થવાની આશા છે.

- **ભલે ચંદ્ર પર જનારો બીજો, પરંતુ પહેલી સ્પેસ સેલ્ફી તો મારી જ**

બરાબર ૪૭ વર્ષ પહેલાં આજનો દિવસ ઈતિહાસમાં નોંધાઈ ગયો હતો. કારણ પણ એટલું મોટું હતું. ચંદ્ર પર પહેલી વખત માણસે પગલું મૂક્યું હતું. આ મિશનમાં અવકાશયાત્રીઓ નીલ આર્મસ્ટ્રોંગ અને બીજા એલ્ડ્રિન જોડાયા હતા. રસપ્રદ બાબત એ છે કે એલ્ડ્રિને પહેલી વખત અરજી કરી હતી ત્યારે તેમને નાસાએ નકારી કાઢ્યા હતા પરંતુ તે જાણતા હતા કે આકાશની કોઈ સરહદ નથી. તેમણે ફરીથી પ્રયત્ન કર્યો અને ઈતિહાસમાં જગ્યા બનાવી.

આવા જ કેટલાક કિસ્સા અને અનુભવ એલ્ડ્રિને તેમના પુસ્તક 'નો ડ્રીમ ઈઝ ટુ હાઈ - લાઈફ લેન્સ ફ્રોમ મેન હું વોકડ ઓન ધ મૂન'માં શેર કર્યા છે. એલ્ડ્રિન હવે ૮૬ વર્ષના થઈ ગયા છે અને આ વયમાં જરા પણ થાક તેમના ચહેરા પર દેખાતો નથી.

ચંદ્ર પર પગ મૂકનારી બીજી વ્યક્તિ કહેવાતા એલ્ડ્રિનને જરા પણ ખરાબ નથી લાગતું. તે લખે છે, 'હું પ્રથમ વ્યક્તિ બની શક્યો હોત. પહેલાના બધા મિશનમાં ક્રૂ મેમ્બર્સમાં જુનિયર ઓફિસરને જ સ્પેસવૉકની તક અપાતી હતી પરંતુ અમારા મિશનના થોડા સમય પહેલાં જ નાસાએ પ્રક્રિયા બદલી હતી. તેથી કમાન્ડર નીલ પહેલી વ્યક્તિ બન્યા. તે લખે છે ભલે આ કામ માટે પહેલનો જશ તેમને ન મળી શક્યો પરંતુ મેં અનેક ટેકનોલોજીમાં વિશેષ યોગદાન આપ્યું છે.' જેમ કે પહેલી

સ્પેસ સેલ્ફી લેવાનું શ્રેય મને મળ્યું છે.

- **કલાપ્રેમીઓ માટે ગૂગલની નવી એપ, વેબસાઈટ લોન્ચ**

સર્ચ એન્જિન જાયન્ટ ગૂગલે ગુરુવારે નવી 'ગૂગલ કલ્ચરલ ઈન્સ્ટિટ્યૂટ' એપ અને વેબસાઈટ લોન્ચ કર્યાં હતા. આ એપ અને વેબસાઈટની મદદથી ભારત સહિત દુનિયાભરના કલાપ્રેમીઓ ૭૦ દેશોનાં મ્યુઝિયમોની મશહૂર કલાકૃતિઓ તથા અન્ય કૃતિઓ શોધી શકશે.

એપ તેના યુઝર્સને કલા અને સંસ્કૃતિ વિશે કંઈ પણ સર્ચ કરવાની સુવિધા આપશે. જેમ કે તેઓ નવી વર્લ્ડ હેરિટેજ સાઈટ ઘોષિત કરાયેલી બિહારની નાલંદા યુનિવર્સિટીના ઈતિહાસ વિશે તેમજ તેના ઉત્ખનની પેનોરમિક ઈમેજરી વિશે સર્ચ કરી શકશે. આ ઉપરાંત મોર્ડન ઈન્ડિયન પેઈન્ટિંગ્સના સ્થાપકોમાં સ્થાન ધરાવતા અબનિન્દ્રનાથ ટાગોરથી માંડીને અમૃતા શેરગિલની કલાકૃતિઓ અંગે પણ એપની મદદથી જાણી શકાશે.

- **હવે હાર્ટ એટેકવાળા દર્દી વધુ જીવી શકશે**

હાર્ટ એટેકના દર્દીઓ જે જીવવાની આશા છોડી ચૂક્યા છે તેમના માટે ખુશીના સમાચાર છે. વિજ્ઞાનીઓએ એવી પદ્ધતિ શોધી કાઢી છે જેનાથી હાર્ટ મસલ્સને ફરીથી જીવિત કરી શકાય છે. આ સ્ટેમ સેલ્સની મદદથી શક્ય થઇ શકશે. આ પછી દર્દી લાંબા સમય સુધી જીવી શકશે. માનવામાં આવી રહ્યું છે કે હવે પછી હાર્ટ ટ્રાન્સ પ્લાન્ટની જરૂરિયાત પણ નહીં પડે.

બ્રિટિશ ફાર્મા કંપની સેલેક્સિયરે આ સ્ટેમ સેલ બનાવ્યા છે. જેના માટે લાંબુ રિસર્ચ કરવામાં આવ્યું છે. આ ટેક્નોલોજીથી હાર્ટના ખરાબ મસલ્સ જે એટેક માટે જવાબદાર છે તેને ફરી જીવિત કરી શકાશે. એટલે કે સમગ્ર પ્રક્રિયાથી હવે એટેક નહીં આવે. આ મસલ્સની ખરાબીના કારણે હૃદયમાં લોહીનો પર્યાપ્ત સપ્લાય થઈ શકતો નથી. જેના કારણે એટેક આવે છે અને મોત થાય છે. સંશોધકોએ જેમની બાયપાસ સર્જરી થઈ હતી તેવા ૧૧ દર્દીઓ પર તેનો પ્રયોગ કર્યો હતો. આ દરેક લોકોમાં આશ્ચર્યજનક રિકવરી થઈ. સર્જરી પછી તેમની જીવવાની સંભાવના વધારેમાં વધારે ૨૪ મહિના જણાવવામાં આવી. પરંતુ સ્ટેમ સેલ થેરપી પછી તે હજુ પણ સલામત છે અને પહેલાં કરતાં વધારે સક્રિય છે. આ દરેકને નવેમ્બર ૨૦૧૨થી સપ્ટેમ્બર ૨૦૧૩ના વચ્ચે સ્ટેમ સેલ ઈન્જેકશન આપવામાં આવ્યા હતાં.

- **વાઈની ખેંચને અટકાવવામાં મદદરૂપ નવી દવા શોધાઈ**

વાઈની ખેંચને અટકાવવામાં મદદરૂપ નવી દવા એલએયુ શોધાઈ ગઈ છે. આ દવા અમેરિકાના લુસિયાના સ્ટેટ યુનિવર્સિટીના વિજ્ઞાનીઓએ શોધી છે. તેમણે પેટન્ટ પણ મેળવી લીધી છે. આ દવા વાઈને વિકસતાં અટકાવે છે.

- **ભેજમાં હિપેટાઈટિસ એ-ઈનું જોખમ વધુ**

વિશ્વમાં ૨૮મી જુલાઈએ વર્લ્ડ હિપેટાઈટિસ ડે તરીકે ઉજવાય છે ત્યારે જાણવાની જરૂર છે કે, વરસાદી મોસમમાં હિપેટાઈટિસ એ અને ઈનાં કેસમાં વધારો થાય છે. બાળકો આ રોગનો સૌથી વધુ શિકાર બને છે. ઉપરાંત હિપેટાઈટિસ એ, બી, સી, ડી અને ઈ વાઈરસને કારણે દર્દીનાં લિવર પર સોજો આવે છે અને કમળો થાય છે. જોકે, પ્રદૂષિત પાણી અને વાસી ખોરાકને કારણે ફેલાતા હિપેટાઈટિસ એ અને ઈને સ્વચ્છતા અને સાવધાનીથી રોકી શકાતો હોવાનું ડૉક્ટર જણાવી રહ્યા છે.

- **કેળના થડમાંથી 'નેનો સેલ્યુલોઝ' છુટા પાડવાની કુદરતી પદ્ધતિ શોધી કાઢી**

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ટેકનોલોજી ફેકલ્ટીના ટેક્સટાઈલ ડિપાર્ટમેન્ટના પ્રોફેસર ડૉ. ભરત પટેલે કેળાના થડમાંથી 'નેનો સેલ્યુલોઝ' (ખૂબ જ બારીક કણો) બનાવવાની સંપૂર્ણ કુદરતી અને સસ્તી પદ્ધતિનું સંશોધન કરીને મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. આ સંશોધનથી ટેક્સટાઈલ, ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ, એરોસ્પેશ એન્જિનિયરીંગ અને મેડિકલ સેક્ટરમાં ફાયદો થશે. ડૉ. પટેલે વિકસાવેલી આ ટેકનોલોજી માટે પેટન્ટ લેવાની પણ કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. પશ્ચિમી દેશોના વૈજ્ઞાનિકો કેમિકલથી આ પ્રક્રિયા કરતા હતાં, જે ખૂબ મોંઘી પડે છે. ઓર્ગેનિક પદ્ધતિથી ખર્ચમાં ૫૦ ટકા ઘટાડો થાય છે.

- **પ્રદૂષણ રોકવા વૈજ્ઞાનીઓએ કાર્બન ડાયોકસાઈડને પથ્થરમાં ફેરવી નાખ્યો**

પ્રદૂષણનો મુખ્ય સ્રોત ગણાતા કાર્બન ડાયોકસાઈડને પથ્થરમાં ફેરવવામાં આર્યલેન્ડના વૈજ્ઞાનિકોને સફળતા મળી છે. આ માટે વૈજ્ઞાનિકોએ ૨.૩૦ ટન કાર્બન ડાયોકસાઈડ જમીનની અંદર ૪૦૦ થી ૫૦૦ મીટર દબાવી તેના પર પુશ્કળ પાણી છાંટવાની રીત અજમાવી હતી. આ પ્રક્રિયા કરવાથી કાર્બન ડાયોકસાઈડ જમીનની સપાટી પર આવવાની શક્યતા નહીંવત રહે છે. જમીનમાં રહેલા લાવાના ખડકો સાથે કાર્બન ડાયોકસાઈડની સાથે રાસાયણિક પ્રક્રિયા કરી કાર્બોનેટ ખનીજ તૈયાર કરે છે. આ પ્રક્રિયા પર નજર રાખવા વૈજ્ઞાનિકોએ ટ્રેસર કેમિકલનો ઉપયોગ કરતાં માલૂમ પડ્યું કે માત્ર બે જ વર્ષમાં કાર્બન ડાયોકસાઈડ ગેસ અને ચૂના પથ્થરમાં ફેરવાઈ ગયો હતો. આ ઉપરાંત હાઈડ્રોજન સલ્ફાઈડ ગેસને પણ ખનિજમાં ફેરવવામાં વૈજ્ઞાનિકોને સફળતા મળી હતી.

આર્યલેન્ડના વૈજ્ઞાનિકો ઉપરાંત કોલંબિયા યુનિવર્સિટીએ પણ આવો જ એક પ્રયોગ કર્યો છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે જળવાયુ પરિવર્તનની દિશામાં મહત્ત્વની શોધ સાબિત થઈ શકે છે. જૈવિક બળતણના દહનથી કાર્બન ડાયોકસાઈડ પેદા થાય છે. જેના કારણે ગ્લોબલ વોર્મિંગ વધી રહ્યું છે. આજ સુધી દહન થયેલા કાર્બનના નિકાલનો કોઈ જ ઉપાય ન હતો. પરંતુ હવે તેને પથ્થરના સ્વરૂપમાં ફેરવી કાયમી નિકાલ કરી શકાય છે. આ સમગ્ર પ્રક્રિયાને કાર્બન કેપ્ચર એન્ડ સ્ટોરેજ કહેવામાં આવે છે.

એક વર્ષમાં ૧૦ હજાર ટન કાર્બન ડાયોકસાઈડને જમીનમાં દાટીને પથ્થર બનાવી શકાય છે. જોકે કાર્બન ડાયોકસાઈડને પથ્થરમાં ફેરવવાની પ્રક્રિયામાં પુષ્કળ પાણી વેડફાય છે.

- **ઈસરોએ સેટેલાઇટ લોન્ચિંગની સદી ફટકારી : કુલ સ્કોર ૧૧૩**

ઈસરોએ ઉપગ્રહ લોન્ચિંગમાં સદી પૂરી કરી દીધી છે. જુન મહિનામાં ઈસરોએ એક સાથે ૨૦ ઉપગ્રહો લોન્ચ કર્યા હતા. એ સાથે ઈસરોનો કુલ સેટેલાઈટ લોન્ચિંગ સ્કોર સદી વટાવીને ૧૧૩ સુધી પહોંચ્યો છે. ૧૧૩ ઉપગ્રહ લોન્ચિંગમાં ૭૪ ઉપગ્રહો ભારત સિવાયના ૨૦ દેશોના હતા.

ભારતનો પહેલો ઉપગ્રહ તો જાણે ૧૯૭૫માં લોન્ચ થયેલો આર્યભટ્ટ હતો. પણ એ ઉપગ્રહ પરદેશી રોકેટ દ્વારા લોન્ચ થયો હતો. ઈસરોએ લોન્ચ કર્યો હોય એવો પહેલો ઉપગ્રહ ૧૮ જુલાઈ ૧૯૮૦ના દિવસે લોન્ચ થયેલો રોહિણી - આરએસ-૧ હતો. એ વખતે પીએસએલવી જેવું રોકેટ ન હતું, પણ તેનું પૂર્વજ એસએલવી (સેટેલાઈટ લોન્ચિંગ વ્હિકલ) રોકેટ હતું. એ રોકેટ દ્વારા ૩૫ કિલોગ્રામનો રોહિણી સતિષ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ થયો હતો. અવકાશમાં ૨૦ મહિના સુધી રોહિણી સક્રિય રહ્યો હતો. રોહીણી વખતે ઈસરોમાં ડૉ. અબ્દુલ કલામ એસએલવી રોકેટના પ્રોજેક્ટ ડિરેક્ટર તરીકે કામ કરતા હતા.

- **ચીને જગતનું સૌથી મોટું ટેલિસ્કોપ બનાવ્યું**

ચીને જગતના સૌથી મોટા રેડિયો ટેલિસ્કોપનું બાંધકામ પૂર્ણ કરી લીધું છે. સપ્ટેમ્બર મહિનામાં આ ટેલિસ્કોપનું સત્તાવાર રીતે ઉદ્‌ઘાટન થશે. અવકાશ સંશોધનમાં ચીન છેલ્લા કેટલાક સમયથી ઝડપથી આગળ વધી રહ્યું છે. તેનો આ એક વધુ નમૂનો છે. ટેલિસ્કોપનું નામ ફાઈવ હન્ડ્રેડ મિટર એપેર્ચર સ્ફેરિકલ રેડિયો ટેલિસ્કોપ છે એટલે ટૂંકમાં એ ફાસ્ટ તરીકે ઓળખાય છે. આ ટેલિસ્કોપ ઓપ્ટીકલ એટલે કે કાચ ફીટ કરેલો હોય એવું નથી. પરંતુ રેડિયો છે એટલે કે ઘરની છત પર ટીવીની ડીશ ફીટ કરી હોય એ પ્રકારનું છે.

- **૨૦૧૬ની સૌથી શક્તિશાળી સૌરજ્વાળાના કારણે રેડિયો પ્રસારણ ઠપ**

સૂર્યમાંથી ૨૦૧૬ની સૌથી શક્તિશાળી સૌરજ્વાળા નીકળતાં રેડિયો પ્રસારણ તા. ૨૩મીએ બંધ થઈ ગયુ હતુ. ઉલ્લેખનીય છે કે, આવી જ્વાળા ચાર વર્ષ બાદ ફરી એકવાર જોવા મળી હતી. છેલ્લા કેટલાય સમયથી સૂર્ય પ્રશાંત અવસ્થામાં હતો. તેમાંથી છેલ્લા એક અઠવાડિયા દરમિયાન પૃથ્વીથી પણ ત્રણ ગણા વિશાળ એવા બે સૂર્ય કલંકો સાથે સૂર્ય સક્રિય બન્યો હતો.

- **ભારતમાં ૧૫૦૦ કરોડના ખર્ચે લીગો ઓબ્ઝર્વેટરી સ્થપાશે**

બે બ્લેકહોલ વચ્ચેની અથડામણમાંથી ઉત્પન્ન થયેલા ગુરુત્વાકર્ષણના તરંગો શોધનાર અમેરિકાની લીગો (લેસર ઈન્ટરફેરોમીટર ગ્રેવિટેશનલ વેવ્સ ઓબ્ઝર્વેટરી) ટીમમાં જ્યોર્જિયા ટેકનોલોજી યુનિવર્સિટીમાં બ્લેકહોલ પર પીએચડી કરી રહેલા વડોદરાના યુવા વૈજ્ઞાનિક કરણ જાની પણ સામેલ છે. હાલમાં ભારત આવેલા કરણ જાની ભારતની ૧૦ યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં લીગો પ્રોજેક્ટ અંગે વિજ્ઞાનના વિદ્યાર્થીઓને સમજ આપશે.

વડોદરામાં જ જન્મેલા અને વડોદરામાં જ અભ્યાસ કરનાર કરણ જાની શ્રેયસ સ્કુલ અને એમ.એસ. યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી છે. કરણે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચે લીગો પ્રોજેક્ટને ભારતમાં શરૂ કરવા માટે કરાર થઈ ચૂક્યા છે. ૨૦૨૪ સુધીમાં લીગો ઓબ્ઝર્વેટરી ઉભી કરવા માટે હાલમાં ભારતમાં વિવિધ સ્થળોની ચકાસણી થઈ રહી છે. ૧૫૦૦ કરોડના ખર્ચે ઉભી થનારી ઓબ્ઝર્વેટરી માટે ૧૬ ચોરસ કિલોમીટર જેટલી જગ્યાની જરૂર પડશે. ભારતનો અત્યાર સુધીનો આ સૌથી ખર્ચાળ વૈજ્ઞાનિક પ્રોજેક્ટ હશે, જેની સાથે ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ પ્લાઝમા, ઈન્દોરનું રાજા રામ મોહન સેન્ટર ફોર એડવાન્સ ટેકનોલોજી તેમજ પૂણેનું ઈન્ટર યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફીઝિકલ રીસર્ચ એમ ત્રણ સંસ્થા સંકળાયેલી છે.

લીગો પ્રોજેક્ટનો વિચાર ૧૯૬૦માં મુકાયો હતો. સરકારે તેને ૧૯૮૦માં ભંડોળ આપવાનું નક્કી કર્યું હતું.

- **બળતણનું એક પણ ટીપું વાપર્યા વગર સોલાર ઇમ્પલ્સ વિમાને વિશ્વ પ્રવાસ કર્યો**

માત્ર સૌર ઊર્જા સંચાલિત વિમાન 'સોલાર ઈમ્પલ્સ-૨'એ અરાઉન્ડ ધ વર્લ્ડ પ્રવાસ પૂરો કરવામાં સફળતા મેળવી હતી. આ વિમાન ગયા વર્ષે ૯મી માર્ચે અબુધાબીથી રવાના થયુ હતુ અને ૨૫ જુલાઈએ ફરીથી અબુધાબીમાં લેન્ડ થયુ હતુ. એ સાથે જ સોલાર વિમાન દ્વારા વિશ્વ પ્રવાસનો નવો કિર્તિમાન નોંધાયો હતો. સાથે સાથે ભવિષ્યમાં સૌર ઊર્જા દ્વારા વિમાનો ચલાવવાની દિશામાં પણ નવો માર્ગ ખુલ્યો હતો.

- **શનિના મોટા ચંદ્ર ટાઈટન પર જીવનની શક્યતા શોધાઈ**

પૃથ્વી પર જીવનની જરૂરિયાત પ્રવાહી પાણી છે. પણ શનિના મોટામાં મોટા ચંદ્ર ટાઈટન પર પાણી આધારિત રસાયણ સાથેના જીવનની શક્યતા છે.

કોરનેલ યુનિવર્સિટીના વિજ્ઞાનીઓએ નેશનલ એકેડેમી ઓફ સાયન્સિસના ક્રિયા કલાપોની પત્રિકાના છેલ્લા અંકમાં જણાવ્યું છે કે હાઈડ્રોજન સાઈકોડની ઉપસ્થિતિ ગ્રહના વાતાવરણમાં છે અને તેથી ત્યાં જીવન શક્ય હોઈ શકે.

નાસાના સંશોધન કેન્દ્રમાં કમ્પ્યૂટર મોડલ અને ડેટાનો ઉપયોગ કરી શોધના પરિમામો જણાવ્યા છે. જેમાં ટાઈટન પર ઠંડુ વાતાવરણ છે. પોલીમાઈન ફ્લેક્સીબલ છે તેથી સૂર્યની ઊર્જા જીવન માટે શક્ય બની શકે. પૃથ્વી જેવું જ વાતાવરણ ત્યાં હોય તેવી શક્યતા છે.

- **વૈજ્ઞાનિકોએ કેમિકલ વિનાનું એનર્જિ ડ્રિન્ક બનાવ્યું**

ગુજરાતના કૃષિ વિજ્ઞાનીઓએ રાયાસણો કે પ્રિઝર્વેટીવ ઉમેર્યા વગર ૬ મહિના સુધી સામાન્ય તાપમાને ખુલ્લામાં ટકી રહે તેવું દુધી, આમળા, લીંબુ અને આદુના જ્યુસનું એનર્જી અને હેલ્થી ડ્રીંક વિકસાવ્યું છે. બજારમાં મળતાં એનર્જી ડ્રીંકમાં કેમિકલ્સ અને નશાકારક પદાર્થો નાંખવામાં આવે છે. બ્લાન્ચિંગ, ફોર્મ્યુલેશન, થર્મલ પ્રોસેસિંગ અને સ્ટોરેજ સ્ટેબિલિટીનો સમાવેશ આ ટેકનોલોજીમાં થાય છે. તે કોઈપણ ખેડૂત આણંદ કૃષિ યુનિવર્સિટી પાસેથી તે સામાન્ય ફી લઈને કરાર આધારિત ખરીદકરી શકે છે. આણંદ કૃષિ યુનિવર્સિટીની કોલેજ ઓફ ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી એન્ડ બાયોએનર્જીના વિજ્ઞાનીઓએ અલગ અલગ ૫૦૦ જેટલી બ્લેન્ડ ફોર્મ્યુલા ઉપર કામ કર્યા પછી હમણાં જ ફોર્મ્યુલાની ટેકનોલોજી જાહેર કરી છે.

ASTHA Academy Mo.: 8980961441

# અર્થશાસ્ત્ર

- **એન.આર.આઈ. 'પાન' નંબર ન દર્શાવે તો પણ ૨૦ ટકા ટીડીએસમાંથી મુક્તિ**

ઈન્કમટેક્સ વિભાગમાં પરમેનન્ટ એકાઉન્ટ નંબર (પાન) નહીં રજૂ કરનાર બિન-નિવાસી રોકાણકારોએ હવે ઊંચા ટીડીએસની હાલાકીનો સામનો કરવો પડશે નહીં. જો બિન-નિવાસી રોકાણકારો પાન નંબર ને દર્શાવે અથવા તે અંગેની વિગતો રજૂ ન કરે તો તેમને મળતી વ્યાજ, રોયલ્ટી વગેરે આવક પર ૨૦ ટકા લેખે ટીડીએસ ભરવો પડતો હતો. હવે પાન નંબર નહીં દર્શાવે તો તેમની ટીડીએસ કપાતમાંથી મુક્તિ રાખવામાં આવી છે. હવે એન.આર.આઈ. પાન નંબરને બદલે ઈમેઈલ સહિત વ્યક્તિગત માહિતી અથવા ટેક્સ રેસિડેન્સી સર્ટિફિકેટ કે અન્ય દસ્તાવેજી પૂરાવા રજૂ કરીને ટીડીએસના લાભ મેળવી શકશે.

- **વિશ્વ બેંક સૌર ઊર્જા માટે ૬૭૫૦ કરોડ આપશે**

વિશ્વ બેંક ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવા માટે પરંપરાગત ઊર્જાના સ્રોતો પરની નિર્ભરતા ઘટાડનાર ભારતના સૌર ઊર્જા કાર્યક્રમને સમર્થન આપવા માટે ભારતને એક અબજ ડોલર (આશરે ૬૭૫૦ કરોડ રૂપિયા)નું ભંડોળ પૂરું પાડશે. કેન્દ્ર સરકાર અને વિશ્વ બેંક ૪૨૧૯ કરોડ રૂપિયા (૬૨.૫ કરોડ ડોલર)ના ગ્રીડ કનેક્ટેડ રૂફટોપ સોલર કાર્યક્રમ માટે ઊર્જા પ્રધાન પીયૂષ ગોયેલ અને વિશ્વબેંકના ગ્રુપ પ્રમુખ જિમ યોંગ કિમ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવેલી સમજૂતી મુજબ મલ્ટિરેટલર ફન્ડિંગ એજન્સી રોકાણ દ્વારા ભારતના મહત્વાકાંક્ષી સૌર ઊર્જા કાર્યક્રમને સમર્થન આપવા ભંડોળ પૂરું પાડશે.

- **BSE - NSE એ e-બુક પ્લેટફોર્મ લોન્ચ કર્યું**

અગ્રણી સ્ટોક એક્સચેન્જીસ બીએસઈ અને એનએસઈએ પ્રાઈવેટ પ્લેસમેન્ટ થકી રૂ. ૫૦૦ કરોડની ડેટ સિક્યોરિટીઝ ઈસ્યુ કરી શકાય એ માટે ઈલેક્ટ્રોનિક બુક પ્લેટફોર્મની રજૂઆત કરી હતી. બીએસઈ બોન્ડ અને એનએસઈ-ઈબીપી (ઈલેક્ટ્રોનિક ડેટ બિડિંગ પ્લેટફોર્મ) - પ્રાઈવેટ પ્લેસમેન્ટ દ્વારા ડેટ સિક્યોરિટીઝના ઓનલાઈન બિડિંગ માટેની સુવિધા છે.

- **ડિજિટલ અર્થતંત્રની તૈયારીની યાદીમાં ભારત ૯૧મા ક્રમાંકે**

ડિજિટલ અર્થતંત્રની તૈયારી અને સમાજને બદલવાની તૈયારીની વૈશ્વિક યાદીમાં ભારત બે ક્રમાંક પાછળ ધકેલાઈને ૯૧મા સ્થાને સરક્યું હતું. આ યાદીમાં સિંગાપોર ફરી એક વાર ટોચના સ્થાને છે, જ્યારે ઊભરતા દેશોમાં ભારતનું સ્થાન નીચું છે, રશિયા ૪૧મા ક્રમાંકે છે, ત્યારબાદ ચીન ૫૯માં ક્રમાંકે (ત્રણ ક્રમાંક આગળ), દક્ષિણ આફ્રિકા ૧૦ ક્રમાંક આગળ ધકેલાઈને ૬૫માં ક્રમાંકે અને બ્રાઝિલ આગળ વધીને ૭૨મા ક્રમાંકે છે. જિનિવા સ્થિત વર્લ્ડ ઈકોનોમિક ફોરમે જાહેર કરેલા એન્યુઅલ નેકવકર્ડ રેડીનેસ ઈન્ડેક્સ મુજબ સિંગાપોર ફરી એકવાર ટોચના સ્થાને હતું. જ્યારે ફિનલેન્ડે બીજો ક્રમાંક હાંસલ કર્યો હતો.

- **૭૩૦૦ કરોડ રૂ.ની નિરમા કંપની ૯૪૦૦ કરોડ રૂપિયામાં સિમેન્ટ કંપની ખરીદશે**

ફોર્બ્સે કરસનભાઈ પટેલની નેટવર્થ રૂપિયા ૧૨૩૦૦ કરોડ આંકી છે. તેઓ ભારતમાં ૫૦માં સૌથી ધનવાન વ્યક્તિ છે.

- **કિસાન વિકાસપત્ર, નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ ડિજિટલ સ્વરૂપમાં મળશે**

કેન્દ્ર સરકાર હવે નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ અને કિસાન વિકાસપત્ર ફિઝિકલ સ્વરૂપમાં નહીં, પરંતુ ડિજિટલ સ્વરૂપમાં આપશે. અત્યાર સુધી આ બન્ને બચત પત્રકો પ્રી-પ્રિન્ટેડ સર્ટિફિકેટ સ્વરૂપમાં ઈશ્યૂ કરાતા હતા. પરંતુ જુલાઈ મહિનાથી એન.એસ.સી. અને કે.વી.પી. ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં એટલે કે ઈ-મોડમાં ઈશ્યૂ કરાશે અથવા પાસબુકમાં એન્ટ્રી કરાશે. આમ, શેર સર્ટિફિકેટની જેમ હવે ડી-મેટ સ્વરૂપે આ બચતપત્રો ઈશ્યૂ કરાશે.

- **એક્સાઈઝ ડ્યૂટીની મુક્તિ ૬થી વધારી ૧૦ કરોડ કરી**

સરકારે જ્વેલર્સો માટે આ ફેરફાર કર્યા

(૧) પહેલા રૂ. ૬ કરોડથી વધુના ટર્નઓવર ઉપર ૧ ટકો ડ્યૂટી લેવાતી, હવે આ મર્યાદા ૧૦ કરોડ કરતા જ્વેલર્સને વાર્ષિક ૪ લાખનો લાભ થશે.

(૨) વાર્ષિક ૧૦ કરોડથી ૧૫ કરોડનું ટર્નઓવર કરનાર વેપારીએ ફરજિયાત એક્સાઈઝમાં રજિસ્ટ્રેશન કરાવવું પડશે.

(૩) સરકારે નાના અને મોટા વેપારીઓને અલગ કર્યા. રૂ. ૧૫ કરોડથી વધુનો વાર્ષિક વેપાર હોય તો તે મોટા વેપારી કહેવાય અને તેમણે તમામ રકમ ઉપર ડ્યૂટી ચૂકવવી પડે.

(૪) ૧૦૦ કરોડના દાગીનાનું ઉત્પાદન કરનાર માટે બે વર્ષ સુધી એક્સાઈઝ ઓડિટમાંથી મુક્તિ આપવામાં આવી.

(૫) દાગીનાને જ્યારે પ્રથમ વખત વેચાણ કરવામાં આવે ત્યારે જ એક્સાઈઝની ગણતરી કરવામાં આવશે.

(૬) કારીગરોને ત્યાં કોઈ અધિકારી દરોડા નહીં પાડે, પૂરતી માહિતી હશે તો ઉચ્ચ અધિકારીની સૂચનાથી કાર્યવાહી થશે.

- **ગોલ્ડ બોન્ડ યોજના : ન્યૂનત્તમ રોકાણ ૧ ગ્રામ કરાયું**

પ્રથમ ત્રણ તબક્કામાં થયેલા સબસ્ક્રીશનને મળેલા પ્રતિસાદની સાથે વધેલા સોનાના ભાવને જોતાં સરકારની યોજના સોવરેન ગોલ્ડ બોન્ડના રોકાણ મર્યાદામાં ઘટાડો કરાયો છે. નવી મર્યાદા મુજબ ન્યુનત્તમ ૧ ગ્રામ તેમજ મહત્તમ ૫૦૦ ગ્રામ સુધી આ યોજનામાં રોકાણ કરી શકાશે. ૧ ગ્રામનો ભાવ રૂ. ૩૧૧૯ નક્કી કરાયો છે.

- **અમદાવાદમાં માર્ચથી પોસ્ટ બેંક, મોબાઈલ બેન્કિંગની સુવિધા**

પોસ્ટ વિભાગ દ્વારા બેકિંગ સેવા શરૂ કરવાની લાંબા સમયની અટકળોનો અંત આવ્યો છે. હવે પોસ્ટ વિભાગ દ્વારા પ્રથમ તબક્કામાં માર્ચ ૨૦૧૭ સુધીમાં ગુજરાતમાં બે બ્રાન્ચ સહિત દેશમાં ૫૦ બ્રાન્ચ શરૂ કરવામાં આવશે. બીજા તબક્કામાં પોસ્ટ વિભાગ દ્વારા સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં ગુજરાતમાં ૪૦ બ્રાન્ચ સહિત દેશમાં ૬૫૦ બ્રાન્ચ શરૂ કરી દેવાશે અને આ તમામ બ્રાન્ચની સાથે દેશની ૧.૫૪ લાખ પોસ્ટ ઓફિસોને પણ લિંક કરાશે. આનાથી દેશમાં નવી રોજગારીની તકો સર્જાવાની સાથે ગ્રામ્ય વિસ્તારના લોકોને બેકિંગ સુવિધાનો લાભ મળી રહેશે. પોસ્ટલ બેંક માટે કેન્દ્ર સરકાર દ્વારા ૮૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવાની પણ જાહેરાત કરાઈ છે.

- **આઈઓસીના ખેડૂત સેવા કેન્દ્ર પર બેન્કિંગ સુવિધા**

હવે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ખેડૂત સેવા કેન્દ્ર ખાતે ખેડૂતોને બેન્કિંગ સુવિધા પણ અપાશે. આઈઓસીએ ૬૫૦૦ કેન્દ્ર શરૂ કરી દીધા છે. અહીં ખેડૂતોને ડીઝલ, બિયારણ, ફર્ટિલાઈઝર ખાતર વગેરે મળશે. તેના માટે આઈઓસી અને એસબીઆઈ વચ્ચે કરાર થયો છે.

- **પોસ્ટલ સુવિધા હવે ઘેર બેઠા મળશે**

ગુજરાત સહિત દેશભરમાં પોસ્ટની કામગીરી ઓનલાઈન થઈ રહી છે. જેના માટે તમામ પોસ્ટમેનને હેન્ડ હેલ્ડ ડિવાઈસ અપાશે. પ્રથમ તબક્કામાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટની પોસ્ટ ઓફિસના પોસ્ટમેનને એકાદ મહિનામાં હેન્ડ હેલ્ડ ડિવાઈસ અપાશે. એપ્રિલ ૨૦૧૭ સુધીમાં રાજ્યભરમાં આ ડિવાઈસ અપાશે.

આ ડિવાઈસની મદદથી લોકોને પોસ્ટ ઓફિસ સુધી જવું પડશે નહીં. પોસ્ટમેન ગ્રાહકોને ઘરે જ પોસ્ટની સુવિધાઓ ઓનલાઈન પૂરી પાડશે. આ ડિવાઈસની મદદથી મનીઓર્ડર, સ્પીડ પોસ્ટ, સેવિંગ્સ એકાઉન્ટ સહિતના એકાઉન્ટ અપડેટ કરવાની સાથે પોસ્ટલ ડિલિવરી સહિતની સુવિધાઓ મળી રહેશે. ગુજરાત પોસ્ટલ સર્કલના ચીફ પોસ્ટ માસ્ટર જનરલ રામભરોસાએ જણાવ્યું કે, પોસ્ટમેન આ તમામ કામગીરી હેન્ડ હેલ્ડ ડિવાઈસ (એચએચડી)ની મદદથી કરી શકશે. આ એચએચડી માઈક્રો એટીએમની જેમ કામ કરશે. બેકિંગ પ્રક્રિયા સાથે જોડાયેલ લેવડ-દેવડ સહિતની પ્રક્રિયા સીધી પોસ્ટ ઓફિસમાં અપડેટ થઈ જશે.

- **૭મા પગારપંચને મંજુરી**

ઓગસ્ટથી કેન્દ્રીય કર્મચારીઓને લગભગ અઢી ગણો વધુ પગાર મળશે. સરકારે સાતમા પગારપંચની ભલામણોનો અમલ કરવા માટેનું જાહેરનામું બહાર પાડી દીધું છે. તેના કારણે કેન્દ્રીય કર્મચારીઓના મૂળ પગારમાં ૨.૫૭ ટકાનો વધારો થશે. ૨૦૧૬થી કેન્દ્રીય કર્મચારીઓને લઘુત્તમ પગાર રૂ. ૭૦૦૦ને બદલે રૂ. ૧૮૦૦૦ મળશે અને મહત્તમ રૂ. ૯૦ હજારનો પગાર મેળવનારાને હવે રૂ. ૨.૫ લાખનો પગાર મળશે.

સારું પરફોર્મન્સ નહીં હોય તો પગાર વધારો નહીં મળે. કેન્દ્રએ જણાવ્યું હતું કે જો કેન્દ્ર સરકારના કર્મચારીઓનું કામ યોગ્ય નહીં જણાય તો તેમને વાર્ષિક પગાર વધારો આપવામાં આવશે નહીં. સરકારી કર્મચારીઓ માટે બઢતી તેમજ નાણાકીય વધારા માટેનું ધારાધોરણ 'ગુડ'ના સ્તરથી વધારીને 'વેરી ગુડ' કરી દેવામાં આવ્યું છે. સાતમા પગાર પંચે ૧૯૬ ભથ્થાંમાંથી ૫૧ ભથ્થાં ખતમ કરવાની અને ૩૭ને વેતનમાં સમાવી લેવાની ભલામણ કરી હતી.

- **'ફેમા'ના ભંગ બદલ ૧૩ બેન્કોને ૨૭ કરોડનો દંડ**

ફોરેન એક્સચેન્જ મેનેજમન્ટ એક્ટ (ફેમા) સંબંધી ઉલ્લંઘનો અને કેવાયસી અંગેની ખામીઓ બદલ બેન્કો પર પસ્તાળ પાડતાં રિઝર્વ બેન્કે પીએનબી અને એચડીએફસી બેન્ક સહિત જાહેર તેમજ ખાનગી ક્ષેત્રની ૧૩ બેન્કોને ૨૭ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. રિઝર્વ બેન્કે એસબીઆઈ અને આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક સહિત અન્ય ૮ બેન્કોને માર્ગદર્શિકાઓનું ચુસ્ત પાલન સુનિશ્ચિત કરવા તાકીદ કરી છે.

- **રિઝર્વ બેન્ક રૂ. ૧૦, ૧૦૦ની નવી નોટ બહાર પાડશે**

રિઝર્વ બેન્ક મહાત્મા ગાંધી-૨૦૦૫ની શ્રેણી હેઠળ ૧૦ અને ૧૦૦ રૂપિયાના નવી નોટ બહાર પાડશે. આ નોટોની નંબરીંગ પેનલમાં ઈનસેટ લેટર નહીં હોય. તેના પર રિઝર્વ બેન્કના ગર્વનર રઘુરામ રાજનના હસ્તાક્ષર રહેશે. પાછળના ભાગમાં પ્રકાશન વર્ષ ૨૦૧૬ દર્શાવાશે.

- **૩૦૦ પ્રોજેક્ટ્સ નદીઓને નવજીવન બક્ષશે**

નમામિ ગંગે પ્રોજેક્ટ : કેન્દ્ર સરકાર નમામિ ગંગે પ્રોજેક્ટની શરૂઆત કરી રહી છે. ગંગા નદીને વીરલ અને સ્વચ્છ કરવાના હેતુસર પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે.

નમામિ ગંગે કાર્યક્રમ હેઠળ દેશભરમાં ૨૩૧ પરિયોજના શરૂ થશે. તેમાં નદીને સ્વચ્છ કરવા માટે એટીપી સંયંત્ર સ્થાપિત કરવાની યોજનાનો પણ સમાવેશ થાય છે. પાંચ રાજ્યોના એવા શહેરો કે જ્યાંથી ગંગા પસાર થાય છે તેને ખાસ મહત્ત્વ આપવામાં આવશે. ગંગા શુદ્ધિકરણનું પ્રથમ ચરણ ઓક્ટોબર ૨૦૧૬ અને બીજા ચરણની કામગીરી તે પછીના બે વર્ષમાં પૂરી કરવામાં આવશે.

- **બેંક્સ પાસવર્ડથી મુક્ત થઇને બાયોમેટ્રિક બેંકિંગની દિશામાં**

નાણાકીય સેવાઓમાં હવે પાસવર્ડનું સ્થાન બાયોલોજિકલ ડેટા કે ફિંગરપ્રિન્ટ લે તે દિવસો દૂર નથી. ભારતમાં આઈસીઆઈસીઆઈ, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ, ડીસીબી કેટલેક અંશે આ દિશામાં આગળ વધી ચૂકી છે. બેંકના ખાતેદારની સલામતી માટે વિશ્વની અનેક બેંક આ પદ્ધતિ અપનાવી ચૂકી છે. સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક પોતાના મોબાઈલ બેકિંગ એપમાં બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન સામેલ કરી ચૂકી છે. ડીસીબી પણ બેંગલોર ખાતે બાયોમેટ્રિક આધારિત એટીએમ સેવાનો આરંભ કરી ચૂકી છે. ઈન્ડસઈન્ડ બેંકે પણ આ દિશામાં પહેલ કરી છે. પોતાની આ સેવાના પ્રચાર માટે બેંકે ફરહાન અખ્તરની બ્રાન્ડ એમ્બેસેડર પદે નિમણૂક કરી છે.

- **ફોર્ચ્યુન-૫૦૦માં દેશની સાત કંપનીમાંથી બે કંપની ગુજ્જુની**

ફોર્ચ્યુન-૫૦૦ના નવા લિસ્ટમાં વિશ્વસ્તરીય ૫૦૦ કંપનીઓમાં ભારતની ૭ કંપનીઓ સામેલ થઈ છે. મજાની વાત એ છે કે રાજેશ એક્સ્પોર્ટ પ્રથમવાર ૪૨૩માં ક્રમ સાથે આ યાદીમાં સ્થાન પામી છે. આ કંપની ગુજરાતી રાજેશ મહેતાની છે. મૂળ ગુજરાતના પણ બેંગલોર નિવાસી બની ગયેલા રાજેશ મહેતાએ ૧૯૮૯માં આ કંપનીની સ્થાપના કરી હતી. બાવન વર્ષીય મહેતા ફોર્બ્સની યાદી પ્રમાણે દેશના ટોપના ૧૦૦ ધનકુબેરમાં ૬૫મા ક્રમે આવે છે. ઈન્ડિયન ઓઈલ ગત વર્ષે ૧૧૯માં ક્રમે હતી. આ વખતે ૧૬૧માં સ્થાને છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૧૫૮માં સ્થાને હતી તેહવે ૨૧૫માં ક્રમે છે. ભારત પેટ્રોલિયમ ૨૮૦માં સ્થાનેથી ૩૫૮માં ક્રમે તથા હિંદપેટ્રો ૩૨૭માં સ્થાનેથી ૩૬૭માં સ્થાને આવી છે. સામે તાતા મોટર્સ અગાઉ ૨૫૪માં ક્રમે હતી તેની સ્થિતિ સુધરતા હવે ૨૨૬માં સ્થાને આવી છે. એસબીઆઈ પણ ૨૬૦માં નંબરથી આગળ વધી ૨૩૨માં ક્રમે પહોંચી છે. ફોર્ચ્યુન-૫૦૦માં પ્રથમ ક્રમે અમેરિકન વોલ માર્ટ છે તેની વાર્ષિક આવક ૪૮૨ અબજ ડૉલરની છે. ૩૨૯ અબજ ડૉલરની આવક સાથે સ્ટેટ ગ્રીડ તથા ૨૯૯ અબજ ડૉલરની આવક સાથે ચાઈના પેટ્રો ત્રીજા સ્થાને છે. આ બંને ચાઈનીઝ કંપની છે.

ASTHA Academy Mo.: 8980

# સ્પોર્ટ્સ

- **ફેલ્પ્સ વિક્રમી પાંચમી વખત ઓલિમ્પિક માટે ક્વોલિફાય**

રમતોના મહાકુંભ ઓલિમ્પિકમાં જ્યાં કોઈ એક ખેલાડી માત્ર એક મેડલ જીતવાની બાબતને મોટી સિદ્ધિ માને છે ત્યાં ૧૮ ગોલ્ડ મેડલ સહિત કુલ ૨૨ ઓલિમ્પિક મેડલ જીતનાર અમેરિકાનો સ્ટાર સ્વિમર માઈકલ ફેલ્પ્સ વિક્રમી પાંચમી વખત ઓલિમ્પિક્સ માટે ક્વોલિફાય થયો છે. બે વર્ષ પહેલાં પોતાની સ્વિમિંગ કારકિર્દી પર પૂર્ણાવિરામની જાહેરાત કરીને પ્રશંસકોના દિલ તોડનાર ફેલ્પ્સને ઓલિમ્પિકનું આકર્ષણ ફરીથી પાછું ખેંચી લાવ્યું છે.

**૩૯ વખત વર્લ્ડ રેકોર્ડ**

ફેલ્પ્સ કારકિર્દીમાં ૩૯ વખત વર્લ્ડ રેકોર્ડ નોંધાવી ચૂક્યો છે. તેમાં ૨૯ વ્યક્તિગત અને ૧૦ રિલે ઈવેન્ટમાં બનાવ્યા છે. આ સ્વિમિંગમાં વર્લ્ડ રેકોર્ડનો પણ વર્લ્ડ રેકોર્ડ છે.

| ઓલિમ્પિક | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૦૦ - સિડની | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૦૦૪ - એથેન્સ | ૦૬ | ૦૦ | ૦૨ | ૦૮ |
| ૨૦૦૮ - બેઈજિંગ | ૦૮ | ૦૦ | ૦૦ | ૦૮ |
| ૨૦૧૨ - લંડન | ૦૪ | ૦૨ | ૦૦ | ૦૬ |

- **સેરેનાનો ૩૦૦મો ગ્રાન્ડસ્લેમ વિજય**

અમેરિકાની સ્ટાર ખેલાડી સેરેના વિલિયમ્સે જર્મનીને એન્નિકા બેકને ૬-૩, ૬-૦થી હરાવીને ચોથા રાઉન્ડમાં પ્રવેશ કરવા ઉપરાંત પોતાની કારકિર્દીમાં ૩૦૦મો ગ્રાન્ડસ્લેમ વિજય હાંસલ કર્યો હતો.

- **ગાંધીનગરના સાહિલ જર્મનીની ક્રિકેટ ટીમમાં**

લેફ્ટ આર્મ સ્પિનર તથા ડાબોડી બેટ્સમેન સાહિલે ૨૦૦૪-૦૬ દરમિયાન રાજ્યસ્તરે અંડર-૧૫ ટીમમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ત્યાર બાદ ચેન્નાઈ ખાતે મેક સ્પિન ફાઉન્ડેશનમાં રોબિન સિંઘ, ઈરાપલ્લી પ્રસન્ના તથા વેંકટપતિ રાજૂ જેવા ભૂતપૂર્વ ખેલાડીઓ પાસેથી કોચિંગ મેળવ્યું હતું.

- **૨ મહાન ખેલાડી : ૧ની હત્યા, બીજાને કરચોરી માટે સજા**

ગર્લફ્રેન્ડની હત્યા બદલ 'બ્લેડ રનર' ઓસ્કાર પિસ્ટોરિયસને ૬ વર્ષની જેલ. લાયોનલ મેસ્સીને કરચોરી બદલ ૨૧ મહિનાની જેલ, રૂ. ૧૫ કરોડનો દંડ.

- **વિમ્બલડનની સિંગલ્સ અને ડબલ્સમાં સેરેના ચેમ્પિયન**



વિમ્બલડન વિમેન્સ સિંગલ્સની ફાઈનલમાં અમેરિકાની સેરેના વિલિયમ્સે જર્મનીની એન્જિલક કેબરને ૭-૫, ૬-૩થી હાર આપી હતી. ત્યારબાદ તેણે બહેન વિનસ સાથે જોડી બનાવીને વિમેન્સ ડબલ્સનું ટાઈટલ પણ જીત્યું હતું.

- **બ્રિટિશ ગ્રાન્ડ પ્રિક્સમાં હેમિલ્ટનની હેટ્રિક**

સ્ટાર રેસર લુઈસ હેમિલ્ટને નિકો રોસબર્ગને હરાવીને બ્રિટિશ ગ્રાન્ડ પ્રિક્સ ફોર્મ્યુલા - વન રેસને સતત ત્રીજી વખત જીતી લઈને હેટ્રિક નોંધાવી હતી.

- **ગ્રિઝમેન યુરો ૨૦૧૬નો સર્વશ્રેષ્ઠ ખેલાડી**

યજમાન ફ્રાન્સના સ્ટાર ખેલાડી તથા સર્વાધિક ગોલ સ્કોરર રહેલા એન્ટોની ગ્રિઝમેનને તાજેતરમાં રમાયેલા યુરો કપ ફૂટબોલ ટૂર્નામેન્ટમાં તેના શાનદાર પ્રદર્શન બદલ સર્વશ્રેષ્ઠ પ્લેયર તરીકે પસંદ કરવામાં આવ્યો છે. ચેમ્પિયન પોર્ટુગલની ટીમના રુઈ પેટ્રિસિયોને સર્વશ્રેષ્ઠ ગોલકીપરનો એવોર્ડ અપાયો છે.

ગ્રિઝમેનને સર્વાધિક ગોલ કરવા બદલ યુરોપિયન ફૂટબોલ ફેડરેશને સર્વશ્રેષ્ઠ પ્લેયરનું સન્માન આપ્યું છે. આ ઉપરાંત ગ્રિઝમેનને સર્વશ્રેષ્ઠ મિડફિલ્ડરોમાં પણ સામેલ કરાયો છે. જોકે ગ્રિઝમેન ફાઈનલમાં પોતાની ટીમને વિજય અપાવી શક્યો નહોતો અને ફ્રાન્સનો ૧-૦થી પરાજય થયો હતો.

- **દેશની પ્રથમ મલ્ટીસિટી મેરેથોન ગ્રેટ ઇન્ડિયા રનમાં ચાર મહાદ્વીપોના ૧૫ સ્પર્ધકો સામેલ**

કેન્દ્રીય રમત મંત્રી વિજય ગોયલે દેશની પ્રથમ મલ્ટિ સિટી મેરેથોન ગ્રેટ ઈન્ડિયા રનને ઈન્ડિયા ગેટથી રવાના કરી હતી. કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી કિરણ રિજીજુ, અંજુ બોબી જ્યોર્જ અને ગુલ પનાગ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યાં હતાં. ૧૪૮૦ કિલોમીટર લાંબી આ મેરેથોનમાં એશિયા, આફ્રિકા, અમેરિકા તથા યુરોપના ૧૫ સ્પર્ધકો સામેલ થયા હતા.

- **જોશનાને હરાવી દીપિકા પલ્લીકલ ચેમ્પિયન**

દીપિકા પલ્લીકલ કાર્તિકે ભૂતપૂર્વ ચેમ્પિયન જોશના ચિનપ્પાને હરાવીને ૭૩મી સિનિયર રાષ્ટ્રીય સ્કવોશ ચેમ્પિયનશિપનો વિમેન્સ વર્ગનો ખિતાબ જીતી લીધો હતો. પાંચ વર્ષ બાદ

રાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં રમી રહેલી વર્લ્ડની ૧૯મા ક્રમની ખેલાડી દીપિકાએ હરીફ જોશનનાને ૪૩ મિનિટમાં ૪-૧૧, ૧૧-૬, ૧૧-૨, ૧૧-૮થી પરાજય આપ્યો હતો. મેન્સ સિંગલ્સનો ખિતાબ ભૂતપૂર્વ ચેમ્પિયન અને ટોચના ક્રમાંકિત સૌરવ ઘોષાલના નામે રહ્યો હતો. તેણે ૧૧મી વખત આ ખિતાબ જીતીને ઈતિહાસ રચી દીધો હતો.

- **એન્યૂરિન ડોનાલ્ડે શાસ્ત્રીની ફાસ્ટેસ્ટ બેવડી સદીનો રેકોર્ડ સરભર કર્યો**

૧૯ વર્ષીય ગ્લેમોર્ગન કાઉન્ટીના એન્યૂરિન ડોનાલ્ડે ઈંગ્લેન્ડની કાઉન્ટી ક્રિકેટ ચેમ્પિયનશિપની બીજી ડિવિઝનમાં ડબીશાયર કાઉન્ટી સામે આક્રમક રમત રમીને ફાસ્ટેસ્ટ બેવડી સદી ફટકારવાના ભૂતપૂર્વ ભારતીય સુકાની રવિ શાસ્ત્રીના રેકોર્ડને સરભર કરી લીધો હતો. શાસ્ત્રીએ ૧૯૮૫માં મુંબઈ તરફથી રમીને બરોડા સામે ૧૨૩ બોલમાં બેવડી સદી ફટકારવાનો રેકોર્ડ નોંધાવ્યો હતો. ડોનાલ્ડે ૧૨૩ બોલમાં ૧૫ સિક્સરની મદદથી ૨૦૦ રન બનાવીને શાસ્ત્રીના રેકોર્ડની બરોબરી કરી હતી. નોંધનીય છે કે ડોનાલ્ડે અગાઉ એક પણ સદી નોંધાવી નથી અને તેણે ૧૩૬ બોલમાં કુલ ૨૩૪ રન બનાવ્યા હતા. શાસ્ત્રી પણ ગ્લેમોર્ગન માટે કાઉન્ટી ક્રિકેટ રમી ચૂક્યો હતો.

- **ફ્રેન્કલિનની 'ડ્રીમ ટીમ'માં ત્રણ ભારતીય સ્ટાર સામેલ**

ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર જેમ્સ ફ્રેન્કલિને પોતાની ઓલ ટાઈમ પ્લેઈંગ ઈલેવન 'ડ્રીમ ટીમ'માં ત્રણ ભારતીય ખેલાડી સચિન તેંડુલકર, રોહિત શર્મા તથા ઓફ સ્પિનર હરભજનસિંહનો સમાવેશ કર્યો છે. ફ્રેન્કલિને લોર્ડ્ઝ ક્રિકેટ મેદાનની સત્તાવાર યૂ ટ્યૂબ ચેનલ પર પોતાની વીડિયો પોસ્ટ કરીને ટીમની જાહેરાત કરી હતી જેમાં તેણે આઈપીએલની ફ્રેન્ચાઈઝી મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમી ચૂકેલા તથા રમી રહેલા ખેલાડીઓને સામેલ કર્યા છે.

- **કોહલીએ બેવડી સદી સાથે રેકોર્ડ્સની વણઝાર**

વેસ્ટ ઈન્ડિઝ સામેની એન્ટિગુઆ ટેસ્ટના બીજા દિવસે ભારતીય ટેસ્ટ સુકાની વિરાટ કોહલીએ બેવડી સદી નોંધાવીને વિક્રમોની વણઝાર સર્જી હતી. તે વિદેશની ધરતી પર બેવડી સદી નોંધાવનાર પ્રથમ ભારતીય સુકાની બન્યો છે. અગાઉ સુકાની તરીકે વિદેશમાં અઝહરુદ્દીને ઓકલેન્ડમાં ૧૯૨ રન ફટકાર્યા હતા. ટેસ્ટ ક્રિકેટમાં કોહલીનો આ સર્વશ્રેષ્ઠ સ્કોર પણ રહ્યો છે. કોહલીએ અગાઉ ઓસ્ટ્રેલિયા સામે ૨૦૧૪માં ૧૬૯નો સર્વશ્રેષ્ઠ સ્કોર નોંધાવ્યો હતો.

**પાંચમો ભારતીય સુકાની**

ટેસ્ટમાં ઘરઆંગણે કે વિદેશમાં ભારતીય સુકાની તરીકે બેવડી સદી નોંધાવનાર કોહલી પાંચમો સુકાની બન્યો છે. આ યાદીમાં મહેન્દ્રસિંહ ધોની ૨૨૪ રનના સર્વશ્રેષ્ઠ સ્કોર સાથે ટોચના ક્રમે છે.

**દ્રવિડનો રેકોર્ડ તોડ્યો**

વિન્ડીઝમાં રાહુલ દ્રવિડે ૨૦૦૬માં નોંધાવેલા ૧૪૬ રનના સર્વશ્રેષ્ઠ સ્કોરના રેકોર્ડને કોહલીએ તોડી નાખ્યો હતો. વિન્ડીઝમાં સર્વશ્રેષ્ઠ સ્કોર કરનાર ખેલાડીઓની યાદીમાં ભૂતપૂર્વ સુકાની કપિલ દેવે પણ ૧૦૦ રન કર્યા હતા.

**૧૮ ઈનિંગ્સમાં ૧૦૦૦ રન**

સુકાની તરીકે ટેસ્ટ ક્રિકેટમાં કોહલીએ ૧૮ ઈનિંગ્સમાં ૧૦૦૦ રનનો આંકડો પાર કરી લીધો છે. આ કોઈ પણ ભારતીય સુકાની દ્વારા નોંધાવેલા બીજા ફાસ્ટેસ્ટ એક હજાર રન છે. સુનિલ ગાવસ્કરે સુકાની તરીકે ૧૪ ઈનિંગ્સમાં ૧૦૦૦ રન પૂરા કરી લીધા હતા. ભૂતપૂર્વ ટેસ્ટ સુકાની મહેન્દ્રસિંહ ધોનીએ પણ ૧૮ ઈનિંગ્સમાં ૧૦૦૦ રન પૂરા કર્યા હતા.

- **નીરજનો ૮૬.૪૮ મીટરના થ્રો સાથે વર્લ્ડ રેકોર્ડ**

ભારતના જ્વેલિન થ્રોઅર નીરજ ચોપરાએ પોલેન્ડ ખાતેની અંડર-૨૦ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં વર્લ્ડ રેકોર્ડ નોંધાવીને નવો ઈતિહાસ રચ્યો હતો. નીરજે ૮૬.૪૮ મીટરનો જ્વેલિન થ્રો કરીને લેટવિયાના જિગિસ્મંડ સિરમાયસના ૮૬.૬૯ મીટરના રેકોર્ડને તોડી નાખ્યો હતો. હરિયાણાના ૧૮ વર્ષીય નીરજની આ સિદ્ધિ દેશ માટે પણ એક નવો રેકોર્ડ છે. આ અગાઉ કોઈ પણ ભારતીય એથ્લેટ્સે વિશ્વ સ્તરે ગોલ્ડ મેડલ જીત્યો નથી. ચાલુ વર્ષે સાઉથ એશિયન ગેમ્સમાં નીરજે ૮૨.૨૩ મીટરના થ્રો સાથે રેકોર્ડ નોંધાવ્યો હતો.

- **હેમિલ્ટન વિક્રમી પાંચમી વખત ચેમ્પિયન**

વર્તમાન ચેમ્પિયન લુઈસ હેમિલ્ટને પોતાના ટ્રેડ માર્ક ઝંઝાવાત તથા સ્કિલનું શાનદાર પ્રદર્શન કરીને હંગેરિયન ગ્રાન્ડ પ્રિક્સ ફોર્મ્યુલા - વન રેસનું વિક્રમી પાંચમી વખત ટાઈટલ જીતી લીધું હતું. આ સાથે તેણે ચાલુ વર્ષના વર્લ્ડ ટાઈટલની રેસમાં પોતાના મર્સીડિઝના સાથી ડ્રાઈવર નિકો રોસબર્ગને પાછળ રાખીને દાવેદારની યાદીમાં પ્રથમ સ્થાન હાંસલ કરી લીધું હતુ.

- **વર્લ્ડ ડેફ ટેબલટેનિસમાં ભારત ચેમ્પિયન**

તુર્કી ખાતે યોજાયેલી ત્રીજી વર્લ્ડ ડેફ ટેબલટેનિસ ચેમ્પિયનશિપમાં ભારતીય વિમેન ટીમે પોલેન્ડ તથા તુર્કીને હરાવીને ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો. વિજેતા ટીમમાં શાઈની ગોમ્સ (ગુજરાત), સોમા કુદુ (બંગાળ), સુરવી ઘોષ (બંગાળ)નો સમાવેશ થાય છે.

- **રોયે ઈંગ્લેન્ડ તરફથી બીજા ક્રમનો સૌથી વધુ વ્યક્તિગત સ્કોર નોંધાવ્યો**

શ્રીલંકા સામે વરસાદના વિઘ્ન વચ્ચે રમાયેલી ૪૨-૪૨ ઓવરની વનડેમાં જેસન રોય અને ઈંગ્લેન્ડે નવા રેકોર્ડ નોંધાવ્યા હતા. જેસન રોયે ૧૧૮ બોલમાં ૧૩ ચોગ્ગા સાથે

૧૬૨ રન ઝૂડ્યા હતા. જે ઈંગ્લેન્ડના વનડે ઈતિહાસનો બીજા ક્રમનો સૌથી વધુ વ્યક્તિગત સ્કોર બની ગયો છે. ઈંગ્લેન્ડ તરફથી વનડેમાં સૌથી વધુ વ્યક્તિગત સ્કોર અણનમ ૧૬૭ રનનો છે, જે રોબિન સ્મિથે ૨૧મી મે, ૧૯૯૩ના રોજ બર્મિંગહામમાં ઓસ્ટ્રેલિયા સામે નોંધાવ્યો હતો. ત્યારે રોબિને ૨૦૮ બોલમાં ૧૭ ચોગ્ગા અને ૩ છગ્ગા સાથે આ સ્કોર કર્યો હતો.

- **ઓલ ઇન્ડિયા જુનિયર રેન્કિંગ બેડમિંટનમાં આર્યમાન રનર્સઅપ**


ગુજરાતના આશાસ્પદ બેડમિંટન ખેલાડી આર્યમાન ટંડને તાજેતરમાં કેરળના તિરુવનંતપુરમ ખાતે યોજાયેલી ઓલ ઈન્ડિયા જુનિયર રેન્કિંગ બેડમિંટન ટૂર્નામેન્ટમાં રનર્સઅપ ટાઇટલ મેળવ્યું હતું. આર્યમાનને ફાઈનલમાં એર ઈન્ડિયાના કેતીકેયા ગુલશનકુમાર સામે ૨૧-૨૩, ૧૭-૨૧ના સંઘર્ષ બાદ હારનો સામનો કરવો પડ્યો હતો. તેણે અગાઉ ક્વાર્ટર ફાઈનલમાં આસામના સ્વરંજન બોરાને ૧૯-૨૧, ૨૧-૧૮, ૨૧-૯થી તેમજ સેમિ ફાઈનલમાં આંધ્રપ્રદેશના જગદિશ કે. ને ૨૧-૧૪, ૨૧-૬થી પરાજય આપ્યો હતો.

- **યુરોપની ટોચની ફૂટબોલ લીગમાં ભાગ લઈને ગુરપ્રીતે ઇતિહાસ રચ્યો**



ભારતીય ફૂટબોલર ગુરપ્રિત સિંઘે યુરોપની ટોચની ફૂટબોલ લીગમાં ભાગ લઈને ઈતિહાસ રચી દીધો છે. નોર્વેની ક્લબ ટીપ્પેલીગન ક્લબ સ્ટાબાઈક એફસીએ ગોલકિપર ગુરપ્રિતને યુરોપ લીગ ક્વોલિફાયરમાં મેદાન પર ઉતાર્યો હતો. આ સાથે તે યુરોપની ટોચની ફૂટબોલ લીગમાં રમનારો સૌપ્રથમ ભારતીય ફૂટબોલર બની ગયો છે.

- **કેમ્પબેલે ૧૦૦ મીટર ફ્રિસ્ટાઈલ સ્વિમિંગમાં વર્લ્ડ રેકોર્ડ તોડ્યો**



ઓસ્ટ્રેલિયન સ્વિમર કેટ કેમ્પબેલે રિયો ઓલિમ્પિક અગાઉ તેની હરિફોને ચેતવણી આપતાં મહિલાઓની ૧૦૦ મીટરની ફ્રિસ્ટાઈલ સ્વિમિંગ ઈવેન્ટમાં સાત વર્ષ જૂનો વર્લ્ડ રેકોર્ડ તોડી નાંખ્યો છે. બ્રિસબેન ગ્રાં પ્રિ સ્વિમિંગ ચેમ્પિયનશીપમાં કેમ્પબેલે આ રેસ માત્ર ૫૨.૦૬ સેન્કડમાં પૂરી કરતાં વર્લ્ડ રેકોર્ડમાં ૦.૦૧ સેકન્ડનો સુધારો કર્યો હતો. અગાઉનો રેકોર્ડ જર્મનીની સ્વિમર બ્રિટા સ્ટેફાનીના નામે હતો, જેણે સાત વર્ષ અગાઉ ૫૨.૦૭ સેકન્ડના સમય સાથે વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો હતો.

- **ફેડરરે ૩૦૭મી ગ્રાન્ડ સ્લેમ મેચ જીતવાનો રેકોર્ડ**

સ્વિત્ઝર્લેન્ડના લેજન્ડરી ટેનિસ સ્ટાર ફેડરરે ક્વાર્ટર ફાઈનલમાં સિલીચ સામેના વિજય સાથે વિમ્બલ્ડનની સેમિ ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે. આ સાથે ફેડરરે ગ્રાન્ડ સ્લેમમાં સૌથી વધુ ૩૦૭મી મેચ જીતીને, ગ્રાન્ડ સ્લેમમાં સૌથી વધુ ૩૦૬ મેચ જીતવાના અમેરિકાની માર્ટિના નવરાતીલોવાના રેકોર્ડને તોડી નાંખ્યો હતો. આ સાથે તેણે ગ્રાસ કોર્ટ પર રમાતી આ ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટમાં ૮૪મો વિજય મેળવીને અહીં સૌથી વધુ મેચ જીતવાના જિમ્મી કોન્નોર્સના રેકોર્ડની બરોબરી કરી લીધી છે.

- **રાઓનિકને હરાવીને મરેએ બીજી વખત વિમ્બલ્ડન ટાઇટલ જીત્યું**

મરેએ કારકિર્દીનું ત્રીજું ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ મેળવ્યું. છેલ્લે ૨૦૧૩માં વિમ્બલ્ડનમાં ચેમ્પિયન બન્યો હતો. બ્રિટનના એન્ડી મરેએ કેનેડાના રાઓનિક સામે ફાઈનલમાં સીધા સેટોમાં ૬-૪, ૭-૬ (૭-૩), ૭-૬ (૭-૨)થી વિજય મેળવતાની સાથે વિમ્બલ્ડન જેન્ટલમેન્સ સિંગલ્સ ટાઇટલ જીતી લીધું હતું.

**મરેના ત્રણ ગ્રાન્ડ સ્લેમ**

૨૦૧૨ : યુએસ ઓપનની ફાઈનલમાં યોકોવિચને ૭-૬(૧૨-૧૦), ૭-૫, ૨-૬, ૩-૬, ૬-૨થી હરાવીને ચેમ્પિયન

૨૦૧૩ : વિમ્બલ્ડનની ફાઈનલમાં યોકોવિચને ૬-૪, ૭-૫, ૬-૩થી હરાવીને ચેમ્પિયન

૨૦૧૬ : વિમ્બલ્ડનની ફાઈનલમાં રાઓનિકને ૬-૪, ૭-૬ (૭-૩), ૭-૬ (૭-૨)થી હરાવીને ચેમ્પિયન

- **ભારત અંડર-૧૭ ફૂટસેલ વર્લ્ડ કપમાં પ્રથમ વખત રમશે**

પારાગ્વેમાં શરૂ થઇ રહેલા અંડર-૧૭ ફૂટસેલ વર્લ્ડ કપમાં ભારત સૌપ્રથમ વખત ભાગ લેશે. ક્રિકેટમાં જેમ ટ્વેન્ટી-૨૦નું ફોર્મેટ છે, તેવી જ રીતે ફૂટબોલમાં સૌથી ટૂંકું અને નવું ફોર્મેટ ફૂટસેલ તરીકે ઓળખાય છે. ફૂટસેલનો અંડર-૧૭ વર્લ્ડ કપ પારાગ્વેમાં રમવાનો છે અને ભારતને આ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે વાઈલ્ડ કાર્ડ આપવામાં આવ્યું છે.

- **ગ્રાફ અને સેરેનાએ કારકિર્દીનું ૨૨મું ગ્રાન્ડસ્લેમ જીત્યું**

અમેરિકાની લેજન્ડરી ટેનિસ ખેલાડી સેરેના વિલિયમ્સે કારકિર્દીનું સાતમું વિમ્બલ્ડન અને ઓવરોલ ૨૨મું ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીતીને ઈતિહાસ રચી દીધો છે. આ સાથે

સેરેનાએ સ્ટેફી ગ્રાફના ૭ વિમ્બલ્ડન અને ૨૨ ગ્રાન્ડ સ્લેમના રેકોર્ડની બરોબરી મેળવી લીધી છે. સ્ટેફી ગ્રાફે કારકિર્દીનું સૌપ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ ૧૭ વર્ષની ઉંમરે ૧૯૮૭માં ફ્રેન્ચ ઓપન જીતવાની સાથે મેળવ્યુ હતુ. સેરેનાએ પણ તેની કારકિર્દીનું પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ૧૯૯૯માં યુએસ ઓપન ખાતે જીત્યું ત્યારે તેની ઉંમર ૧૭ વર્ષની હતી.

- **ગાંધીનગરની કુસ્તીબાજ જ્યોતિએ વર્લ્ડ સ્કૂલ ગેમ્સમાં સિલ્વર જીત્યો**

ગાંધીનગરની ૧૭ વર્ષીય કુસ્તીબાજ જ્યોતિ દશરથ સિસોદીયાએ તુર્કીમાં ચાલી રહેલી વર્લ્ડ સ્કૂલ ગેમ્સ ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ જીતીને ઇતિહાસ રચી દીધો છે. ગુજરાતની કોઈ કુસ્તીબાજે આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં જીતેલો આ સૌપ્રથમ મેડલ છે.

- **ઇન્ટરનેશનલ ઓલિમ્પિયાર્ડમાં ભારતીય ટીમનું નેતૃત્વ એમએસયુના અધ્યાપક કરશે**

એમ.એસ. યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીમાં ફરજ બજાવતા અધ્યાપક જુલાઈ ૧૭ થી ૨૪ દરમિયાન યોજાનારા ઇન્ટરનેશનલ ઓલિમ્પિયાર્ડમાં ભારતની ટીમનું પ્રતિનિધિત્વ કરશે. સાયન્સ અને એસ્ટ્રોનોમી વિષયોના ઓલિમ્પિયાર્ડ માટે નેશનલ સ્ટીયરીંગ કમિટી બનાવવામાં આવી છે. આ કમિટિએ સાયન્સ ફેકલ્ટીના બોટની વિભાગના અધ્યાપક ધર્મેન્દ્ર શાહની બાયોલોજી ઓલિમ્પિયાર્ડમાં ભાગ લેવા જનારી ભારતીય ટીમના નેતૃત્વ માટે સાયન્સ ફેકલ્ટીના બોટની વિભાગના અધ્યાપક ધર્મેન્દ્ર શાહની નિમણૂક કરી છે. આ ઓલિમ્પિયાડ ૧૭ થી ૨૪ જુલાઈ દરમિયાન વિયેટનામ ખાતે યોજાશે.

- **ભારતની જુનિયર સાયકલિંગ ટીમ વર્લ્ડ નંબર વન**

ભારતની મેન્સ જુનિયર સાયકલિંગ ટીમને 'ટીમ સ્પ્રિન્ટ' ઇવેન્ટના વર્લ્ડ રેન્કિંગમાં ટોચનો ક્રમ આપવામાં આવતા ઈતિહાસ રચાયો છે. સાઈકલિંગની સર્વોચ્ચ સંસ્થા - યુનિયન સાયકલીસ્ટે ઇન્ટરનેશનલ (યુસીઆઈ)ના જાહેર થયેલા રેન્કિંગમાં ભારતે ૧૧માં ક્રમથી કુદકો લગાવીને સીધો જ પ્રથમ ક્રમ હાંસલ કરી લીધો હતો.

- **સરદારને હટાવી શ્રીજેશને હોકી ટીમની કમાન**

હોકી ઇન્ડિયાએ રિયો ઓલિમ્પિક માટે પુરુષ અને મહિલા હોકી ટીમની જાહેરાત કરી દીધી છે જેમાં પુરુષ ટીમની કમાન ગોલકીપર પીઆર શ્રીજેશને સોંપાઈ છે જ્યારે છેલ્લા ઘણા સમયથી કેપ્ટનશિપ સંભાળી રહેલા સરદારસિંહને સાઈડલાઈન કરી દેવાયો છે. મહિલા ટીમનું સુકાન સંભાળતી રિતુ રાનીને બહાર કરી દેવાઈ છે અને તેનાં સ્થાને સુશીલા ચાનુને કેપ્ટન અને દીપિકાને વાઈસકેપ્ટન બનાવાઈ છે.

વિશ્વ હોકીના સર્વશ્રેષ્ઠ ગોલકીપર પૈકી એક ગણાતા શ્રીજેશને લંડનમાં યોજાયેલી છ દેશો વચ્ચેની ચેમ્પિયન્સ ટ્રોફી હોકી ટૂર્નામેન્ટમાં કમાન સોંપાઈ હતી. ભારતે સિલ્વર મેડલ જીત્યો હતો. રિતુ રાનીની કેપ્ટનશિપમાં ભારતી મહિલા હોકી ટીમે ૧૯૮૦ બાદ ૩૬ વર્ષમાં પ્રથમ વખત ઓલિમ્પિક માટે ક્વૉલિફાઈ કર્યું હતું. રાની એક દશકથી વધુ સમયથી ભારતીય ટીમમાં સામેલ હતી. મિડ ફિલ્ડની મહત્વપૂર્ણ ખેલાડી રહી હતી.

- **વિજેન્દર એશિયા પેસેફિક સુપર મિડલ વેઇટમાં ચેમ્પિયન**

ડબ્લ્યુબીઓ એશિયા પેસિફિક સુપર મિડલ વેઇટ ટાઇટલ માટેના મુકાબલામાં વિજેન્દરસિંહ ઓસ્ટ્રેલિયાના કેરી હોપને ૯૮-૯૨, ૯૮-૯૨, ૧૦૦-૯૦થી પરાજય આપ્યો હતો. આ જીત સાથે વિજેન્દરે પોતાની અજેય અભિયાનને આગળ વધારતાં સતત સાતમો મુકાબલો જીતી લીધો હતો. એશિયા પેસિફિક સુપર મિડલ વેઇટ ટાઈટલ જીતનાર ભારતનો પ્રથમ બોકસર બન્યો હતો.

- **રોહિત ખંડેલવાલે મિસ્ટર વર્લ્ડનું ટાઇટલ જીત્યું : ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય**

હૈદરાબાદના રોહિત ખંડેલવાલે મિસ્ટર વર્લ્ડ ૨૦૧૬નો ખિતાબ જીતી લીધો છે. છેલ્લા ૨૦ વર્ષથી યોજાઈ રહેલી આ કોન્ટેસ્ટમાં પહેલીવાર કોઈ ભારતીય અને એશિયન વિનર બન્યો છે. મિસ્ટર વર્લ્ડ કોન્ટેસ્ટ યુકેના સાઉથ પોર્ટના ફ્લોરલ હોલમાં આયોજિત કરવામાં આવી હતી. ૨૭ વર્ષના રોહિતે દુનિયાભરમાંથી આવેલા ૪૭ સ્પર્ધોને પછાડી આ સ્પર્ધા જીતી લીધી હતી. તેને ૫૦ હજારડૉલર (આશરે ૩૩ લાખ ૬૦ હજાર રૂપિયા)નું ઇનામ મળશે.

- **મુરલીધરન સહિત ચાર ક્રિકેટર આઈ.સી.સી. હોલ ઓફ ફેમમાં સામેલ**

શ્રીલંકાના મહાન સ્પિનર મુથૈયા મુરલીધરન અને અન્ય ત્રણ ખેલાડીઓને આઈસીસીએ આ વર્ષે હોલ ઓફ ફેમમાં સામેલ કરાશે. આઈસીસી દ્વારા નિવેદનમાં જણાવાયું કે, મુરલીધરન, કૉરેન રોલ્ટન, આર્થર મૉરિસ અને જ્યોર્જ લોમેનને આ વર્ષના અંતે હોલ ઓફ ફેમમાં સામેલ કરાશે. મુરલીધરને ટેસ્ટમાં ૮૦૦, વન-ડેમાં ૫૩૪ અને ટી-૨૦માં ૧૩ વિકેટ ઝડપી છે. લોમેન હોલ ઓફ ફેમમાં સામેલ થનાર ઇંગ્લેન્ડના ૨૭મા ક્રિકેટર છે. મૉરિસ આ સન્માન મેળવનાર ૨૨મા ઓસ્ટ્રેલિયન ક્રિકેટર છે. મહિલા ક્રિકેટર રૉલ્ટન હોલ ઓફ ફેમમાં સામેલ થનાર ઓસ્ટ્રેલિયાની ત્રીજી અને વિશ્વની છઠ્ઠી મહિલા ક્રિકેટર બની છે.

- **શ્રીલંકાના બેટ્સમેન વિઠાંગે પર એક વર્ષનો પ્રતિબંધ**

જાહેર સ્થળે ઝઘડો કરવા બદલ શ્રીલંકન બોર્ડનું આકરું પગલું

# નિમણૂક / રાજીનામુ

- **શાસ્ત્રીએ આઈસીસી ક્રિકેટ સમિતિમાંથી રાજીનામું આપ્યું**

ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ ડાયરેક્ટર રવિ શાસ્ત્રીએ આઈસીસીની ક્રિકેટ સમિતિમાંથી રાજીનામું આપી દીધું છે. આ સમિતિના પ્રમુખ અનિલ કુંબલે છે. શાસ્ત્રી આઈસીસી સાથે મીડિયા પ્રતિનિધિ તરીકે જોડાયા હતા.

- **કાર્કી હવે નેપાળનાં પહેલાં મહિલા ચીફ જસ્ટિસ બનશે**

નેપાળનાં પહેલાં મહિલા ચીફ જસ્ટિસ સુશીલા કાર્કી બનશે. અત્યારે તે કાર્યવાહક ચીફ જસ્ટિસ છે. તે આગામી સપ્તાહે ચીફ જસ્ટિસનો હોદ્દો સંભાળશે. નેપાળની સંસદીય સુનાવણીની વિશેષ સમિતિએ તેમના નામ પર મંજૂરીની મહોર લગાવી દીધી છે.

- **ગ્રિઝમેન યુરો ૨૦૧૬નો સર્વશ્રેષ્ઠ ખેલાડી**

યજમાન ફ્રાન્સના સ્ટાર ખેલાડી તથા સર્વાધિક ગોલ સ્કોરર રહેલા એન્ટોની ગ્રિઝમેનને તાજેતરમાં રમાયેલા યુરો કપ ફૂટબોલ ટૂર્નામેન્ટમાં તેના શાનદાર પ્રદર્શન બદલ સર્વશ્રેષ્ઠ પ્લેયર તરીકે પસંદ કરવામાં આવ્યો છે. ચેમ્પિયન પોર્ટુગલની ટીમના રુઈ પેટ્રિસિયોને સર્વશ્રેષ્ઠ ગોલકીપરનો એવોર્ડ અપાયો છે.

ગ્રિઝમેનને સર્વાધિક ગોલ કરવા બદલ યુરોપિયન ફૂટબોલ ફેડરેશને સર્વશ્રેષ્ઠ પ્લેયરનું સન્માન આપ્યું છે. આ ઉપરાંત ગ્રિઝમેનને સર્વશ્રેષ્ઠ મિડફિલ્ડરોમાં પણ સામેલ કરાયો છે. જોકે ગ્રિઝમેન ફાઈનલમાં પોતાની ટીમને વિજય અપાવી શક્યો નહોતો અને ફ્રાન્સનો ૧-૦થી પરાજય થયો હતો.

- **પાટડીના અગરિયાઓ પર લખાયું 'સોલ્ટ ઓફ ધ વર્લ્ડ' પુસ્તક**

ગુજરાત એ દેશના કુલ મીઠાના ઉત્પાદનનું ૭૦ ટકા મીઠુ પકવે છે અને અંદાજે એક લાખ અગરિયાઓ રણમાં મીઠું પકવે છે. ત્યારે દક્ષિણ કોરિયાના નેશનલ ફોક મ્યુઝીયમ દ્વારા સોલ્ટ ઓફ ધ વર્લ્ડ શીર્ષક હેઠળ રણમાં મીઠું પકવતા પછાત અને ગરીબ અગરિયોની જિંદગીને નેશનલ ફોક મ્યુઝીયમ કોરિયામાં સમાવી ૭ દેશોની મીઠાની ખારાશને આવરી લેતું પુસ્તક તૈયાર કર્યું છે.

રણમાં અગરિયાઓની મીઠું પકવવાની શૈલી અને કરમ કહાણીથી પ્રભાવિત થઈને ૨૦ ફેબ્રુઆરી ૨૦૧૫ થી ૩ માર્ચ ૨૦૧૫ સુધી ૧૨ દિવસના પ્રવાસે દક્ષિણ કોરિયાના નેશનલ ફોક મ્યુઝીયમની આખી ટીમ ખારાઘોડાનું રણ ખુંદવા આવી હતી. જેમાં રણમાં વર્ષોથી પરંપરાગત રીતે મીઠુ પકવતા અગરિયાઓની જીવનશૈલી રણમાં અગરિયા ભૂલકાઓની શિક્ષણ કપરી પરિસ્થિતિ અને મીઠાના વેપારીઓની ઝીણવટભરી માહિતી મેળવી હતી. દક્ષિણ કોરિયાના જંગયાન હક અને હાય રાઉંગ યોર્ક દ્વારા ૩૩૩ પાનાનું સોલ્ટ ઓફ વર્લ્ડ નામનું રણમાં મીઠુ પકવતા અગરિયાઓના ફોટા સાથેનું અનોખું પુસ્તક તૈયાર કરી કોરીયામાં ૨૪ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ પ્રકાશિત કરવામાં આવ્યું હતુ.

દક્ષિણ કોરિયાના નેશનલ ફોક મ્યુઝીયમ દ્વારા છેલ્લા બે વર્ષથી સોલ્ટ ઓફ ધ વર્લ્ડ અંતર્ગત દુનિયાભરના સાત દેશોના મીઠા ઉદ્યોગ પર ઝીણવટભર્યો અભ્યાસ કરાયો હતો. વર્ષ ૨૦૧૬માં આખો રિપોર્ટ તૈયાર કરી ૨૦૧૭માં મીઠા પર વર્લ્ડ એક્ઝિબિશન યોજાશે.

- **રાજ્યસભામાંથી સિદ્ધુનું રાજીનામું**

પંજાબમાં આગામી વર્ષની શરૂઆતમાં થનારી વિધાનસભાની ચૂંટણી પૂર્વે નવજોતસિંહ સિદ્ધુએ રાજ્યસભાના સાંસદ પદેથી રાજીનામું આપતા ભાજપને મોટો ફટકો પડ્યો છે.

- **રેલવે બોર્ડના ચેરમેન મિત્તલને બે વર્ષનું એક્સટેન્શન**

કેબિનેટની એપોઈન્ટમેન્ટ્સ કમિટીએ રેલવે બોર્ડના ચેરમેન એ. કે. મિત્તલની બે વર્ષ માટે પુનઃ નિયુક્તિને મંજૂરી આપી છે. મિત્તલ ૩૧ જુલાઈએ નિવૃત્ત થવાના હતા.

- **ભાજપના સાંસદ અનુરાગ ઠાકુર લેફ્ટેનન્ટ બન્યા**

ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરે ટેરિટોરિઅલ આર્મી (પ્રાદેશિક સૈન્ય)ના ઓફિસર તરીકે નવી ઈનિંગની શરૂઆત કરી છે. ૪૧ વર્ષીય લેફ્ટેનન્ટ અનુરાગ ઠાકુરને શુક્રવારે આર્મીના વડા જનરલ દલબીર સુહાગ દ્વારા ટેરિટોરીયલ આર્મીમાં નિયમિત અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

- **ચીફ સેક્રેટરી તરીકે જે. એન. સિંઘ**

રાજ્યના ૨૮મા ચીફ સેક્રેટરી તરીકે રાજ્ય સરકારે નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ અને ૧૯૮૩ બેચના આઈએએસ ઓફિસર જે. એન. સિંઘની નિમણૂક કરી છે. મુખ્ય સચિવ જી. આર. અલોરિયા નિવૃત્ત થતાં જે. એન. સિંઘે ચીફ સેક્રેટરી તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો.

- **ભારતના પૂર્વ રાજદ્વારી ઓસ્ટ્રેલિયન યુનિ.ના ભારત ખાતેના વડા નિમાયા**

ઓસ્ટ્રેલિયાની ખ્યાતનામ શિક્ષણ સંસ્થા યુનિવર્સિટી ઓફ ન્યુ સાઉથ વેલ્સે પૂર્વ ભારતીય રાજદ્વારી અને લેખક અમિત દાસ

ગુપ્તાને તેમના ભારતના પ્રથમ ડાયરેક્ટર બનાવ્યા છે.

- **એરપોર્ટ ઓથોરિટી ઇન્ડિયાના ચેરમેન તરીકે ડો. મહાપાત્રા**

ગુજરાતના વધુ એક આઈએએસ અધિકારીને મોટા પોસ્ટિંગથી નવાજવામાં આવ્યા છે. ડૉ. ગુરુપ્રસાદ મહાપાત્રને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરમેન બનાવાયા છે. કેન્દ્રના ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ દ્વારા આ નિમણૂક જાહેર થઈ છે.

ગુજરાત કેડરના ૧૯૮૬ બેચના સનદી અધિકારી એવા ડૉ. ગુરુપ્રસાદ મહાપાત્ર અત્યાર સુધી કેન્દ્રના વાણિજ્ય મંત્રાલયમાં જોઈન્ટ સેક્રેટરી પદે હતા. તેઓ ઑક્ટોબર, ૨૦૧૪થી કેન્દ્રીય ડેપ્યુટેશન ઉપર છે અને ત્યારથી તેઓ કેન્દ્રના અતિ મહત્ત્વના વાણિજ્ય મંત્રાલયમાં મૂકાયા હતા. એ અગાઉ તેઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કમિશનર પદે હતા.

- **જીપીસીબીના ચેરમેન પદનો ચાર્જ ડાગુરને સોંપાયો**

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ - જીપીસીબીના ચેરમેન પદનો હંગામી ચાર્જ વન-પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ. એસ. ડાગુરને સોંપાયો છે. અત્યાર સુધી આ પદભાર અગ્રસચિવ પૂનમચંદ પરમાર પાસે હતો. જેમની બદલી શહેરી વિકાસ વિભાગમાં ગયા મહિને થયાં છતાં જીપીસીબીની જવાબદારી તેમની પાસે ચાલુ રખાઈ હતી. હવે વિધિવત્ જીપીસીબીના ચેરમેન તરીકેની વધારાની કામગીરી એમ. એસ. ડાગુરને સોંપવામાંઆવી છે.

# ● મોદી કેબિનેટ

વડાપ્રધાન મોદી પાસેના ખાતાં : પર્સનલ, પબ્લિક એન્ડ પેન્શન ગ્રિવન્સિસ, એટોમિક એનર્જી, સ્પેસ, તમામ મહત્ત્વના પોલિસી ઈશ્યૂઝ અને અન્ય કોઈ મંત્રીઓને એનાયત ન થયેલા તમામ પોર્ટફોલિયો.

**કેબિનેટ પ્રધાન**

રાજનાથસિંહ -------------------------- ગૃહમંત્રાલય
સુષ્મા સ્વરાજ -------------------------- વિદેશી બાબતો
અરુણ જેટલી -------------------------- નાણાં, કોર્પોરેટ બાબતો
વેંકૈયા નાયડુ -------------------------- શહેરી વિકાસ, માહિતી અને પ્રસારણ
નીતિન ગડકરી -------------------------- રોડ અને ટ્રાન્સપોર્ટ, શીપિંગ
મનોહર પારિકર -------------------------- સંરક્ષણ
સુરેશ પ્રભુ -------------------------- રેલવે
સદાનંદ ગૌવડા -------------------------- સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન
ઉમા ભારતી -------------------------- વોટર રિસોર્સ, રિવર ડેવલોપમેન્ટ
નજમા હેપતુલ્લા -------------------------- લઘુમતી બાબતો
રામવિલાસ પાસવાન -------------------------- કન્ઝ્યુમર અફેર્સ, ફુડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન
કલરાજ મિશ્રા -------------------------- નાના-મધ્યમ ઉદ્યોગો
મેનકા ગાંધી -------------------------- મહિલા અને બાળ વિકાસ
અનંતકુમાર -------------------------- કેમિકલ અને ખાતર, સંસદીય બાબતો
રવિશંકર પ્રસાદ -------------------------- કાયદો અને ન્યાય, ઈલેક્ટ્રોનિક એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી
જગતપ્રકાશ નડ્ડા -------------------------- હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર
અશોક ગજપતિ રાજુ -------------------------- સિવિલ એવિયેશન
અનંત ગીતે -------------------------- હેવી ઈન્ડસ્ટ્રી એન્ડ પબ્લિક એન્ટરપ્રાઈઝ
હરસીમરત કૌર બાદલ -------------------------- ફુડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ
નરેન્દ્રસિંહ તોમર -------------------------- રૂરલ ડેવલપમેન્ટ

ASTHA ACADEMY Mo.: 8980961441

ચૌધરી બિરેન્દ્રસિંહ --------------------- સ્ટીલ

જુવાલ ઓરમ ------------------------- ટ્રાઈબલ અફેર્સ

રાધામોહનસિંહ ------------------------ એગ્રિકલ્ચર એન્ડ ફાર્મર વેલ્ફેર

થાવરચંદ ગેહલો ----------------------- સોશિયલ જસ્ટિસ એન્ડ એમ્પાવરમેન્ટ

સ્મૃતિ ઝુબીન ઈરાની ------------------- ટેક્સટાઈલ

ડૉ. હર્ષવર્ધન --------------------------- સાયન્સ એન્ડ ટેકનોલોજી, અર્થ સાયન્સિસ

પ્રકાશ જાવડેકર ------------------------ હ્યુમન રિસોર્સ ડેવલોપમેન્ટ

**રાજ્યમંત્રી**

રાવ ઈન્દ્રજિતસિંહ --------------------- પ્લાનિંગ (ઈન્ડિપેન્ડન્ટ ચાર્જ) અર્બન ડેવલપમેન્ટ, હાઉસિંગ એન્ડ અર્બન પોવર્ટી એલિવેશન

બંદારુ દત્તાત્રેય ------------------------ લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ (ઈન્ડિપેન્ડન્ટ ચાર્જ)

રાજીવપ્રતાપ રૂડી ---------------------- સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રિન્યોરશિપ (ઈન્ડિપેન્ડન્ટ ચાર્જ)

વિજય ગોયલ ------------------------- યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ (ઈન્ડિપેન્ડન્ટ ચાર્જ) વોટર રિસોર્સ, રિવર ડેવલપમેન્ટ એન્ડ ગંગા રિજુવેનેશન

શ્રીપાદ નાઈક -------------------------- આયુષ (ઈન્ડિપેન્ડન્ટ ચાર્જ)

ધર્મેન્દ્ર પ્રધાન ------------------------- પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ (ઈન્ડિપેન્ડન્ટ ચાર્જ)

પીયૂષ ગોયલ ------------------------- પાવર (ઈન્ડિપેન્ડન્ટ ચાર્જ), કોલ (ઈન્ડિપેન્ડન્ટ ચાર્જ), ન્યૂ એન્ડ રિન્યુએબલ એનર્જી (ઈન્ડિપેન્ડન્ટ ચાર્જ), માઈન્સ (ઈન્ડિપેન્ડન્ટ ચાર્જ)

જિતેન્દ્રસિંહ ---------------------------- ડેવલપમેન્ટ ઓફ નોર્થ ઈસ્ટન રિજન (ઈન્ડિપેન્ડન્ટ ચાર્જ), પ્રાઈમ મિનિસ્ટર ઓફિસ, પર્સોનલ, પબ્લિક ગ્રિવન્સીસ એન્ડ પેન્શન, ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી, ડીપાર્ટમેન્ટ ઓફ સ્પેસ

નિર્મલા સીતારામન -------------------- કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડિપેન્ડન્ટ ચાર્જ)

મહેશ શર્મા ----------------------------- કલ્ચરલ (ઈન્ડિપેન્ડન્ટ ચાર્જ), ટૂરિઝમ (ઈન્ડિપેન્ડન્ટ ચાર્જ)

મનોજસિંહા---------------------------- કોમ્યુનિકેશન (ઈન્ડિપેન્ડન્ટ ચાર્જ), રેલવે

અનિલ દવે ---------------------------- એન્વાયરમેન્ટ, ફોરેસ્ટ એન્ડ ક્લાયમેન્ટ ચેન્જ (ઈન્ડિપેન્ડન્ટ ચાર્જ)

જનરલ વી. કે. સિંહ ------------------ એક્સટર્નલ અફેર્સ

સંતોષકુમાર ગંગવાર ------------------ ફાઈનાન્સ

ફગ્ગનસિંહ કુલસ્તે -------------------- હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર

મુખ્તાર અબ્બાસ નકવી ----------------- માઈનોરિટી અફેર્સ, પાર્લામેન્ટરી અફેર્સ

એસ. એસ. અહલુવાલિયા -------------- એગ્રિકલ્ચરલ એન્ડ ફાર્મર વેલ્ફેર પાર્લામેન્ટરી અફેર્સ

રામદાસ આઠવલે ---------------------- સોશિયલ જસ્ટિસ એન્ડ એમ્પાવરમેન્ટ

રામક્રિપાલ યાદવ ---------------------- રૂરલ ડેવલપમેન્ટ

હરીભાઈ ચૌધરી ----------------------- માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝ

ગિરિરાજસિંહ ------------------------- માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝ

હંસરાજ આહીર ------------------------ હોમ અફેર્સ

જી.એમ. સિદ્ધેશ્વરા -------------------- હેવી ઈન્ડસ્ટ્રી એન્ડ પબ્લિક એન્ટરપ્રાઈઝ

રમેશ જીગજીનાગી -------------------- ડ્રિંકિંગ વોટર એન્ડ સેનિટેશન

રાજેન ગોહેન -------------------------- રેલવે

ASTHA ACADEMY Mo.: 8980...441

પુરુષોત્તમ રૂપાલા ----------------------- એગ્રિકલ્ચર એન્ડ ફાર્મર વેલ્ફેર, પંચાયતી રાજ
એમ. જે. અકબર ----------------------- એક્સટર્નલ અફેર્સ
ઉપેન્દ્ર કુશવાહા ------------------------- હ્યુમન રિસોર્સ ડેવલોપમેન્ટ
રાધાકૃષ્ણન પી. ------------------------- રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે, શિપિંગ
કિરણ રિજીજુ --------------------------- હોમ અફેર્સ
કૃષ્ણપાલ ------------------------------- સોશિયલ જસ્ટિલ એન્ડ એમ્પાવરમેન્ટ
જસવંતસિંહ ભાભોર -------------------- ટ્રાઈબલ અફેર્સ
સંજીવ બલયાન ------------------------- વોટર રિસોર્સ, રિવર ડેવલપમેન્ટ એન્ડ ગંગા રિજુવેનેશન
વિષ્ણુદેવ સાંઈ -------------------------- સ્ટીલ
સુદર્શન ભગત ------------------------- એગ્રિકલ્ચરલ એન્ડ ફાર્મર વેલ્ફેર
વાય. એસ. ચૌધરી ---------------------- સાયન્સ એન્ડ ટેકનોલોજી, અર્થસાયન્સ
જયંત સિંહા ----------------------------- સિવિલ એવિયેશન
રાજ્યવર્ધન સિંહ રાઠોડ ----------------- ઈન્ફોર્મેશન એન્ડ બ્રોડકાસ્ટિંગ
બાબુલ સુપ્રિયો ------------------------- અર્બન ડેવલોપમેન્ટ, હાઉસિંગ એન્ડ અર્બન પ્રોવર્ટી એલિવેશન
સાધ્વી નિરંજના જ્યોતિ ----------------- ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ
વિજય સપલા --------------------------- સોશિયલ જસ્ટિસ એન્ડ એમ્પાવરમેન્ટ
અર્જુન રામ મેઘવાલ -------------------- ફાઈનાન્સ, કોર્પોરેટ અફેર્સ
મહેન્દ્રનાથ પાંડે ------------------------- હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ
અજય ટમટા ---------------------------- ટેકસ્ટાઈલ
ક્રિષ્ણારાજ ------------------------------ વિમેન એન્ડ ચાઈલ્ડ ડેવલોપમેન્ટ
મનસુખ માંડવીયા --------------------- રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે, શિપિંગ, કેમિકલ એન્ડ ફર્ટીલાઈઝર્સ
અનુપ્રિયા પટેલ ------------------------- હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર
સી.આર.ચૌધરી ------------------------ કન્ઝ્યુમર અફેર્સ, ફૂડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન
પી. પી. ચૌધરી ------------------------ લૉ એન્ડ જસ્ટિસ, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફરમેશન ટેકનોલોજી
સુભાષ ભામરે -------------------------- ડિફેન્સ

ASTHA Academy
Mo. : 8980961441

# નિધન

## ● કોંગ્રેસના પૂર્વ મંત્રી કાસમ બાપુનું નિધન

સ્વાતંત્ર્યસેનાની, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના સ્થાપક, પ્રમુખ અને ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી કાસમ બાપુ તિરમિઝીનું ૮૫ વર્ષની વયે અવસાન થયું હતુ.

ગાંધીનગર તાલુકાના લીંબડિયા ગામના તેઓ વતની હતા. ૧ જાન્યુઆરી ૧૯૩૧માં જન્મેલા તેઓ બાપુ તરીકે જાણીતા હતા. સ્વ. કાસમ બાપુ ૧૯૮૦થી ૧૯૯૦ સુધી વિધાનસભામાં ચૂંટાયા હતા અને તેમણે ગુજરાત સરકારમાં કૃષિ, પંચાયત, સમાજ કલ્યાણ, ડેરી, મત્સ્ય ઉદ્યોગ ખાતાના મંત્રી તરીકે સેવાઓ આપી હતી.

## ● પાકના 'મધર ટેરેસા' અબ્દુલ સત્તાર ઇદ્‌હીનું અવસાન

પાકિસ્તાનના સમાજસેવક અને ઈદ્‌હી ફાઉન્ડેશનના સંસ્થાપક અબ્દુલ સત્તાર ઈદીનું નિધન થઈ ગયું છે. તેઓ ૮૮ વર્ષના હતા. ઈદ્‌હી મૂળ જૂનાગઢ જિલ્લાનાં માણાવદર તાલુકાનાં બાંટવા ગામે જન્મેલા હતા. બાંટવામાં રહેતા હતા ત્યારે પણ તેમનાં સેવાકીય કાર્યોને લઈ 'રોટી'નાં હુલામણા નામથી જાણીતા હતાં. ૧૯૪૭માં પાકિસ્તાન ગયા બાદ ત્યાં પણ સેવાની જ્યોત ચાલુ રાખી હતી.

## ● હોકી લિજેન્ડ શાહિદનું નિધન

ભારતીય હૉકી દિગ્ગજ મોહમ્મદ શાહિદનું નિધન થયું હતું. ૫૬ વર્ષીય શાહિદને ચાલુ મહિનાની શરૂઆતમાં જોન્ડિસ તથા ડેન્ગ્યુના કારણે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. પોતાના ડ્રિબ્લિંગ કૌશલ માટે મશહૂર રહેલા શાહિદ ભારતના મહાન ખેલાડીઓમાં સામેલ હતા. તેઓ ૧૯૮૦માં મોસ્કો ઓલિમ્પિકમાં ગોલ્ડ જીતનારી ભારતીય ટીમના સભ્ય હતા. તેઓ દિલ્હી એશિયન ગેમ્સ ૧૯૮૨ની સિલ્વર મેડલ વિજેતા તથા ૧૯૮૬ની સિઓલ એશિયાડમાં બ્રોન્ઝ જીતનાર ટીમના સભ્ય હતા. તેમને ૧૯૮૦-૮૧માં અર્જુન તથા ૧૯૮૬માં પદ્મશ્રી એવોર્ડ મળ્યો હતો.

## ● ૬૭ વર્ષથી બાબરી મસ્જિદના પક્ષકાર રહેલા હાશિમ અન્સારીનું નિધન

અયોધ્યામાં બાબરી મસ્જિદના પક્ષમાં રહેલા હાશિમ અન્સારીનું નિધન થયું છે. ૯૪ વર્ષના હાશિમ મસ્જિદ માટે ૧૯૪૯થી લડાઈ લડી રહ્યા હતા. પહેલાં પરમહંસ રામચન્દ્ર દાસ રામમંદિર માટે લડાઈ લડ્યા. પછી મહંત જ્ઞાનદાસે મોરચો સંભાળ્યો, પરંતુ અન્સારી સાથે તેમની મિત્રતા જળવાઈ રહી.

## ● બિંદુથી બ્રહ્માંડ રચનારા રઝા શૂન્યમાં વિલીન

બિન્દુ ચિત્ર શૈલીના વિખ્યાત ચિત્રકાર સૈયદ રઝા હવે આપણી વચ્ચે નથી. તેમનું તા. ૨૪ જુલાઈએ નવી દિલ્હીની હોસ્પિટલમાં ૯૪ વર્ષની વયે નિધન થઈ ગયું છે. તેમનો જન્મ મધ્યપ્રદેશના મંડલા જિલ્લામાં ૨૨ ફેબ્રુઆરી, ૧૯૨૨માં થયો હતો. ૬૦ વર્ષ સુધી ફ્રાંસમાં રહ્યા બાદ તેઓ ૨૦૧૧માં ભારત પરત ફર્યા હતા. ૧૨ વર્ષની વયે બ્રશ ઉપાડનારા રઝા ૯૩ વર્ષની વયે પણ કેનવાસમાં રંગો ભરતા હતા.

૨૦૧૦માં પેઈન્ટીંગ 'સૌરાષ્ટ્ર' ૧૬.૪૨ કરોડમાં વેચાયું હતું. તે ક્રિસ્ટી ઓકશન હાઉસે ખરીદ્યું હતું.

## ● ક્રિકેટના પિતામહ કે. આર. દેસાઈનું વલસાડમાં નિધન

વલસાડમાં બલસાર ડિસ્ટ્રીકટ એસોસિએશન સરદાર પટેલ સ્ટેડિયમનાં સ્થાપક તેમજ જિલ્લામાં ક્રિકેટને પ્રોત્સાહન સહિત ક્રિકેટની પ્રવૃત્તિનો મૂળ પાયો નાંખનાર કે. આર. દેસાઈનું ૮૪ વર્ષની જૈફ ઉંમરે તા. ૨૪ જુલાઈના રોજ તેમના નિવાસ સ્થાને નિધન થતાં ક્રિકેટ પ્રેમીઓમાં આઘાતની લાગણી ફરી વળી હતી. તેઓ ક્રિકેટનાં પિતામહ ગણાતા અને કાકાનાં હુલામણાં નામથી ઓળખાતા કાંતિલાલ રણછોડજી દેસાઈનો જન્મ મોરાભાગડામાં ૨૭ જાન્યુઆરી ૧૯૩૨માં થયો હતો.

## ● મહાશ્વેતા દેવીનું નિધન

તમે તેમને ચાહો 'હુજાર ચૌરાસીની મા' કહો કે વંચિતો, આદિવાસીઓ અને દલિતોનો અવાજ કે પછી શરોની માતા. મહાશ્વેતા દેવીની અંદર તો આગ ભરેલી હતી. જે વંચિતો, દલિતો માટે હતી. તેઓ કહેતાં પણ હતાં કે મારી અંદરઆદિવાસીઓ માટે પીડાની જે જ્વાળા લાંબા સમયથી ભભૂકી રહી છે, તે ચિતા પર જ શાંત થશે.

૧૪ જાન્યુઆરી ૧૯૨૬ના રોજ ઢાકામાં જન્મેલાં મહાશ્વેતાની મૂળ વિદ્યા કવિતા જ હતી. પણ ૧૯૫૬માં 'ઝાંસી કી રાની' એ તેમને કથાકાર બનાવી દીધાં. તેમણે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું પણ હતું કે 'ઝાંસી કી રાની' લખ્યા બાદ જ સમજી શકી હતી કે કથાકાર બનીશ. આ પુસ્તક ચિરંજીવી હતું. તે માત્ર કલમકારની કલ્પના જ ન હતી, પણ સત્યનો અરીસો હતો. તેને તેમણે સાગર, જબલપુર, પૂણે, ઈન્દોર, લલિતપુરનાં જંગલો, ઝાંસી, ગ્વાલિયર, કાલપીમાં થયેલી તે તમામ ઘટનાઓ સાથે રાખીને લખ્યું હતું, જે ૧૮૫૭ના સંગ્રામ દરમિયાન થઈ હતી. તેમની ઘણીખરી રચનાઓના આધારે ફિલ્મો પણ બનાવાઈ હતી.

ગોવિંદ નિહલાનીએ ૧૯૯૮માં 'હજાર ચૌરાસી કી મા' બનાવી. તેમાં એવી માતાનો ભાવનાત્મક સંઘર્ષ છે જે નક્સલ આંદોલનમાં દીકરાના જોડાવાનું કારણ સમજી શકતી નથી. ૧૯૯૩માં કલ્પના લાઝમીએ નવલકથા 'રૂદાલી' પર તે નામે ફિલ્મ બનાવી હતી. ઇટાલિયન નિર્દેશક ઇતાલો સ્પિનેલીએ તેમની લઘુકથા 'ચોલી કે પીછે'ના આધારે 'ગંગૂર' નામે ફિલ્મ બનાવી હતી. ૧૯૭૯માં તેમને સાહિત્ય અકાદમી એવૉર્ડ મળ્યો હતો.

- **લચ્છુ મહારાજનું નિધન**

તબલાંવાદક લક્ષ્મી નારાયણ સિંહ ઉર્ફે લચ્છુ મહારાજ. સ્વાભિમાની અને અક્કડ. ક્યારેય કોઈના કહેવા પર તબલા નહોતાં વગાડ્યાં. જ્યારે મન થયું, ત્યારે જ આંગળી ચલાવી. તેઓ હતા તો બનારસ ઘરાનાના, પણ વિશેષતા એ હતી કે ચારેય ઘરાનાના તાલ એક કરી લેતા હતા. ૮ વર્ષની વયે મુંબઈના એક કાર્યક્રમમાં તબલાં વગાડી રહ્યા હતા ત્યારે પ્રખ્યાત તબલાંવાદક નવાઝ એહમદ જાન થિરકવાએ કહ્યું હતું કે કદાચ લચ્છુ મારો દીકરો હોત. ફિલ્મ અભિનેતા ગોવિંદા લચ્છુ મહારાજનો ભાણિયો છે.

જ્યારે ગાયક શમશેર અલી સહિત અનેક નામાંકિત કલાકાર તેમના શિષ્ય છે. લચ્છુ મહારાજે પદ્મશ્રી લેવાનો ઈન્કાર કરી દીધો હતો. કહેતા હતા શ્રોતાઓની વાહ અને તાળીઓનો ગડગડાટ જ કલાકારનું પારિતોષિક હોય છે.

- **ભારતીય હોકીના લેજન્ડરી સુપરસ્ટાર મોહમ્મદ શાહિદનું નિધન**

ભારતીય હોકીના લેજન્ડરી સુપરસ્ટાર અને 'ચુંબકીય ડિબલિંગ'ને કારણે વિશ્વભરમાં લોકપ્રિય બનેલા મોહમ્મદ શાહિદનું લીવર અને કિડનીની બીમારીને કારણે ૫૬ વર્ષની વયે નિધન થયુ હતુ. ૧૯૮૦ના મોસ્કો ઓલિમ્પિકમાં ભારતને હોકીનો ગોલ્ડ જીતાડવામાં શાહિદની ભૂમિકા મહત્ત્વની રહી હતી. તેમની અને ઝફર ઇકબાલની જુગલ જોડીએ દુનિયાભરના ડિફેન્ડરો અને ગોલકિપરોને પરેશાન કરી દીધા હતા. તેઓ ભારતીય રેલવેમાં સ્પોર્ટ્સ ઓફિસર પણ હતા.

- **પ્રેટી વુમન, રનઅ વે બ્રાઈડના ડિરેક્ટર ગેરી માર્શલનું અવસાન**

પ્રેટી વુમન, રનઅ વે બ્રાઈડ, વેલેન્ટાઈન્સ ડે સહિતની અનેક યાદગાર ફિલ્મો આપનારા ડિરેક્ટર ગેરી કેન્ટ માર્શલનું મંગળવારે અવસાન થયું હતું. ૮૧ વર્ષના ગેરી તેમના બર્બાંક સ્થિત હોસ્પિટલે હતા, ત્યાં જ તેમનું અવસાન થયું હતું. ૧૯૬૦થી લઈને છેવટ સુધી સક્રિય રહેલા માર્શલ ડિરેક્ટર ઉપરાંત એક્ટર, પ્રોડ્યુસર, રાઈટર વોઈસ આર્ટિસ્ટ અને કોમેડિયન પણ હતા.

- **વિખ્યાત ગાયિકા મુબારક બેગમનું મુંબઈમાં નિધન**

એક સમયે લાખો લોકોના મનમાં વસેલ પાર્શ્વ ગાયિકા મુબારક બેગમનું લાંબી બીમારી બાદ સોમવારે મોડી રાતે મુંબઈમાં તેમના જોગેશ્વરી ખાતેના નિવાસસ્થાને જ નિધન થઈ ગયું હતું. તેઓ ૮૦ વર્ષના હતા. મુબારક બેગમે મુખ્ય રીતે ૧૯૫૦ થી ૧૯૭૦ સુધી દશક વચ્ચે બોલિવૂડ માટે સેંકડો ગીત ગાયા હતા જે માટે તેમને આજે પણ યાદ કરવામાં આવે છે. ૧૯૬૧માં આવેલી 'હમારી યાદ આયેગી'માં ગાયેલું ગીત કભી 'તન્હાઈયોં મેં હમારી યાદ આયેગી'ને લોકોએ ખુબ પસંદ કર્યું હતું.

ASTHA Academy Mo.: 8866...